પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

## ॥ ૩૫ ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

## કણઠે વિશુદ્ધિ-ચક્ર પંચપદ




ચઉવીસદેવ-જિણજણણિ ણક્ખત્તજક્ખિણિપવિત્તપત્તમ્મિ |
કંઠે વિસુદ્ધચક્કે, ઝાએમિ સયાવિ જિણસત્તિં ||

વિશુદ્ધિચક્ર જે કંઠમાં છે અને જેના ૨૪ પત્રો છે,
તેમાં ૨૪ તીર્થંકરો, તેમની ૨૪ માતાઓ, તેમના ૨૪ યક્ષો -
૨૪ યક્ષિણીઓ તથા કર્ણિકામાં જિનશક્તિ 'अर्हं नमः' છે,
તેનું હું સદા ધ્યાન ધરું છું.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૩૫॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

☐ **HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

☐ **VOLUME - 35**

September 2020
300 Copies / 224 Pages
For Private Circulation only.

☐ **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

☐ **SPONSOR**

Shri C. K. Mehta
Mumbai

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

☐ **SHRI AARADHNA DHAM JAIN TIRTH**

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


☐ **ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# પાંચ દાયકાઓ સુધી નિરંતર લખાતી રહેલી ઉત્કૃષ્ટ ધર્મદેશના...



અધ્યાત્મભાવનાં ચાહક-આરાધક આત્માઓને જેમ જેમ ઉત્તરોત્તર ખબર પડતી જાય છે કે અધ્યાત્મયોગીશ્રી પંન્યાસજી ભગવંતના 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથોમાં સાહેબજીના સ્વહસ્તે લિખિત ડાયરીઓના ચિંતનો તેમના જ હસ્તાક્ષરમાં પ્રકટ થઈ રહ્યા છે, તેમ તેમ તેઓની ગ્રંથો મેળવવા માટેની નમ્ર માંગણી આવતી જાય છે અને તેઓ પાસે આ ગ્રંથરત્નો પહોંચતાની સાથે જે તેઓના પ્રતિભાવો આવે છે, જે વાંચતા એમ જ થાય કે પ્રભુ મહાવીર... જેમ છેલ્લે છેલ્લે ૧૬ પ્રહર અવિરત દેશના આપીને જગતના જીવો ઉપર અનહદ-અપરંપાર-અવિરત કૃપા વરસાવતા ગયા છે, તેમ પૂજ્યપાદ્ પંન્યાસજી ભગવંત પણ પત્રો - લેખો - ચિંતનો - અનુપ્રેક્ષાઓ તથા આ રરજ રોજનીશી લેખન દ્વારા સ્વનું તો કલ્યાણ કરતા જ ગયા પણ તે સર્વ થકી આજે પરનું કલ્યાણ પણ સહજ ભાવે થતું જાય છે.

હમણાં તેઓની એક રોજનીશી જોઈ. તેમાં નાણા તીર્થમાં જીવિત મહાવીરસ્વામી ભગવાનની છત્રછાયામાં જેઠ સુદ પૂનમના દિવસે આંતરિક આરાધનાનાં વિકાસ અંગે તેઓશ્રીને જે સ્ફૂરણાઓ થયેલી, તે કેટલી ઉંચાઈભરી છે, તે ખ્યાલ આવે છે. તેઓનું આત્મદળ કેટલી હદે આત્મદર્શી હશે, તે નીચેના લખાણથી સ્પષ્ટ અનુભવાય છેઃ

(૧) અનુભવદશામાં ઝૂલતા અપ્રમત્ત યોગીઓના વિરહમાં તેઓ જેવી દશા પ્રગટાવવા માટે તેઓના ગ્રંથોનું નિરંતર વાંચન-મનન કરવું. વળી ધ્યાન કરતી વખતે પણ તે યોગીઓનું સ્મરણ કરવાથી ખૂબ સહાયતા મળે છે, આરાધનામાં વેગ આવે છે તથા ધ્યાનમાં તન્મયતા થતાં અનુક્રમે સમાધિદશા પ્રગટે છે.

(૨) પૂજ્યશ્રી હરિભદ્રસૂરિજીનાં ગ્રંથોઃ યોગબિન્દુ, ષોડશક યોગશાસ્ત્ર, ૧૨મો પ્રકાશ વગેરે તથા શ્રીમદ્ આનંદઘનજી તથા શ્રીમદ્ દેવચંદ્રજી કૃત ચોવીસીઓમાંથી પણ એક એક સ્તવનના ભાવનું - રહસ્યાર્થનું રોજ ચિંતવન કરી ધ્યાન વખતે તે તે પદાર્થોના અવલંબનથી અનુક્રમે નિર્વિકલ્પદશા સુધી પહોંચવા પ્રયત્ન કરવો.

(૩) શારીરિક શક્તિને અનુરૂપ પોતાની ધ્યાનદશાનો સમય નક્કી કરવો. પ્રસન્ન ચિત્તથી જેટલો સમય ધ્યાનમાં પસાર થાય, તેમાં સંતુષ્ટ રહેવું જેથી બીજા દિવસે ક્ષયોપશમ વધતાં પોતાની મેળે આનંદપૂર્વક સ્થિરતા વધશે. આ પ્રમાણે જીવનમાં ધ્યાનને સહજ નિત્યક્રમ બનાવતાં જવું.

આહાહા! આવા આત્મલક્ષી એવં આત્માનુભવ સુધીના અનેક અમૂલ્ય - અતુલનીય માર્ગદર્શનો આપણા સૌના આત્માના કલ્યાણ માટે પૂજ્ય સાહેબજી જે રીતિએ આલેખતાં ગયા છે, તેની કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે તો બારાક્ષરી પણ નાની પડે.

આ અદ્ભૂત-અપૂર્વ અનુપ્રેક્ષાઓને આપણા સુધી પહોંચાડવાનું શ્રેય પામવા સદ્ભાગી બન્યા છે પરમ ગુરૂભક્તાત્મા મુંબઈ-વડોદરા સ્થિત **સી.કે.મહેતા** (ચીમનભાઈ) કે જેઓશ્રી ગુરૂભક્તિથી પ્રેરાઈને તેઓના આ અમૂલ્ય વૈચારિક વારસાને પ્રકટ કરવા પોતાની અમૂલ્ય મહાલક્ષ્મીનો છેલ્લા ૪ વર્ષથી નિરંતર સદુપયોગ કરી રહ્યા છે.

ઉપરાંત અમારા રાજકોટના સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ સુશ્રાવિકા શ્રીમતિ **ભારતીબેન દિપકભાઈ મહેતા,** કે જેઓ પૂજ્યપાદ્ સાહેબજી પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રી હસ્તલિખિત પ્રતો પરત્વેની અવિહડ ભક્તિથી ખેંચાઈને ૩૦ જેટલા પુણ્યાત્માઓનાં કમ્પ્યુટર નિષ્ણાંતોના જૂથ સંગાથે દિવસ-રાત જોયા વિના આ ગ્રંથોની રચના કરવા માટે આંતરભાવો પૂરી રહ્યા છે, તેનું પ્રત્યક્ષ ફળ એટલે આ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર', જે દર મહિને એક નવા ગ્રંથ રૂપે આપણા હસ્તકમળનું - હૃદયકમળનું અક્ષયપાત્ર બની રહ્યું છે.

સપ્ટેમ્બર, ૨૦૨૦

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.









વિંધ્યવાસિની દીજિએ, સુજ્ઞ શ્રુતિ કા વરદાન ।
ગુંજિત હોતી દિવ્ય ધ્વનિ, સૃજન કરે રસપાન ॥
મહાવિદ્યા સુરપૂજિતા, અવધિજ્ઞાન સ્વરૂપ ।
લોકાનુભૂતિ સે સૃજન, રચે જગત અનુરૂપ ॥

# કુંડલિની જાગ્રત કરવાનો ઉપાય

વિધિવતથી શરીરની શુદ્ધિ અને સૂક્ષ્મતા થવાથી તથા સાત્વિક વિચાર, શુદ્ધ અંતઃકરણ, પ્રભુની સાચી ભક્તિ અને પરિપક્વ વૈરાગ્યની અવસ્થામાં એકાગ્રતા અને નિશ્ચલ ધ્યાનથી કુંડલિની શક્તિ જાગ્રત થાય છે. કદીક જવલ્લે અકસ્માત કોઈ મનુષ્યમાં અલૌકિક શક્તિ, અદ્ભુત ચમત્કાર તથા અસાધારણ જ્ઞાનનો પ્રકાશ દેખાવામાં આવે તો સમજવું જોઈએ કે પૂર્વ જન્મના કોઈ સાત્વિક સંસ્કારનો ઉદય અથવા હૃદય પર સાત્વિક પ્રભાવ નાંખવાવાળી કોઈ ઘટનાથી કુંડલિની શક્તિ જાગ્રત થઈને સુષુમ્ણાના મુખમાં ચાલી ગઈ છે.

કુંડલિની જાગ્રત કરવાનો
સૌથી ઉત્તમ ઉપાય તો મૂલાધારથી લઈને સહસ્ત્રાર
સુધીના બધાં ચક્રોનું ભેદન કરવું તે છે.
એમાં બહુ મુખ્ય વસ્તુ
ઈશ્વરપ્રણિધાન અને તીવ્ર વૈરાગ્ય છે.
મન અને શરીરની સ્વસ્થ અવસ્થા,
નિર્મળતા, વિચારોની પવિત્રતા અને
વૈરાગ્ય ચાલુ બન્યો રહેવો જોઈએ.

## માટીમાંથી મટુકી

ઘડૂલા ક્યારે શિર પર ચડી?
માટીને મોટપ ક્યારે મળી? (૧)
માટી ખોદી મૂકી ગધેડે, કુંભાર ઘર લઈ આવ્યો,
મારી કીધો પગથી ખૂંદી ખૂંદી પિંડ બનાવ્યો. (૨)
આકાર પામવા ચડી ચાકડે, ત્યારે કાયા ઘડી,
છાંયે સૂકવા ટપલે ટીપી, રાખ મહીં રગદોળી. (૩)
હશે હજી સંસ્કારો ઓછા, કાવ રંગમાં રોળી,
છતાં કાચી હતી તે પાકી થવા નિભાડે ચડી. (૪)
પછી ટકોરે તપાસી જોઈને, લઈ ગઈ કોઈ પનિહારી,
ગળે દોરડી બાંધી એને, ઊંડે કૂવે ઉતારી. (૫)
ગડબડ કરતી ડૂબી કૂપમાં, જાણ્યું મુક્તિ જડી,
દીધો આંચકો એક પલકમાં, પાણી ઉપર તાણી. (૬)
અગર છલકમાં હતી છલકતી, તો અધૂરી કહેવાણી,
પૂર્ણ હતી તો ચડી શીશ પર, મુસીબતોથી લડી,
ઘડૂલા ત્યારે શિર પર ચડી. (૭)

માટીને મોટપ મેળવવા જેમ અપાર
સંસ્કારોથી પસાર થવું પડે છે, તેમ મહાપુરુષને ઇષ્ટ સ્થાન પર
જતાં પહેલાં આપત્તિના સાત સાગર વીંધવા પડે છે.

## ઘડુલી કેવી રીતે મસ્તક ઉપર ચડી?

માટી પહેલાં ખોદાઈ, પછી ગારો થશે, પગે પગે ખૂંદાઈ,
પીંડ બંધાશે, ચાકડા ઉપર ઘણા આકાર બંધાશે,
છાંયામાં સૂકવા ટપલા માર્યા, રંગામાં રોળી, નિભાડામાં નાંખી,
પનિહારીએ ટકોરા માર્યા, ગળે દોરડું બાંધ્યું,
ઊંડા કૂવામાં ઉતારી, આંચકો દઈ પાછી ઉપર લવાઈ,
'અધુરી છે' એમ માની ફરી ડુબાડી,
પૂરી ભરાઈ ત્યારે મસ્તક ઉપર ચડી.

## ઘડુલો અને માનવ

મનુષ્યને પણ ઘાટમાં આવવા માટે ઘડાવવું પડે છે.
સૌ પ્રથમ ભણવું પડે છે,
કાર્ય કરવું પડે છે, ટપલાં ખાવાં પડે છે,
તડકામાં તપવું પડે છે, છાંયામાં સુકાવું પડે છે,
આગમાં શેકાવું પડે છે, રંગામાં રંગાવવું પડે છે,
ટકોરા ખાવા પડે છે, ગળામાં સંસારરસ્સા પડે છે,
વ્યવહારના ઊંડા કૂવામાં ઉતરવું પડે છે,
જે જે માનવી ઘડાની જેમ
અધુરા હોય, તે અહંકારથી છલકાય છે નહીં,
પૂર્ણ હોય, તે ઉચ્ચસ્થાન પામે છે.

## દાન અને દયા

માતા અને પિતા વિના જેમ પુત્રોત્પત્તિ નહિ,
તેમ દાન અને દયા વિના ધર્મોત્પત્તિ નહિ.
દાન અને દયાના મૂળમાં પરહિતચિન્તારૂપ મૈત્રી છે.
દાન અને દયાના સિદ્ધાંતને સમજ્યા વિના
જીવન ભયાનક બની જાય છે અને એ
સિદ્ધાંત સમજમાં આવવાથી જીવન ભવ્ય બની જાય છે.
દાન અને દયારૂપી દ્વારથી
ધર્મનગરમાં સુખપૂર્વક પ્રવેશ થઈ શકે છે.
કિસાનને જેમ પોતાના દાણાનું ભૂમિને દાન અનિવાર્ય છે,
તેમ આત્મપ્રગતિ માટે પરોપકારની ક્રિયા અનિવાર્ય છે.
દાણો ભૂમિમાં નાંખ્યા પછી તેને માટીથી ઢાંકવો આવશ્યક છે,
તેમ પરોપકારની ક્રિયાને અપ્રકટ રાખવી આવશ્યક છે.
દાણો વાવવા ભૂમિ રસાળ - પણ ઊખર ન જોઈએ, તેમ
દયા, દાન, પરોપકારાદિ માટે ઉત્તમ પાત્રની જરૂરત છે.
ભૂમિ અને બીજની જેમ જળ - વાયુની અનુકૂળતા
પણ જરૂરી છે. (વિધિ) આચાર એ વાયુ છે અને
(દાતાની ભાવના) વિચાર એ જળના સ્થાને છે.
કહ્યું છે કે : વિધિ-દ્રવ્ય-દાતૃ-પાત્ર-વિશેષાત્ તદ્વિશેષઃ।

દેવમાં દયા છે, ગુરુમાં દયા છે, ધર્મમાં દયા છે.
દયા સર્વનું મૂળ છે, ધર્મનું મૂળ દયા છે,
ધર્મ સાધક ગુરુનું મૂળ દયા છે,
ધર્મ સિદ્ધ દેવનું મૂળ પણ દયા છે.
દયામાં સર્વ ધર્મ, સર્વ ગુરુ, સર્વ દેવ સમાઈ જાય છે.
જ્યાં જ્યાં દયા છે, ત્યાં ત્યાં
દેવ, ગુરુ, ધર્મ, સંઘ, સાધર્મિક, તીર્થ અને તારક સર્વ છે.
૦ સૃષ્ટિ પ્રવર્તનાત્મક છે અને સાધુ પ્રયોગાત્મક છે.
પ્રવર્તન સર્વને શાશ્વત સુખ પમાડવું તે છે અને
પ્રયોગ તે જીવનો પોતાનો પુરુષાર્થ છે.
પ્રયોગાત્મક થવા માટે પ્રબોધાત્મક થવાની જરૂર છે.
જીવન જ્યારે પ્રબોધાત્મક ભૂમિની ઉપર પ્રયોગાત્મક
બને છે, ત્યારે જે પ્રમોદાત્મક પરિણામ આવે છે,
તેને જ સિદ્ધપદની પ્રાપ્તિ કહેવાય છે.
જીવનને પ્રયોગાત્મક બનાવવા માટે
સૌ પ્રથમ પ્રબોધની જરૂર પડે છે.
પ્રબોધાત્મક થવા તે વિષયો પર અન્વેષણ કરવું પડે છે
કે સૌથી શ્રેષ્ઠ ક્ષેત્ર - પાત્ર કયું?
તે પાત્રનું સર્જન કરવા માટે પ્રક્રિયા કઈ?

પ્રથમ સ્થાન પાત્રનું - બીજું સ્થાન દાનરૂપી બીજારોપણનું છે.
ત્રીજું આચાર-વિચારની વિશુદ્ધિરૂપી જળ-વાયુનું અને
ચોથું સ્થાન પોતાની એકતારૂપી આકાશનું છે.
તેમાં પહેલું પાત્રનું સ્થાન પદાર્થવિજ્ઞાન માંગે છે.
પદાર્થવિજ્ઞાન કહે છે કે વિશ્વ સદા પરિપૂર્ણ છે.
તે પાત્રની પૂર્તિ સદા કર્યા જ કરે છે.
એ પાત્રની સેવના, ઉપાસના, પર્યુપાસના માટે
એકતા પ્રાપ્ત કરવી તે આપણું પોતાનું કર્તવ્ય છે.
સૃષ્ટિનો અકાટ્ય નિયમ છે.
આમની પ્રાપ્તિ આમના બીજથી અને
લીમની પ્રાપ્તિ લીંબના બીજથી જ થાય છે.
ભક્તિરૂપી બીજ વાવવાનું સર્વોત્તમ પાત્ર અરિહંત છે,
કેમકે વિશ્વવત્સલ પ્રકૃતિનું પરમ પ્રયોજન
સિદ્ધ કરવામાં જ તેઓનું સર્વસ્વ પર્યાય છે.
શુદ્ધ આચાર - વિચાર એ વિધિરૂપ જળ છે અને
વાવનારની એકતા એ વાયુ સ્થાનીય છે.
0 સામાયિક એ આત્મા છે અને
આત્મા પોતે રાગ, દ્વેષ, મોહરહિત છે.
રાગ, દ્વેષ, મોહ એ પરભાવના ધર્મો છે.

તે ક્ષણભંગુર - અસ્થિર - પરદ્રવ્યના સંબંધથી થનારા છે.
તે બધાથી ભિન્ન એવા નિત્ય, અખંડ, અભંગ
આત્માનો જે સમાધિનો વિચાર નિર્ભયતા, નિર્દ્વેષતા
અને નિર્ખેદતાની અનુભૂતિ કરાવે છે.

અભય, અદ્વેષ, અખેદ આત્મા જ તત્ત્વથી સમાધિ છે.
ચિત્તને આત્મામાં સ્થિર કરવાની ક્રિયા
તે સંવર સમાધિ છે અને તેથી થતી
કર્મની નિર્જરા, ભય-દ્વેષ-ખેદનો અભાવ તે મોક્ષ છે.

જેની ઉત્પત્તિ અન્ય કોઈ દ્રવ્યથી થતી નથી,
તેવા આત્માનો નાશ પણ ક્યાંથી હોય?

સ્વરૂપના અજ્ઞાન - સંશય - વિપર્યય તથા સ્વપરસ્વરૂપ
પ્રત્યેના પ્રમાદથી આત્માને મૃત્યુના ભયની ભ્રાંતિ છે.
તેનું નિવારણ શુદ્ધ ચૈતન્યની અનુભૂતિ વડે પરમ
જાગૃતિના અનુભવથી આવી સુદૃઢપણે થઈ શકે છે, તેથી
આત્મજ્ઞાની સદા નિર્ભય છે.

એ જ સ્વરૂપલક્ષથી સર્વ જીવ પ્રત્યે જે સામ્યભાવ
ઉત્પન્ન થાય, તે અદ્વેષ છે તથા સર્વ પરદ્રવ્યથી વૃત્તિને
વ્યાવૃત્ત કરી આત્મા જ્યારે આત્મરૂપે વર્તે છે,
ત્યારે તે જે અક્લેશ સમાધિને પામે છે, તે અખેદ છે.

o પાપનાશ માટે પાંચ કારણોનો સમવાય સાધવા અનુકૂળ સંયોગ જોઈએ. તે પાંચ કારણો અનુક્રમે છે:

સ્વભાવ (તથાભવ્યત્વ), કાળ,
નિયતિ (ભવિતવ્યતા), કર્મ - પુણ્યકર્મ અને પુરુષાર્થ.

o કર્મના અનુબંધ એટલે કર્મમાં રહેલી જે પોતાના ઉદય વખતે નવા કર્મબંધની પરંપરા ચલાવવાની શક્તિ.

o સુકૃતનું આસેવન એટલે સુકૃતના અનુમોદનનું આસેવન. આ અનુમોદન આત્મામાં અખંડ શુભ અધ્યવસાયને અવશ્ય સાધી આપે છે, કેમકે તે વિવેકવાળું છે, વસ્તુનું સાચું મૂલ્યાંકન કરનારું અને નિયમિત કરી શકાય તેવું છે.

અનુમોદના કરવા કે કરાવવામાં નિશ્ચિતપણે શુભભાવની સિદ્ધિ થાય જ એવું હંમેશાં બનતું નથી. અનુમોદનામાં તો મન, વચન, કાયા ત્રણેની પ્રસન્નતા જોઈએ, તેથી તે આત્મામાં મહાન શુભભાવને તથા શુભપરિણતિને જગાડ્યા વિના રહેતું નથી.

પુણ્ય કે પાપ ત્રણ રીતે થાય:
કરવા, કરાવવા અને અનુમોદવાથી.

આમાં ઉત્તમ અનુષ્ઠાનોની અનુમોદના એ એ પણ પુણ્યકાર્ય છે, તેથી હૃદયમાં વિશુદ્ધભાવો જાગે છે.

૦ પ્રણિધાન એટલે એકાગ્રતા કે કર્તવ્યતાનો નિશ્ચય.
પ્રણિધાનથી કરેલું કર્મ ઉત્કટ ફળ આપે છે, કારણ કે
તેથી અવશ્ય અનુબંધ પડે છે.
સુકૃતની અનુમોદના કરવાથી શુભનો અનુબંધ પડે છે.
કર્મ રૂપી વનમાં દુઃખનાં અને ક્લેશનાં ફળો નીપજે છે.
શુદ્ધ ધર્મરૂપી અગ્નિ કર્મરૂપી વનને બાળીને ભસ્મીભૂત કરે છે.
ધન જેટલી પ્રતિષ્ઠા આપે,
તેના કરતાં કઈ ગુણી પ્રતિષ્ઠા ધનની ઉદારતા આપે છે.
ધનથી એક ભવનું - દાનથી ભવોભવનું દારિદ્ર્ય જાય છે.
ધનથી વૃત્તિઓ સંક્લેશવાળી - ક્લિષ્ટ બને છે,
દાનથી તે અસંક્લિષ્ટ - સંક્લેશરહિત બને છે.
શુદ્ધ ભાવથી કરાયેલો એક અણુ જેટલો પણ ધર્મ
ભવાંતરમાં અનેક ગુણું કરાવે છે.
'સમકીતદૃષ્ટિ નિયમા મોક્ષે જાય' એનું તાત્પર્ય આ છે.
શુદ્ધ ધર્મ જ મોક્ષનું પરિણામી કારણ છે.
કલ્યાણમિત્ર એટલે આત્મહિતૈષી.
૦ વિષયસુખ કાલ્પનિક છે, કેમકે
એનો એ જ વિષય બીજા માણસને તે જ સમયે
કે એના જ માણસને બીજા સમયે દુઃખરૂપ લાગે છે.

'મિચ્છામિ દુક્કડં'માં...

મિ = મૃદુ = માર્દવપણું.

દુષ્કૃતગર્હા વખતે હૃદય કૂણું અને
અહંભાવ વિનાનું અતિ નમ્ર બનાવવું જોઈએ.
જો હૃદય કઠોર છે અને અહંત્વ ભૂલાતું નથી, તો પછી
'હું અકાર્ય કરનારો છું, અપરાધી છું, અધમ છું'
એ ભાવ હૃદયમાં કેવી રીતે જાગે?

ચ્છ = દોષનું છાદન. હિતકારીપણાનો, કર્તવ્યપણાનો કે
પક્ષપાતનો અભાવ મટી ઘૃણાનો ભાવ, દુગંછાનો ભાવ.

મિ = મર્યાદામાં એટલે કે ધર્મમર્યાદામાં રહેલો.

દુ = દુષ્કૃત્યને આચરનાર મારા આત્માની દુગંછા કરું છું,
શરમાઉં છું કે મેં આવું કાર્ય કેમ કર્યું?

ક્ક = મારાથી કરાયેલા તે પાપને

ડં = ઉપશમભાવથી લંઘી જાઉં છું.

દુષ્કૃત્યના સેવનમાં અને તેના અનુમોદનમાં ઉપયોગી થયેલા
કષાયો, તેનો ત્યાગ કરીને ઉપશાંત થાઉં છું, ઉપશાંત બનું છું.

ભારત એ કર્મભૂમિ - તપભૂમિ છે, ભોગભૂમિ નથી
એટલે ભારતીય પ્રજાએ ભોગપ્રધાન ન બનતાં સાચી
શાંતિ માટે ત્યાગ અને યોગપ્રધાન બની રહેવાની જરૂર છે.

o પ્રતિષ્ઠિત પ્રતિમામાં સંગ્રહનયથી જીવરાશિના શુદ્ધ સ્વરૂપનું દર્શન-પૂજન-વંદનાદિ રહેલું છે. પ્રતિષ્ઠાકારકે સિદ્ધસદૃશ સ્વસ્વરૂપ આરોપથી પ્રતિમામાં સ્થાપન કરેલું છે, તે દર્શક-પૂજક-વંદકના આલંબન અર્થે છે, તેથી તેના દર્શનાદિ વખતે મુક્તિમાં રહેલા પરમાત્મા, દર્શક પોતે અને જીવજાત સહુના શુદ્ધ સ્વરૂપનું દર્શન કરે છે. આરોપ ઈચ્છાજન્ય છે અને એ ઈચ્છા ઈષ્ટ સાધનતાના જ્ઞાનજન્ય છે, અભેદારોપથી તે સિદ્ધ થાય છે. 'પ્રતિષ્ઠિતં પૂજયેત્।' એ વિધિવાક્યમાં કેવળ આકાર સાદૃશ્ય કે શાશ્વત પ્રતિમાની જેમ પ્રતિષ્ઠાવિધિનો અભાવ નથી, કિન્તુ વચનાનલ વડે થતો ઈચ્છાજન્ય અભેદારોપ વિશ્વના જીવાત્માના શુદ્ધ સ્વરૂપનું સ્મરણાદિ કરાવે તથા ગુણને નિર્ભય, વિશુદ્ધ અને વિપુલ બનાવે છે.

o તાળાની ચાવી એક તરફ ફેરવાશે તો તાળું બંધ થાય છે અને બીજી તરફ ફેરવાશે તો તાળું ખુલી જાય છે. હૃદય તાળું છે અને મન કુંચી છે. મનની ચાવીથી હૃદયરૂપી તાળું ખોલી નાંખવાની કળા જેણે સિદ્ધ કરી હશે, તેને મોક્ષ સરળ અને સહજ બની જશે. મનની ચાવી હૃદયરૂપી તાળું બંધ રહે તેવી રાખી હશે તો જીવન બંધનરૂપ બની જશે.

Dt. 11/5/68

અમદાવાદના સંદેશ છાપામાં સત્ય સાંઈબાબા લખે છે:

પરમાત્મ પદ પામવા માટે પ્રેમની જ મુખ્ય જરૂર છે.

પ્રેમ એ જ સાચું જીવન છે.

પ્રેમ વગરના જીવનની કાંઈ કીમત નથી.

એ માટે માનવીને ઉપાસનાની જરૂર છે.

ઉપાસના વિના ધર્મ સંભવ ન શકે.

ઉપાસ્ય સત્ય, પ્રેમ અને ધર્મમય હોવો જોઈએ.

તે કુદરત બહાર નહિ પણ અંદર પણ છે.

માનવી પોતાના અને પારકાના ભેદથી મુક્ત બને,

તો જ એને આત્માની અભિન્નતાનો અને

ઉપાસ્ય તત્ત્વની ચમત્કારિકતાનો સાચો અનુભવ થાય.

ભેદ દૂર થતાં પ્રેમ વ્યાપક બને.

બુદ્ધિથી ગ્રહણ કરવામાત્રથી એ ભેદ દૂર થતો નથી પણ

એ માર્ગે આચરણ કરવાથી અને સર્વથી અભિન્ન

અન્યા શુદ્ધિ આત્મોપાસનાથી દૂર થઈ શકે છે.

એ જ દિવ્ય કર્મયોગનો માર્ગ છે.

o દુઃખ અને સુખમાં સંમતશી કરાવવાની તાકાત નથી,

એ કરાવે છે મહેનાયકમ.

o દ્રવ્ય is similar, ગુણ is same,
પર્યાય is one.

પર્યાયની ઉજ્જ્વળતા વડે ગુણનું ધ્યાન થાય છે અને
ગુણના ધ્યાન વડે દ્રવ્યમાં સમાધિ થાય છે.

દ્રવ્ય એ ગુણનો સમુદાય છે અને
ગુણ એ પર્યાયની શક્તિ છે.

'નમો અરિહંતાણં' પદના જાપ વડે
ઇંદ્રિય, મન અને પ્રાણ - ત્રણે કાબુમાં આવે છે,
ત્રણેની શુદ્ધિ અને સદુપયોગ થાય છે.

ત્રણે આત્માની શક્તિઓ છે, તેથી પ્રભુ-સ્વરૂપ Divine છે.

ઇંદ્રિય = ઇંદ્ર = પરમૈશ્વર્યવાન આત્માનું ચિહ્ન - લિંગ છે.

મન એ મનન - ચિન્તન - જ્ઞાનનું સાધન છે અને
જ્ઞાન એ ચિતિશક્તિનું ચૈતન્યરૂપે પ્રકટીકરણ છે.

પ્રાણ એ પ્રભુની શક્તિ છે, તેથી
જાપ વખતે થતો ઇંદ્રિય, મન અને પ્રાણનો વિનિયોગ
એ આત્માના જ દ્રવ્ય - ગુણ - પર્યાયનું
પ્રકટીકરણ અથવા manifestation છે.

એ રીતે આત્માની સાથે મન, પ્રાણ, ઇંદ્રિયની એકતાનું
ભાન કરીને થતો જાપ એ સમાધિનું કારણ બને છે.

નવકારના પ્રથમ પદના જાપથી મોહવિષનો વિલય થાય છે,
કર્મરોગની ચિકિત્સા થાય છે, ભવભયથી રક્ષણ મળે છે.

દ્રવ્ય - ગુણ - પર્યાયથી શ્રી અરિહંતનું ધ્યાન
પોતાના મોહ તથા અજ્ઞાનનો નાશ કરે છે.

દ્રવ્ય - ગુણ - પર્યાયથી થતો વિનય એ
તપસ્વરૂપ હોઈ કર્મરોગની ચિકિત્સારૂપ બને છે અને
દ્રવ્ય - ગુણ - પર્યાયથી પ્રાપ્ત થતી સમાધિ
જન્મ - જરા - મરણના ભયથી મુક્ત બનાવે છે.

તીર્થંકરોનું શાસન દ્રવ્ય - ગુણ - પર્યાય વડે
વિશ્વનો બોધ કરાવવા સ્થાપન થયેલું છે.

ગણધરોને ત્રિપદીનું દાન કર્યા પછી
તીર્થંકરો દ્રવ્ય - ગુણ - પર્યાયથી તીર્થ સોંપે છે અર્થાત્
તેનું જ્ઞાન વિશ્વને કરાવવા માટે અનુજ્ઞા આપે છે.
એ જ તીર્થંકર ભગવંતોનો વિશ્વ પર પરમ ઉપકાર છે.
મંદિર, મૂર્તિ, આગમ, મંત્ર, મુદ્રા, સંઘ, સાધર્મિક, શાસ્ત્ર, એ
સર્વ ચીજ જ જિનશાસનમાં આત્મબોધ કરાવવા માટે છે
અને આત્મા દ્રવ્ય, ગુણ, પર્યાયથી અરિહંતતુલ્ય છે, તેથી
તેનું જ ધ્યાન, તેનું જ શરણ અને તેમાં જ લીનતા જે
કોઈ ઉપાયથી થાય, તે સૌ ઉપાયો અધિકારી વિશેષે

જુદી જુદી રીતે ભાવદયા માની તેનો જ તીર્થમાં સંગ્રહ
કરવામાં આવ્યો છે. એ તીર્થના આલંબને આત્મતત્ત્વનો
લાભ થતો હોવાથી તીર્થ તારક છે અને
તેનું અવલંબન લેનારાઓ ભવસાગરને સુખે તરે છે.

Dt. 22/5/69

શબ્દની શક્તિ અચિન્ત્ય છે.
પરમાત્માનો જે અપરોક્ષ સાક્ષાત્કાર થાય છે,
તે પણ શબ્દ દ્વારા થાય છે.
સૂતેલા મહારાજને જાગૃત મહારાજ શબ્દથી જગાડે છે.
અમેરિકા સાથે શબ્દથી સંબંધ થાય,
તો તે આ જ લોક ઉપર છે પણ
સૂતેલો મહારાજ તો જાણ ભેડુંમાં - બ્રહ્મભેડુંમાં છે,
તેને ય શબ્દથી જગાડશે! શબ્દનો કેવો ચમત્કાર?
વિનોબાજીના મતે સંસ્થાઓમાં ત્રણ વાત હોવી જોઈએ:
(૧) વિચારોનું અધ્યયન. (૨) ભક્તિનું વાતાવરણ.
(૩) અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય આદિ વ્રતોનું પાલન.
ગાંધીજીનો મત છે કે
પરમેશ્વર અને માતાનો બાળકને ડર લાગતો નથી,
તેથી તેને વહાલમાં 'તું' કહેવાય છે.

બાપનો ખૂબ લાડ રહે છે, તોય એકાએક 'તું' નહીં કહેતા.
માતા-પિતા શિક્ષકના બાળકો તો દૂર જ છે.
તેઓ તો પરમેશ્વર કે મા ની જગ્યા ન જ લઈ શકે.
રવિશંકરજી કહે છે: આ સૃષ્ટિ પાંચ તત્ત્વોની બનેલી છે:
(૧) અસ્તિ (૨) ભાતિ (૩) પ્રિય (૪) નામ (૫) રૂપ.
આપણને દેખાય છે માત્ર નામ અને રૂપ
તથા તે બન્ને તો બદલાતાં રહે છે.
અસ્તિ = સત્ય, ભાતિ = પ્રકાશ, પ્રિય = આનંદ.
આ 3 તત્ત્વો એટલે સચ્ચિદાનંદ = સત્-ચિત-આનંદ.
તે કદી યે નાશ પામતાં નહીં,
મૂળ પ્રકૃતિ કાયમ રહે છે, માત્ર રૂપ-નામ બદલાય છે.
વિનોબાજી કહે છે કે:
જેને નિમિત્તમાત્ર થવું છે, તેણે
શૂન્ય બનવું જોઈશે, અહંકારશૂન્ય.
જે શૂન્ય બને છે, તે અનંત બને છે.
૦ શરીર તમોગુણમાં, ઇંદ્રિય-મન આદિ રજોગુણમાં,
બુદ્ધિ સત્ત્વગુણમાં અને આત્મા આ બધાથી મુક્ત છે.
આપણે બધા સતત જાગ્રત રહીને પ્રયાસ કરીએ, જેથી
આત્મપ્રકાશ બુદ્ધિ-મન-ઇંદ્રિયો-શરીરમાં પ્રકટ થાય!

નમો પદનું માહાત્મ્ય ॐ જેઠ સુદ ૮, રવિવાર

નમો પદ એ પાપનું પ્રાયશ્ચિત છે.

આજ સુધી કરેલી પરમાત્માની, આત્માની, સંઘની,
શાસનની, ગુણવાનોની તથા ધર્મની કરેલી
આશાતના - અવિનયાદિ પાપોની અને હિંસાદિ પાપસ્થાનોના
દીર્ઘકાલીન સેવનના દુષ્ટ સંસ્કારની નિંદા - ગર્હા છે.

નમો પદ એ ગુણી પુરુષોનો વિનય છે.
સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ક્રિયા ગુણીને ધારણ કરનાર
સર્વ મહાપુરુષો પ્રત્યે આદર અને વિનયપ્રદર્શન છે,
સ્વપરજનિત ગુણનો પ્રમોદ છે.

નમો પદ એ સર્વોત્તમ પાત્રોની ભાવવૈયાવચ્ચ છે.
તેમને સુખ અને સમાધિની પ્રબળ ઇચ્છારૂપ છે.
તેમને સન્માર્ગમાં આવતાં વિઘ્નોની પરંપરાને
સર્વ શક્તિથી દૂર કરવાની ભાવના છે.
મારા અંતરાત્માને જે રીતે શાંતિ પ્રાપ્ત થાય, તેમ
મન, વચન, કાયાના વીર્યને ફોરવવાની પ્રબળ ઇચ્છા છે.

નમો પદ પાંચ પ્રકારના સ્વાધ્યાય વડે
પાંચ પરમેષ્ઠિઓને ઓળખવાની,
મારા શુદ્ધ સ્વરૂપને નિહાળવાની ઇચ્છારૂપ છે.

આત્મલાભ માટેનાં આલંબનોને બહુમાને,
સદ્દહીને તત્સ્વરૂપ બનવાની ભાવનારૂપ છે.
નમો પદ એ પરમેષ્ઠિ ભગવંતોનું
અહોભાવ ચિત્તે ધ્યાન કરવાની પ્રક્રિયા છે.
નમઠ પદ વડે ધર્મધ્યાનની પરંપરાએ
શુક્લધ્યાનની યોગ્યતા પ્રાપ્ત થાય છે.
નમઠ પદ એ વાસીચન્દન - કલ્પ, જીવિત - મરણ,
લાભ - અલાભ, માન - અપમાનાદિ દ્વંદ્વોને અવગાહીને
શુદ્ધ આત્મસ્વરૂપમાં રહેવાની કાયોત્સર્ગરૂપ પ્રક્રિયા છે.
એ રીતે અભ્યંતર તપના સર્વ પ્રકારોનું આરાધન
જેમાં સંગૃહિત થયું છે, એવું નમઠ પદ
સાગરથી પણ ગંભીર, સૂર્યથી પણ તેજસ્વી, ચંદ્રથી પણ
શીતલ તથા આરોગ્ય, બોધિલાભ, સમાધિને દેવાવાળું છે.
નમઠ પદ પ્રાયશ્ચિત્તનું સાધન છે, अरिहं પદ ધ્યાનનું
આલંબન છે તથા તાણં પદ સમતા - સમાધિવાચક છે.
નમો પદથી પ્રત્યાહાર પર્યંતના યોગાંગો સધાય છે, अरिहं
પદથી ધારણા - ધ્યાન થાય, તાણં પદ સમાધિસુખ આપે.
નમઠ વડે સંકુચિત 'અહં'નો નિષેધ થાય, अरिहं વડે અનંત,
નિઃસીમ, અમર્યાદ એવા આત્મસ્વરૂપમાં લીન થવાય છે.

નમો પદ અનંત અને અગાધ એવા આત્મસ્વરૂપ
ઉપર મનને લઈ જવા, કુદકો કે છલાંગ લગાવવાને માટે
કાયા, વચન, મનને સંકોચવાની ક્રિયા તથા દ્રવ્ય-ભાવ
સંકોચ કરીને આત્મસ્વરૂપમાં પહોંચવા માટેનો વ્યાયામ છે.
નમો પદમાં પોતાના વિષય તથા કષાયરૂપી અહં પદનો
પરિત્યાગ છે અને નિર્વિષય, નિર્વિકાર, નિરંજન, નિત્ય,
શુદ્ધ આત્મસ્વરૂપ અર્હંપદ - આર્હન્ત્યમાં
પહોંચવા માટેનો શુદ્ધ આધ્યાત્મિક સિદ્ધ પ્રયોગ છે.

પંડિત પ્ર. જી. પારેખ લખે છે કે:

આ નવકાર મહામંત્ર જૈન શાસનમાં સર્વોપરિ સ્થાન
ધરાવનાર અતિ મહત્ત્વનો, પવિત્રતમ અને શક્તિશાળી
શ્રેષ્ઠ નમસ્કાર છે, તેમાં ય 'નમો' પદ આરાધનારૂપ છે.
આત્માની ભૂમિકા તેવા પ્રકારની હોય તો આરાધનારૂપ
નમસ્કારમાત્રથી મોક્ષ પ્રાપ્ત કરાવી આપવાની તેમાં શક્તિ છે.
તેવા પ્રકારની આત્માની ભૂમિકાનું સર્જન
ષડાવશ્યકમય આ સામાયિક સૂત્ર નિર્દિષ્ટ
અનુષ્ઠાનો દ્વારા થઈ શકે છે અથવા
એ અનુષ્ઠાનો નમસ્કાર સ્વરૂપ બની રહે છે.
જો હાથ જોડી મસ્તક નમાવવામાત્રથી
સાચો નમસ્કાર થઈ શકતો નથી.

આ સામાયિક સૂત્રમાં નિર્દિષ્ટ છ આવશ્યકથી
તેની સ્વરૂપ સક્રિયતા થાય છે,
મન - વચન - કાયાના પ્રણિધાનો, સંબંધો વગેરે
તેના સ્મરણ - ઉચ્ચાર વગેરે સાથે જોડાય છે, તેથી
તેમાં પવિત્રતા સંપાદિત થાય છે.

દિવસ, રાત્રિ, પક્ષ, ચાતુર્માસ, વાર્ષિક અનુષ્ઠાનો દ્વારા
વ્યાપક સંબંધ જોડાતો રહે છે. એ રીતે નમસ્કાર થાય છે,
જે સાધકોને આધ્યાત્મિક ફળ આપે છે.

જેઓની ઇચ્છા આ મહામંત્રનો લાભ ઉઠાવવાની હોય,
તેઓએ શાસ્ત્રોક્ત વિધિ - વિધાન તથા સ્મરણ પ્રક્રિયાદિક
પ્રણિધાન વગેરે પૂર્વક સ્મરણાદિ કરવાં જોઈએ.

આ નવકાર મંત્ર એ ઉત્સર્ગ સ્થાન ઉપર છે, ત્યારે
આ કરેમિભંતેની આરાધના અપવાદ સ્થાન ઉપર છે. તે
બંનેનાં સાચાં સ્થાનો છે, તેને બદલે તેમાં આગળ-
પાછળ પૂરતો જ ફેરફાર તે પણ આશાતનારૂપ બની રહે છે.

આ નવકાર મંત્ર એ છૂટા - છૂટા પાંચ અધ્યયન અને
ચૂલિકારૂપ મહાશ્રુતસ્કંધ છે.
તેનું એક કવિતાની કડીરૂપે ગાન કરવું,
એ પણ તેની આશાતના છે.

વરઘોડા - સામૈયામાં, સ્નાત્રની શરૂઆતમાં મહાશ્રુતસ્કંધને
સમૂહગાનમાં ગાવાના પ્રસંગો બને છે, તે પણ ચિન્ત્ય છે.

જે વસ્તુ જે યોગ્યતા ધરાવતી હોય,
તે રીતે, તે સ્થાને તેનો ઉપયોગ ઉચિત ગણાય.
ધર્મની બાબતમાં યોગ્ય વિવેક અને
વિધિસાપેક્ષતા અતિ આવશ્યક છે.

<u>નિશ્ચય અને વ્યવહારનો મત</u>

'પાપ સ્વાપકારરૂપ છે અને તે પરાપકારમાં પરિણમે છે'
એ નિશ્ચયનો મત છે.
એ રીતે ધર્મ સ્વોપકારરૂપ છે
અને તે પરોપકારમાં પરિણમે છે.
'પરાપકાર એ પાપ અને પરોપકાર એ પુણ્ય'
એ વ્યવહારનો મત છે.

<u>નિશ્ચયનયનો વિચાર - વર્ષ ૧૨, અંક ૨ - 26/5/69</u>

સર્વવિરતિ એટલે...
આત્મલક્ષ્યની પ્રવૃત્તિમાં અખંડતા સિદ્ધ થવી તે.
ગુપ્તિ એટલે...
યત્નાને યત્નામાં સ્થિર રાખવાની ક્રિયા તે.
બાહ્યયત્ના સમિતિ તે સંયમ અને
આંતરયત્ના રાખવી તે સંવર.

જ્યાં સંવર હોય, ત્યાં નિર્જરા હોય જ અને
અચિરાદ્ જ મોક્ષ આગમન થાય.

જ્ઞાન-દર્શનના ઉપયોગ વડે આત્માને નિર્વિકલ્પ-
સ્થિર રાખવાથી આત્મા નિર્મળ કે શુદ્ધ થાય અને
કષાયાગ્નિથી મુક્ત રાખવાથી શાંત થાય.
આમ આત્માવંત આત્માનું શુદ્ધ અને શાંત થવું તે ચારિત્ર.

○ સંગ્રહનયની અપેક્ષાએ અદ્વૈતદર્શન સત્ય છે.
ઋજુસૂત્રનયની અપેક્ષાએ નૈરાત્મ્યદર્શન સત્ય છે.
અનેકાન્ત અપેક્ષાએ ઉભયસ્વરૂપ સમજાય પ્રમાણરૂપ છે.

○ નર જન્મ સુંદર મુકદ્દર પામી વૃથા ખોશો નહીં,
ચાર પુત્રો ધર્મ કરતાં દુઃખને ખોશો નહિ.

<u>ડીંગરેજ કહે છે કે:</u>

○ મનુષ્ય ખરાબ નથી, મન ખરાબ છે.

○ એકાંત સિવાય પરમાત્માનું ભાન થતું નથી.
એક ઈશ્વરમાં સર્વનો અંત કરે તે એકાંત.
મનુષ્ય ઈશ્વરની કદર કરતો નથી,
તો મનુષ્યની કદર કેવી રીતે કરવાનો છે?

○ ઇચ્છાશુદ્ધિ વિના ક્રિયાશુદ્ધિ થતી નથી.
જ્યાં ધર્મ છે, ત્યાં પરમાત્મા છે.

વિચાર કણિકાઓ:   ૐ   ગાંધીધામ, 29/5/69

(૧) परब्रह्मस्वरूपचिन्मयज्योतिस्फुरणेनैव-
सर्वक्रियाणां साफल्यात् ।

સમજણ : દરેક ક્રિયાની સફળતા, પરબ્રહ્મ એટલે કે આત્મસ્વભાવ ચિન્મય જ્યોતિ પ્રગટ થાય, તે જ છે.

(૨) तत्स्थ = અડગ સ્થિત થઈને.

તદ્‌જ્ઞાનતા = તેના સ્વરૂપને પ્રાપ્ત થઈ જવું.

સંસર્ગારોપ = અભેદારોપ. સંભેદપ્રણિધાન = અભેદપ્રણિધાન.

અંતરાત્મામાં પરમાત્માના ગુણોનો સંસર્ગારોપ અને અંતરાત્મામાં પરમાત્માનો અભેદારોપ કરવાનો હોય છે.

(3) ક્ષેત્રથી નિઃસીમ, કાળથી અનંત, દ્રવ્યથી પૂર્ણ અને ગુણથી એક એવું આત્મતત્ત્વનું ભાન થાય, ત્યારે લઘુતાગ્રંથી છૂટી જાય છે.

(૪) अचिन्त्याः खलु ये भावाः न तांस्तर्केण योजयेत् ।

સમજણ: જે ભાવો અચિન્ત્ય હોય તેમાં ક્યારેય તર્ક ન કરવો.

सेयं भगवती माया यन्नयेन विरुध्यते ।
ईश्वरस्य विमुक्तस्य कार्पण्यकृत बन्धनम् ॥

સમજણ: ભગવાનની આ તે માયા છે કે જે નીતિની પણ વિરોધી છે, કેમકે એ માયાના કારણે વિમુક્ત એવા ઈશ્વરને પણ દીનતા તથા બંધન થાય છે. - નવીન વેદાંત

(૫) મોહક્ષયાત્ જ્ઞાનદર્શનાવરણક્ષયાચ્ચ કેવલમ્ ।
અર્થાત્ : મોહનીયકર્મ, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને
અંતરાયકર્મના ક્ષયથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.
મોહક્ષયનું સાધન નમો મંત્રપૂર્વક આરાધન છે.
નમસ્કારભાવ વિનાનો પઠિત જ્ઞાનદર્શનના આવરણનો
કે અંતરાયનો ક્ષયોપશમ મોહવૃદ્ધિજનક છે.
મોહ = અહં-મમ બુદ્ધિ, જે 'નાऽहं न मम' બુદ્ધિથી જાય
અને નમસ્કાર વડે 'નાऽहं न मम' બુદ્ધિ પુષ્ટ થાય છે.
કર્મકૃત ભાવોમાં અહં-મમ બુદ્ધિ છૂટી
કેવળ આત્મભાવમાં અને આત્મગુણોમાં અહં-મમ બુદ્ધિ
ઉત્પન્ન કરવાનું કાર્ય નમસ્કાર મંત્રથી થાય છે, તેથી
તે મોહ જીતવાનો મંત્ર છે.

(૬) ધર્મનું મૂળ કરુણા છે.

કરુણાનો ઉદ્ભવ પરદુઃખછેદનની વૃત્તિમાંથી થાય છે.
બીજું આપે તેવું મળે. બીજાને દુઃખ આપવાની વૃત્તિમાંથી
જીવ ન છૂટે, ત્યાં સુધી તેનું પોતાનું દુઃખ દૂર થવાનું નથી.
પોતાને માટે જે ઈચ્છે છે, તે બીજા માટે ન ઈચ્છે,
ત્યાં સુધી સ્વપર ભેદબુદ્ધિ કે જે બધા પાપનું મૂળ છે,
તે દૂર થઈ શકવાની નથી.

સિદ્ધભગવંતોના અનંત ચતુષ્ટયના મૂળમાં કરૂણા રહેલી છે. કરૂણા સર્વ ગુણોમાં વ્યાપ્ત હોવાથી તેને સિદ્ધના ગુણોમાં જુદી ગણાવેલી નથી. કરૂણા વિના કોઈપણ સાચા ગુણની, સુખની કે આનંદની ઉત્પત્તિ નથી.

આનંદ અને પ્રેમ પર્યાયવાચક શબ્દો છે.

બાળને પ્રેમ આપવાથી આનંદની ઉત્પત્તિ થાય છે, સર્વને પ્રેમ આપવાથી પરમાનંદની અનુભૂતિ થાય છે તથા સર્વ પ્રત્યે સમાન પ્રેમવાળા હોવાના કારણે પરમેષ્ઠિપદની પ્રાપ્તિ થાય છે.

વ્યષ્ટિમાંથી છોડાવનાર સમષ્ટિ છે અને સમષ્ટિભાવ જ જીવને પરમેષ્ઠિભાવમાં લઈ જાય છે.

નમસ્કારમંત્ર વ્યષ્ટિભાવમાંથી છોડાવી સમષ્ટિભાવમાં લાવી પરમેષ્ઠિભાવમાં લઈ જાય છે.

(૭) શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, મર્મ નહિ.

શાસ્ત્રાદિક સૂચક છે, પ્રત્યક્ષ મર્મથી થાય છે.

શાસ્ત્ર blue print છે, મર્મ મકાન ચણવાનું કાર્ય છે.

શાસ્ત્ર formal છે, મર્મ final છે.

જગત જેવું છે, તે જણાવવા - સૂચવવાની માત્ર સૂચના શાસ્ત્રમાં છે.

શાસ્ત્ર કહે છે તેવું જ્ઞાન છે, એમ નહિ પણ
જ્ઞાન કેવું છે તેવું કહેવા - સૂચવવા માટે શાસ્ત્ર છે.

શાસ્ત્રની સૂચના અનુસાર

જ્ઞાનને સાક્ષાત્ જાણવા પ્રયાસ કરવો, તે મર્મ છે.

પ્રયાસ કરવાનાં સાધન નિમિત્ત - ઉપાદાન છે.

Efficient causes નિમિત્ત કારણો છે અને
material causes ઉપાદાન કારણ છે.

દેવ, ગુરુ, સંઘ, સાધર્મિકાદિ નિમિત્ત અને તેમની
ભક્તિ - પૂજા - સ્મરણ - આરાધનાદિ ઉપાદાન કારણ છે.
શુદ્ધ સ્વરૂપનું લક્ષ્ય તે પરમ final કારણ છે અને
એ લક્ષ્યને જણાવનાર પ્રતિમા તે formal શાસ્ત્ર છે.

(૮) આત્મલાભ પ્રાપ્તિનો સરલ - સીધો માર્ગ

પ્રથમ પૂજા - સ્તોત્ર - સ્તુતિ - સ્તવન, સ્વાધ્યાયાદિ
પછી મંત્રજાપ અને તે વડે બહિરાત્મભાવનો ત્યાગ,
અંતરાત્મભાવની પ્રાપ્તિ અને પરમાત્મભાવનું ભાવન.
પછી તેમાં સ્થિરતા, ચિત્તપ્રશમન, શાંતિનો અનુભવ,
ચંચળતા આવતે પાછું પરમાત્મભાવન.

ધ્યાન, અજપાજાપ, અનાહત અને આત્મ
એનો દીર્ઘકાળ પર્યંત નિરંતર આદરપૂર્વકનો અભ્યાસ.

(૯) કુંભકારના મનનો ઘટ formal cause ગણાય.
ઘટ વાપરનારનું સાધ્ય તે final cause ગણાય.
માટી તે material cause અને
ચક્રચીવરાદિ તે efficient cause છે.
મોક્ષમાર્ગમાં formal cause તે
ગુરુકુળના મનમાં શાસ્ત્રાભ્યાસબુદ્ધિ ઘડાયેલ મોક્ષની ઇચ્છા,
final cause તે ઇચ્છા ઉત્પન્ન કરનાર
સિદ્ધોનું સાક્ષાત્ સ્વરૂપ અર્થાત્ સ્વરૂપ રમણ કારણ,
material cause તે ઉપાદાન કારણ છે,
Efficient cause તે નિમિત્ત કારણ છે:
ચતુર્વિધ સંઘ, આગમ, મૂર્તિ, મંત્ર આદિ તીર્થ.
સમ્યગ્દર્શન, આત્મદર્શન, પરમાત્મદર્શન
એ ત્રણે એક સાથે રહેલાં હોય છે.
પરમાત્મદર્શન તે final cause છે. આત્મદર્શન તથા
તેના ઉપાય material & efficient cause છે.
સમ્યગ્દર્શન formal cause-blueprint છે.
(૧૦) નમો પદ 'નમસ્કાર'ને કહે છે,
અરિહં પદ 'અરિહાત્મા બ્રહ્મ'ને સૂચવે છે અને
તાણં પદ 'અહં બ્રહ્માસ્મિ' અર્થના પ્રતીતિકારક છે.

'પ્રજ્ઞાનં બ્રહ્મ' લક્ષણવાક્ય અહીંયાં અનુસ્યૂત છે.
બીજા ચાર મહાવાક્યોનો સમાવેશ આ રીતે
નવકાર મહામંત્રના પ્રથમ પદમાં સંગ્રહિત થઈ જાય છે.
એક લક્ષણવાક્ય છે, બીજું ઉપદેશવાક્ય છે,
ત્રીજું સ્વરૂપદર્શક છે અને ચોથું અભેદવાચક છે.
'સર્વં ખલ્વિદં બ્રહ્મ' તથા 'સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ'
વગેરે વાક્યો પણ તેમાંથી ફલિત થાય છે.

(૨૨) નમો પદ શરણાગમન, દુષ્કૃતગર્હા અને
સુકૃતાનુમોદના અહીંના સંગ્રહરૂપ છે.
તેનો જ વિસ્તાર પ્રથમના ૫ તથા પછીના ૪ પદોમાં છે.
શરણાગમન સૂચવનારા પ્રથમ પાંચ પદો છે,
દુષ્કૃતગર્હા સૂચવનારા પછીના બે પદો છે અને
સુકૃતાનુમોદના સૂચવનારા અંતિમ બે પદો છે.
શરણાગમન વડે તથાભવ્યત્વનો પરિપાક થાય છે,
દુષ્કૃતગર્હા વડે પાપકર્મનો વિગમ થાય છે અને
સુકૃતાનુમોદન વડે શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થાય છે.
શુદ્ધધર્મની પ્રાપ્તિથી દુઃખોચ્છેદ, દુષ્કૃતગર્હાથી પાપોચ્છેદ તથા
શરણાગમનથી ભવભ્રમણની શક્તિનો ઉચ્છેદ થાય છે,
સહજમલનો હ્રાસ થાય છે.

(૯૨) ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગમાં પ્રધાનતા
દેવ, ગુરુ અને શાસ્ત્રની છે.
સામર્થ્યયોગમાં પ્રધાનતા આત્મશક્તિની છે.
આત્મશક્તિનો અનુભવ મેળવવાની પૂર્વ તૈયારી
ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગ વડે થાય છે.
સામર્થ્યયોગનો સંબંધ આત્માનુભૂતિ-
ચિદ્રૂપતાનું સ્વસંવેદન - તેની સાથે છે.
તેમાં અજપા અને રૂપાતીતનો સમાવેશ થાય છે.
પ્રધાનતા જો ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગમાં
ભાષ્ય, ઉપાંશુ અને માનસ પર્યંત પહોંચાય છે.

(૯૩) જપ એ અધ્યાત્મ છે, કેમકે તેનો પ્રારંભ
સૂક્ષ્મ એવા ભાષાવર્ગણાના અવલંબનથી થાય છે.
ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કર્મ - ઉત્તરોત્તર સૂક્ષ્મ છે,
તે બધાને આવરી લેવાની શક્તિ વર્ણાત્મક મંત્રજાપની
વિધિયુક્ત આરાધનામાં રહેલી છે, તેથી ઇષ્ટદેવતાની સ્તુતિ
રૂપ નવકારના મંત્રજાપથી અધ્યાત્મનો પ્રારંભ થાય છે.
જેમ મંત્રથી વિષાપહાર પ્રત્યક્ષ છે,
તેમ ઇષ્ટના નામમંત્રના જાપ વડે ભવવિષ-
મિથ્યાત્વ-કષાયાદિના વિષનો અપહાર આપોઆપ થાય છે.

જાપ પછી ઔચિત્યાલોચન, બીજું અધ્યાત્મ છે.
તેમાં હવે વિશિષ્ટ કોટિની ભૂમિકામાં
આગળ વધવા પોતાની યોગ્યતાને તપાસવાની હોય છે.
યોગવિશુદ્ધિ, જનશ્રુતિ, નિમિત્તશુદ્ધિ
આદિ લિંગો વડે તેની પરીક્ષા થાય છે.
તે પૂર્વક થયેલું ધર્મારાધન નિર્વિઘ્નપણે પાર ઉતરે છે.
અધ્યાત્મનું ત્રીજું અંગ આત્મસંપ્રેક્ષણ છે.
દુષ્કૃતગર્હાદિ વડે આત્મશુદ્ધિ એ તેનો વિષય છે,
તેનો જ વિસ્તાર પછી દેવાદિવંદન, પ્રતિક્રમણ અને
મૈત્ર્યાદિ ભાવોનું સંવેદન કરવું તે છે. તે અનુષ્ઠાનો
વડે શરણાગમનાદિ ક્રિયાઓ સહેલાઈથી બની શકે છે.

(૪) નૈગમનય - તે અંશને પૂર્ણ માને છે.
સંકલ્પ, આરોપ અને અંશથી પણ વસ્તુને વસ્તુ માને છે.

સંગ્રહનય - સર્વને સંગ્રહે છે, સર્વનું ગ્રહણ કરે છે.
વસ્તુને સત્તાસામાન્યપણે ગ્રહે છે.

વ્યવહારનય - સંગ્રહે ગ્રહેલા પદાર્થોને વિભાગો કરી માને છે.
વિશેષ ધર્મોને મુખ્યપણે માને છે.

ઋજુસૂત્રનય - ભૂત, ભાવિની વક્રતાને છોડીને
માત્ર વર્તમાન - સરલ અવસ્થાને જ ગ્રહણ કરે છે.

વર્તમાનમાં જે પર્યાય વર્તતો હોય, તેને જ વસ્તુ માને.
મુનિભાવમાં વર્તતો હોય, તેને જ મુનિ માને.
વર્તમાનમાં અસ્તિત્વરૂપે હોય તેને માને,
તેથી તે ભાવનય કહેવાય છે. 'ભવતીતિ ભાવ:।'
શબ્દનય - શબ્દ વડે સ્ફુરિત થતાં અર્થને જ વસ્તુ માને.
જેનાથી વસ્તુનું કથન થાય, બોલાવાય તે શબ્દ.
પ્રકૃતિ - પ્રત્યયાદિ વડે સિદ્ધ થયેલો શબ્દ
જે અર્થને કહે, તે અર્થને માને.
કાળભેદ, વચનભેદ, લિંગભેદાદિ વસ્તુને ભિન્ન માને
પણ પર્યાયભેદાદિ ભિન્ન ન માને, તે શબ્દનય.
પર્યાયભેદાદિ પણ વસ્તુને ભિન્ન માને તે સમભિરૂઢનય
અને વ્યુત્પત્તિ ભેદે ભિન્ન માને તે એવંભૂતનય.
આમ છેલ્લા ત્રણ નય શબ્દને અનુરૂપ અર્થ માને છે.
શબ્દવશાદ્ પદાર્થનું ભિન્ન ભિન્ન ભાન થાય છે,
જેમકે પ્રકૃતિ - પ્રત્યયવશ, રૂઢિવશ, વ્યુત્પત્તિવશ
શબ્દના ભિન્ન ભિન્ન અર્થ થાય છે,
તે શબ્દાદિ ત્રણ નયો અનુક્રમે સ્વીકારે છે.
સમભિરૂઢનય અંશન્યૂન વસ્તુને પણ પૂર્ણ માને છે તથા
કેવળીને પણ સિદ્ધ માને.
એવંભૂત મુક્તને જ મુક્ત માને, સિદ્ધને જ સિદ્ધ માને.

## (૪૫) આત્મા ઉપર ૭ નયો

**(1) સંગ્રહનય (દશાપેક્ષ) Infinite aspect:**

બધા જીવોને સત્તાએ સિદ્ધ સમાન માને. આ નય સત્તાને-સામાન્યને તિર્યક્ સામાન્ય રૂપજાતિને ગ્રહણ કરે છે.

ચૈતન્ય અપેક્ષાએ સર્વ જીવો સમાન હોવાથી
આ નય 'આત્મા એક જ' એમ સ્વીકારે છે.
સત્તાથી બધા જીવોનો સ્વભાવ સિદ્ધ જેવો માને છે.
સત્તાથી બધાને શુદ્ધ તરીકે ગ્રહણ કરે છે.

**(2) નૈગમનય (કાળાપેક્ષ) Eternal aspect:**

આ નય અંશ વડે વસ્તુને પૂર્ણ માને છે.
૮ પ્રદેશ કર્મથી અલિપ્ત, નિત્ય ઉઘાડા, નિરાવરણ છે,
તે અંશમાં સર્વ જીવો સિદ્ધ સમાન છે.
અહીં ઊર્ધ્વતા સામાન્યની અપેક્ષા છે.
'કંકણ-કુંડળાદિ સર્વ અવસ્થામાં કાંચન અવશ્ય રહેલું છે,
તે અપેક્ષાએ બધા પર્યાયોમાં આત્મદ્રવ્ય અનુસ્યૂત છે'
એમ આ નય માને છે.

**(3) વ્યવહારનય (દ્રવ્યાપેક્ષ) material aspect:**

જીવના બંને પ્રકાર માને છે: શુદ્ધ અને અશુદ્ધ,
બદ્ધ અને મુક્ત, સંસારી અને સિદ્ધ.

વસ્તુના ગુણ-પર્યાયથી થતી જે પ્રકારની પ્રવૃત્તિને ગ્રહે છે:
જે પ્રવૃત્તિ શુદ્ધતા ઉત્પન્ન કરે, તે શુદ્ધ વ્યવહાર અને
અશુદ્ધતા ઉત્પન્ન કરે, તે અશુદ્ધ વ્યવહારનય છે.

શુદ્ધ વ્યવહારનયે ક્ષાયોપશમિક ભાવે
અસંખ્ય ભેદ, ક્ષાયિક ભાવે એક જ પ્રકાર વગેરે છે.
અશુદ્ધ વ્યવહારનયે જીવના ૫૬૩ ભેદ કે અનંતભેદ છે.
આ નય નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ - ચારે નિક્ષેપોને માને.

નામથી જીવ કે ચેતન કે આત્મા,
સ્થાપનાથી નિયત અસંખ્ય પ્રદેશાત્મક,
દ્રવ્યથી સ્વગુણ પર્યાયનું ભાજન - સમૂહ - પિંડ,
ભાવથી સ્વગુણ પર્યાયથી પ્રવૃત્તિ.

સાધકરૂપે તો જીવ સ્વસ્વરૂપમાં અસ્તિત્વપણે પ્રવર્તે છે.

(4) ઋજુસૂત્રનય (ભાવાપેક્ષ) Effectual aspect:
વર્તમાનમાં જેવા પરિણામ કે અધ્યવસાય વર્તતા હોય,
તેને તેવો જીવ કહે. સાધુતાના પરિણામે વર્તતો હોય,
તેને જ 'સાધુ' કહે. આ નય વેશમાત્રથી સાધુ ન માને.

(5) શબ્દનય (સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર):
આ નય મુજબ 'જીવ' તે જ કહેવાય કે જે પોતાના
શુદ્ધ સત્તા સ્વરૂપની ઓળખાણ કરી તેને પ્રગટાવવા
રુચિ ધરાવતો હોય અને પ્રબળ પુરુષાર્થ કરતો હોય.

(6) સમભિરૂઢનય (અંશન્યૂન):

સમભિરૂઢનય વિશુદ્ધ હોવાથી
તેના મતે સયોગીકેવલી જ 'જય' કહેવાય.

(7) એવંભૂતનય (perfect):

આ નય સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ પ્રગટ થવાથી
સિદ્ધ ભગવંતોને જ 'જય' માને.

(૨૬) અંશમાં પૂર્ણની કલ્પના કરે, તે નૈગમનય.
ચૈતન્ય પર સામાન્ય સત્તાથી એક છે, તે સંગ્રહનય.
ચૈતન્યસત્તાના વિભાગ બે: શુદ્ધ-અશુદ્ધ, તે વ્યવહારનય.
અશુદ્ધનો નાશ શુદ્ધના ઉપયોગથી છે, તે ઋજુસૂત્ર નય.
ઉપયોગ આચરણયુક્ત જોઈએ, તે શબ્દનય.
આચરણ અપ્રમત્તભાવની જોઈશે, તે સમભિરૂઢનય.
જેવા આચરણ તેવું જ ફળ જોઈએ, તે એવંભૂતનય છે.

(૨૭) નૈગમનય ઊર્ધ્વતાસામાન્ય વડે આત્મસ્વરૂપ જુએ છે.
સંગ્રહનય તિર્યક્સામાન્ય વડે આત્માના સ્વરૂપ જુએ છે.
એનાથી અભય અને બધાથી અદ્વૈત પ્રાપ્ત થાય છે.
વ્યવહારનય કર્મજન્ય અવસ્થાને પણ જુએ છે,
તેથી વર્તન સુધારવા પ્રેરણા મળે છે.

પ્રથમ ૪ નય અર્થનય છે, વસ્તુતંત્ર છે. પદાર્થનું વિભાજન
synthesis & analysis દ્વારા કરાવે છે.

અસ્તિત્વ - પ્રદેશત્વ વડે આત્મા વગેરે

દ્રવ્યનું વસ્તુ સત્ સ્વરૂપ જણાવે છે.

છેલ્લા ચાર ભાવનય છે, તે ગુણતંત્ર છે.

તે ગુણના ભાવ અને ક્રિયાની અપેક્ષા રાખે છે.

પહેલાં ચાર દ્રવ્યાર્થિક છે, બાકીના ત્રણ પર્યાયાર્થિક છે.

ઋજુસૂત્ર વસ્તુના વર્તમાન પર્યાયને જણાવે છે,

તેથી તે કેવળ ભાવને માને છે.

પ્રથમના ૩ નય નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ ચારેને માને છે.

શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નય ઉત્તરોત્તર સૂક્ષ્મ છે

અને શબ્દ વડે વાચ્ય અર્થને ગ્રહણ કરે છે.

<u>શબ્દ બે પ્રકારના</u> છે:

રૂઢિથી અર્થને જણાવનાર અને વ્યુત્પત્તિથી અર્થને જણાવનાર.

<u>વ્યુત્પત્તિ નિમિત્ત શબ્દ બે પ્રકારના છે</u>:

એક શબ્દમાંથી નીકળતા વ્યાકરણસિદ્ધ અર્થ નિમિત્તક

અને બીજા તે અર્થ મુજબ થતી પ્રવૃત્તિ નિમિત્તક.

શબ્દનય રૂઢિથી અર્થને સ્વીકારે છે, સમભિરૂઢનય

વ્યુત્પત્તિથી અને એવંભૂત પ્રવૃત્તિથી અર્થને સ્વીકારે છે.

ઋજુસૂત્ર ચતુર્થ ગુણસ્થાનકના ભાવને સ્વીકારે છે.

શબ્દ પાંચ, છ, સાત ગુણસ્થાનકના ભાવને સ્વીકારે છે.

સમભિરૂઢનય ૮, ૯, ૧૦, ૧૧ તથા ૧૨ ગુણસ્થાનકના અને
એવંભૂતનય ૧૩, ૧૪ ગુણસ્થાનકના પૂર્ણભાવને સ્વીકારે છે.

તે પ્રકૃતિને જ પૂર્ણ માને.

સમભિરૂઢનય એક અંશ ન્યૂનને પણ પૂર્ણ માને અને
નૈગમનય એક અંશને પણ પૂર્ણ માને.

આ રીતે વિવિધ નયો વસ્તુના વિવિધ ધર્મોને આગળ
કરીને વસ્તુને જુએ છે અને તે તે દૃષ્ટિ, સાધનામાં
કેવી રીતે સહાયક બને છે, તેનો વિચાર આપે છે,
સાધકદશા વિભિન્ન પ્રકારની હોય છે.

તેને સમજવા માટે અને તેથી ઉપરની અને
નીચેની કક્ષાને બરાબર ધ્યાનમાં લેવા માટે
માત્ર નયવાદ જ ઉપકારક છે.

એ નયવાદનું સંગત નિરૂપણ
અનેકાંત દર્શનમાં હોવાથી તે 'મહાસાગર' કહેવાય છે.
એક એક નય નિરૂપણ કરનારા દર્શનો જો મહાસાગરમાં
ભળતા હોય તો નદીઓ ગણાય છે, અન્યથા ખાબોચિયા છે.

એ ખાબોચિયામાં નદી કે સમુદ્રપણાની કલ્પના
એ મિથ્યાત્વ છે, તેથી 'મિથ્યાત્વ' શબ્દનો
એક પર્યાય 'એકાંત' પણ છે.

## (૬૮) નયોની ઉપયોગીતા

પહેલાં ૪ નય પદાર્થનું નિરૂપણ કરવામાં તત્પર હોવાથી અર્થ નય કહેવાય છે અને છેલ્લા ત્રણ નય શબ્દના વાચ્યાર્થને માનનાર હોવાથી સર્વ શબ્દનય કહેવાય છે.

સૌથી વિશાળ દૃષ્ટિ નૈગમનયની છે,

પછીના નય અલ્પ-અલ્પ વિષયવાળા છે.

વિશુદ્ધિની અપેક્ષાએ પૂર્વ નય કરતાં ઉત્તર નય વધારે વિશુદ્ધ છે, તેથી તે દરેક નયો ઉત્તરોત્તર આત્માની પણ વિશુદ્ધ-વિશુદ્ધ અવસ્થાઓને ગ્રહણ કરે છે.

નૈગમ અને સંગ્રહનયની વિચારણાથી

જીવરાશિ પ્રત્યે સમત્વભાવ-મૈત્રીભાવ વિકસ્વર પામે,

કેમકે એક અંશને પૂર્ણ માને છે અને

જીવોને સત્તાથી સર્વને શુદ્ધ માને છે

તથા પોતામાં રહેલાં સત્તાથી અનંત જ્ઞાન-સુખાદિ ગુણોની અને શક્તિઓની ઓળખાણ થવાથી તેને પ્રગટ કરવાની શ્રદ્ધા-અભિલાષા તથા રુચિ પેદા કરે છે.

વ્યવહારનય અશુદ્ધ અવસ્થાનું ભાન કરાવી

રાગાદિ વિભાવદશા દૂર કરવા પ્રેરણા આપે છે.

ઋજુસૂત્રનય પ્રધાન તો વર્તમાન પરિણતિ-પરિસ્થિતિને સુધારવા માટે જ પ્રયત્નશીલ બનવાની પ્રેરણા આપે છે.

ભૂત-ભાવિકાળની નિરર્થક ચિંતાઓમાંથી છોડાવી વર્તમાન-
કાળે ધર્મપુરુષાર્થ કરવાની સાચી સાદી સમજ આપે છે,
તેથી તેનું નામ 'ઋજુસૂત્ર' સાર્થક થાય છે.

શબ્દનય ૪-૫-૬ ગુણઠાણાવાળા સુસાધકોમાં જ
ભાવપ્રાણની સ્પર્શના કરાવી આત્મસત્તામાં રહેલા અનંત
ગુણોની શ્રદ્ધા, ભાવની રમણતા કરનારા બનાવે છે.

સમભિરૂઢનય ક્ષાયિક અનંતચતુષ્ટયને
પ્રગટાવવા માટે પ્રેરણા આપે છે, કેમકે
ત્યાં સુધી તે જીવમાં જીવત્વનો સ્વીકાર કરતો નથી.

એવંભૂતનય જીવની સંપૂર્ણ શુદ્ધ સ્વભાવદશા પ્રગટે,
ત્યારે તેને 'જીવ' તરીકે સંબોધે છે,
તેથી સિદ્ધત્વ પ્રાપ્ત કરવાની પ્રેરણા આપે છે.
આ રીતે નયભાવ અધ્યાત્મને પુષ્ટ બનાવે છે.

(૧૯) ચારિત્ર = ભાવની તીક્ષ્ણતા, ધ્યાન = ભાવની એકાગ્રતા.
આત્મા સાથે તાદાત્મ્ય તે આનંદ છે.

સત્શાસ્ત્રોના અધ્યયન - અધ્યાપનો,
ચિન્તન, મનન, પરિશીલનાદિ દ્વારા જેમ જેમ
સમ્યગ્ભાવનો ઉપયોગ તીવ્ર બને છે, તેમ તેમ
સ્વભાવરમણતારૂપ ચારિત્રગુણની વૃદ્ધિ થતી જાય છે.

નવતત્ત્વ, ષડ્દ્રવ્ય, નયનિક્ષેપ ભંગ, ઉત્સર્ગ, અપવાદ,
વ્યવહાર, નિશ્ચય, અધ્યાત્મ, યોગાદિ વિષયો સમ્યગ્
જ્ઞાનની અપેક્ષાએ સમજાય છે, તેના વર્તનમાં આવતી
માધ્યસ્થ્યપરિણતિ જ સ્વરૂપરમણતામાં પ્રેરક બને છે.
સમ્યગ્જ્ઞાનના દર્શન અને ધ્યાનના સ્વભાવરમણતા રૂપ
ચારિત્ર અંતે યથાખ્યાત ચારિત્રરૂપ પરમાનંદમાં પરિણમે છે.

(20) સ્વ એટલે આત્મા અને પર એટલે જડ.

સ્વપરનો ભેદ એટલે ચેતન અને જડનો વિવેક.

પ્રમાણ એટલે સ્વપરનું નિર્ણાયક - નિશ્ચયાત્મક જ્ઞાન.

પરોક્ષ મતિ એટલે શ્રુતજ્ઞાન.

પ્રત્યક્ષ મતિ એટલે અવધિ - મનઃપર્યવ - કેવળજ્ઞાન.

નિક્ષેપ એટલે વિભાગ, પૃથક્કરણ.

વિવક્ષિત વસ્તુને વિભાગમાં વહેંચી સ્પષ્ટ જ્ઞાન કરાવનાર
અર્થાત્ અનિર્ણીત વસ્તુનો નામાદિ દ્વારા નિર્ણય કરાવે,
શબ્દ દ્વારા અર્થનો અને અર્થ દ્વારા
શબ્દનો નિશ્ચિત બોધ કરાવે અથવા
અનભિમત વસ્તુનો ત્યાગ અને
અભિમત વસ્તુનો સ્વીકાર કરવામાં ઉપયોગી થાય,
તેનું નામ 'નિક્ષેપ' કહેવાય છે.

(૨૧) ષટ્કારક ચક્ર

દરેક કાર્યમાં કારકપ્રવૃત્તિ કારણભૂત હોય છે.
ષટ્કારક ચક્ર વિના કોઈ પણ કાર્યની ઉત્પત્તિ થતી નથી,
જેમ ઘટરૂપ કાર્યમાં ષટ્કારક ચક્રની પ્રવૃત્તિ હોય છે.

(1) કર્તા = કુંભાર (2) કર્મ = ઘટોત્પત્તિ રૂપી કાર્ય
(3) કારણ = ઉપાદાન મૃત્પિંડ - મૃત્તિકા,
કરણ = નિમિત્ત ચક્રચીવરાદિ.
(4) સંપ્રદાન = મૃત્પીંડને નવા નવા પર્યાયની પ્રાપ્તિ.
(5) અપાદાન = પીંડ - સ્થાસકાદિ પૂર્વ પર્યાયનો નાશ.
(6) આધાર = સર્વ પર્યાયોનું આધારપણું તે દ્રવ્યશક્તિ.

(૨૨) અનાદિકાળથી જીવના આત્મદ્રવ્યમાં
એ છ કારક બાધક રૂપે પરિણમેલા છે.

(1) કર્તા : આત્મા ભાવકર્મ અને દ્રવ્યકર્મનો કર્તા છે.
(ભાવકર્મ = રાગ-દ્વેષાદિ વિભાવ અને જ્ઞાનાવરણાદિ)
(2) કર્મ કે કાર્ય : ભાવકર્મ અને દ્રવ્યકર્મનું બંધન.
(3) કરણ : અશુદ્ધ વિભાવ પરિણતિ
- ભાવાસ્રવ અને દ્રવ્યાસ્રવ
(રાગ-દ્વેષ રૂપ ભાવાસ્રવ તથા પ્રાણાતિપાતાદિ દ્રવ્યાસ્રવ).
(4) સંપ્રદાન : અશુદ્ધતા અને દ્રવ્યકર્મનો લાભ.

(5) અપાદાન: સ્વરૂપનો અવરોધ, ક્ષયોપશમભાવની હાનિ.
(6) આધાર : વિભાવદશા અને જ્ઞાનાવરણાદિ કર્મોને
રાખવાની આધારરૂપ આત્મશક્તિ.

(23) છ કારકનું ચક્ર અનાદિથી અશુદ્ધપણે
અહર્નિશ બાધકપણે પરિણમી રહ્યું છે.

તે જ્યારે સાધકાત્મા સ્વજ્ઞાનાદિ ગુણો પ્રગટાવવા તત્પર બને છે, ત્યારે આ છ કારક નીચે પ્રમાણે સાધકપણે પ્રવૃત્તિ કરતાં એકેક આત્મગુણની વૃદ્ધિ થાય તથા સાધકપણે પરિણમેલા કારકસિદ્ધતારૂપી સાધ્યને સિદ્ધ કરે.

(1) કર્તા : આત્મા સ્વજ્ઞાનાદિ ગુણરૂપ ધર્મનો કર્તા બને છે.
(2) કર્મ (કાર્ય): સ્વધર્મ-જ્ઞાનાદિમાં પરિણમનરૂપ કાર્ય.
(3) કરણ : સ્વધર્માનુયાયી ગુણ પરિણતિ.
ચેતના શક્તિ તે ઉપાદાન કારણ અને
દેવ-ગુરુ-ધર્મની આરાધનારૂપ નિમિત્ત કારણરૂપ કરણ.
(4) સંપ્રદાન : સાધક ગુણ શક્તિનું પ્રકટીકરણ.
અપૂર્વ અપૂર્વ ગુણોની ઉત્પત્તિ.
(5) અપાદાન : પૂર્વ પર્યાય (અશુદ્ધ ભૂમિકા)નું નિવર્તન.
(6) આધાર : સ્વજ્ઞાનાદિ સાધક ગુણોને રાખનારી
આત્મશક્તિ.

## (૨૪) પાંચ પ્રકારની શક્તિઓ

(1) કર્તૃત્વ શક્તિ = તેને સ્વરૂપકર્તાપણે પ્રવર્તાવવા.
(2) ભોક્તૃત્વ શક્તિ = સ્વગુણ-પર્યાયના ભોગમાં પ્રવર્તાવવા.
(3) રક્ષકતા શક્તિ = સ્વભાવના રક્ષકપણે પ્રવર્તાવવા.
(4) વ્યાપકતા શક્તિ = સ્વભાવના વ્યાપકપણે પ્રવર્તાવવા.
(5) ગ્રાહકતા શક્તિ = સ્વભાવના ગ્રાહકપણે પ્રવર્તાવવા.

(૨૫) અનાદિથી આ પાંચ શક્તિઓ એટલે કે કર્તૃત્વ - ભોક્તૃત્વ - રક્ષકતા - વ્યાપકતા - ગ્રાહકતાની શક્તિઓ નીચે મુજબ પ્રવર્તતી હતી:

(1) કર્તૃત્વશક્તિ :

તે પરદ્રવ્ય રૂપાદિ ભાવદશાના કર્તાપણે પ્રવર્તતી હતી.

(2) ભોક્તૃત્વ શક્તિ:

તે પરપુદ્ગલાદિ વિભાવદશાના ભોગમાં પ્રવર્તતી હતી.

(3) રક્ષકત્વ શક્તિ:

તે પરદ્રવ્યના રક્ષકપણે પ્રવર્તતી હતી.

(4) વ્યાપકત્વ શક્તિ:

તે પરદ્રવ્યમાં વ્યાપકપણે પ્રવર્તતી હતી.

(5) ગ્રાહકત્વ શક્તિ:

તે પરદ્રવ્યના ગ્રાહકપણે પ્રવર્તતી હતી.

(૨૬) स्याद्वाद दृष्टिए जीवनुं स्वरूप

नित्यानित्यत्वादि अनेक धर्मयुक्त वस्तुनो स्वीकार
ते अनेकान्तवाद अथवा स्याद्वाद छे.
नित्यानित्य, एकानेक, सदसत्, वाच्यावाच्य -
ए ८ धर्मो जीवमां रहेला छे, ते व्यवहारनय अने
निश्चयनय उभयनी अपेक्षाए नीचे मुजब छे.

(1) नित्यानित्य पक्ष (व्यवहार नये)

व्यवहारथी जीव जे गतिमां पोताना आयुष्य प्रमाणे रहे,
ते गतिमां तेटलो वखत नित्य छे,
परंतु समये समये आयुष्य घटे छे,
तेथी अनित्यपणामां पण जीव स्वयं नित्यपणे वर्ते छे.
आम नित्यमां अनित्यपणुं अने
अनित्यमां नित्यपणुं परोवायेलुं छे.

(2) नित्यानित्य पक्ष (निश्चय नये)

जीवना ४ गुण : ज्ञान, दर्शन, चारित्र, वीर्य तथा
जीवना ३ प्रकृति : अव्याबाध, अमूर्त, अनवगाह.
आ साते नित्य छे. अगुरु - लघु पर्याय सर्व गुणोमां
हानि - वृद्धिरूप उत्पाद - विनाशशाली छे.
तेथी नित्य गुणोमां पण अनित्यपणुं थयुं.

અભિન્નપણામાં પણ જ્ઞાનાદિ ગુણથી ભિન્નપણે વર્તે છે,
તેથી અભિન્નમાં પણ ભિન્નપણું ઘટ્યું.

(૨૭) એકાનેક પક્ષ (વ્યવહાર નયે)

ઔદયિક ભાવથી જે ગતિમાં જીવ રહેલ છે,
તે ગતિમાં એક છે, છતાં કોઈનો પુત્ર, કોઈનો પિતા,
કોઈનો ભાઈ વગેરે સંબંધો હોવાથી
જીવમાં પુત્રત્વ, પિતૃત્વાદિ ધર્મો અનેક છે.
આમ એકમાં અનેકપણું - અનેકમાં એકપણું રહેલું છે.

એકાનેક પક્ષ (નિશ્ચય નયે)

સર્વ જીવોનો ધર્મસત્તાએ સમાન છે માટે 'એગે આયા'
સર્વ જીવ એક છે, પરન્તુ પ્રદેશો અસંખ્યાત છે,
ગુણ-પર્યાયથી અનંત છે, માટે અનેક પણ કહેવાય છે.
છતાં અનેક પ્રદેશ અને અનંત ગુણ-પર્યાયોમાં
જીવ તો એક જ છે, માટે અનેકમાં એકપણું પણ છે.

(૨૮) સત્ - અસત્ પક્ષ (વ્યવહાર નયે)

જીવ સ્વદ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવે સત્ છે.
સ્વદ્રવ્ય = જે ગતિમાં વર્તે છે તે.
સ્વક્ષેત્ર = જે ક્ષેત્રને અવગાહી રહેલ છે તે.
સ્વકાળ = પોતાના આયુષ્ય પ્રમાણકાળ.
સ્વભાવ = શુભાશુભ જે ભાવમાં રહે છે તે ભાવ.

ચૌદ રાજ જે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ
જીવ અસત્ છે.

એ રીતે સત્માં અસત્પણું અને
અસત્પણામાં સત્પણું રહેલું જાણવું.

સત્ - અસત્પક્ષ (નિશ્ચય નયે)

નિશ્ચય નયે સ્વદ્રવ્યાદિથી સત્, પરદ્રવ્યાદિથી અસત્ છે.

સ્વદ્રવ્ય = જ્ઞાનાદિ ગુણયુક્ત જીવ.
સ્વક્ષેત્ર = પોતાના અસંખ્યાત પ્રદેશો.
સ્વકાળ = અગુરુ-લઘુ પર્યાયની હાનિ-વૃદ્ધિરૂપ.
સ્વભાવ = પોતાના ગુણ-પર્યાયોની પ્રવૃત્તિ.

એ સિવાયના બધા પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જાણવા.

(૨૯) વક્તવ્યાવક્તવ્ય પક્ષ (વ્યવહાર નયે)

ઔદયિક ભાવના ઉદયથી જીવ
પ્રથમ ગુણસ્થાનકથી ૧૪મા ગુણસ્થાનક સુધી વર્તે છે.
તે સંસારી જીવના જેટલા ગુણ અને પર્યાય
કેવળી ભગવાનથી કહી શકાય, તે વક્તવ્ય અને
જેટલા ન કહી શકાય, તે અવક્તવ્ય.

વક્તવ્યાવક્તવ્ય પક્ષ (નિશ્ચય નયે)

સિદ્ધ પરમાત્મા જેઓ ગુણસ્થાનકરહિત છે અને

લોકાંતે સ્થિત છે, જિનના જેટલા ગુણો
કેવલી ભગવાન કહી શકે, તે વક્તવ્ય અને
બાકી પણ ન કહી શકે, તે અવક્તવ્ય.

(30) કાયોત્સર્ગ મુદ્રા એ ધ્યાન અને
માનસિક જાપનો જ એક પ્રકાર છે.
લોગસ્સ સૂત્ર પણ દેવતાસ્વરૂપ ભાવાદિ ઋષિ મંત્ર જ છે.
ઉચ્ચારણમાં ભાષ્ય જાપ થાય.
કાયોત્સર્ગમાં માનસિક જાપ થાય.
ચૈત્યવંદન, દેવવંદન, સ્તુતિ, સ્તોત્ર, સ્તવન, નવસ્મરણ
આદિ પણ દેવતાસ્વરૂપ ભાવાદિ ભાષ્યજાપ જ છે.
જાપના સતત અભ્યાસથી પણ
ભાવનાયોગ અને ધ્યાનયોગની પ્રાપ્તિ થાય છે.
નિરંતર નિયમિત જાપ કરનાર સાધક
અધ્યાત્મના સૂક્ષ્મ રહસ્યોને અનુભવી જાણી શકે છે.

(31) <u>Leaves of grass - Walt Whitman:</u>

(1) મહાસાગર મોટું કંઈ જ નથી, ભગવાન પણ નહીં.
(2) હું વિશાળ છું, મારામાં પારાવાર સમાયો છે.
(3) તમને મારી ફરી વાર જરૂર પડે,
તો તમારા પગરખા નીચેની રજમાં મને શોધજો.

(૩૨) શરણાગમનથી મિથ્યાત્વમોહ વિલય પામે છે અને
શુદ્ધ આત્માનું ભાન થાય છે.
મોહ જવાથી - આત્મભાન થવાથી રાગ-દ્વેષ વિલય પામે છે.
રાગ સ્વપક્ષપાતરૂપ છે, દ્વેષ પરોપેક્ષારૂપ છે.
દ્વેષ વિલીન થઈ સ્વપરમાં અસ્તિત્વનો - અભેદનો પ્રતિભાસ
થાય, ત્યારે આત્માનું શુદ્ધ - પૂર્ણસ્વરૂપ પ્રકાશી ઉઠે છે,
એ જ પ્રક્રિયાથી પોતાનું શુદ્ધ સ્વરૂપ પામીને સર્વે
અરિહંતો સર્વ કર્મરાશિ ખપાવીને મોક્ષ પામે છે અને
ભવ્ય જીવોને તે રીતે કરવાનો ઉપદેશ આપી જાય છે.
તેમના ઉપદેશરૂપી ધર્મકાર્યનું અનુમોદન
એ સુકૃતાનુમોદન છે.
તેમને નમસ્કાર એ આજ સુધી
તેમની કરેલા ઉપેક્ષારૂપી દુષ્કૃતનું ગર્હા છે અને
એ નમસ્કાર વડે શરણાગતિ થાય છે. તે શરણાગતિ
શુદ્ધ આત્મસ્વરૂપનો નિર્ણય બોધ કરવાનું સાધન છે.

(33) નમસ્કાર એ
શુદ્ધ દ્રવ્ય - ગુણ - પર્યાયને શરણાગતિરૂપ છે.
આજ સુધી તેથી વિરુદ્ધ વર્તન કર્યું અથવા
પ્રમાદ - ઉપેક્ષા સેવી, તે મહામોહોદય રૂપ પાપ છે.

નમસ્કારથી એક બાજુ તત્ત્વને શરણાગતિ થાય છે, બીજી બાજુ દુષ્કૃત અને વિરોધનું પાપ ધોવાય છે તથા ત્રીજી બાજુ દુષ્કૃત અને વિરોધ કરનાર પણ જ્યારે શરણે જાય છે, ત્યારે શરણ આપવા એકાંત તત્પર રહેલ છે.

તેવા પરમર્ષિ ભગવંતોના

લોકોત્તર સુકૃતનું અનુમોદન થાય છે.

એ રીતે નમસ્કારમાં શરણાગતિ, દુષ્કૃતગર્હા અને

સુકૃતાનુમોદન - ત્રણે એક સાથે રહેલાં છે.

સમગ્ર નવકારના પહેલાં પાંચ પદ શરણાગતિસૂચક છે.

વચલા બે પદ ગર્હા અને તેના ફળસૂચક અને

છેલ્લા બે પદ અનુમોદન અને તેના ફળના સૂચક છે.

આમ આદિ-મધ્ય-અંત્ય મંગલ પણ તેમાં ગુંથાયેલા છે.

(38) નવકારના પ્રથમ પદના

ફક્ત 'નમો' પદમાં પણ તે ત્રણે વસ્તુઓ રહેલી છે.

નમો પદ શરણાગતિને સૂચવે છે.

શરણાગતિ આજ સુધી ન લીધી તે દુષ્કૃતની ગર્હાને પણ

સૂચવે છે અને હવે શરણાગતિ લેતી વખતે

શરણાગતિ આપનાર પરમર્ષિઓના

સુકૃતની, પ્રભાવની, ગુણની અનુમોદનાને પણ સૂચવે છે.

શરણાગતિ કોની? તે 'અરિહં' પદ સૂચવે છે.
અરિહં એટલે શુદ્ધ દ્રવ્ય - ગુણ - પર્યાયની અનુભૂતિનો
માર્ગ ઉપદેશનારા, એ માર્ગે ચાલીને જ પોતે સિદ્ધિ
પ્રાપ્ત કરી અને જે કોઈ એ માર્ગે ચાલે, તેને અવશ્ય
સિદ્ધિ પ્રાપ્ત થાય એવું વચન તથા ઉપદેશ આપનારા.

'તાણં' પદ પ્રણામને, શરણાગતને, નમ્રતા વડે પ્રાપ્ત થતી
નિર્ભયતા અને નિશ્ચિંતતાને સૂચવનારું છે. 'તાણં' પદ
પ્રભુવચન ઉપર પ્રતીતિ કરાવનાર અને ફળની એકાંતિકતા
અને આત્યંતિકતા જણાવનાર ઐદંપર્યાર્થક છે.
એ રીતે સમગ્ર નવકાર, તેનું આદિ પદ અને સમગ્ર
દ્વાદશાંગી એક જ અર્થને કહેનારા છે, તે સિદ્ધ થાય છે.

(૩૫) નવકાર એ શબ્દ, અર્થ અને જ્ઞાન ત્રિતયરૂપ છે.
શબ્દ એ વૈખરી, મધ્યમા, પશ્યંતી અને પરારૂપ છે.

તેના ઉચ્ચારણ પરત્વે અનુક્રમે
ભાષ્ય, ઉપાંશુ, માનસ અને અનાહતરૂપ બને છે.

અર્થ આત્મસ્વરૂપ છે,
તે અવ્યક્ત, અરૂપ, સૂક્ષ્મ, નિર્વિકલ્પ છે
અને જ્ઞાન તે તેનું સ્વસંવેદન છે.

આત્મા આત્માને આત્મા વડે આત્મામાં જાણે છે,
તે જ્ઞાનનું સ્વરૂપ છે.

એ રીતે વ્યવહારમાં સ્થૂળથી માંડીને સૂક્ષ્મ શબ્દ પ્રયત્નની,
બાહ્યાત્મા, અંતરાત્માથી માંડીને પરમાત્મતત્ત્વ સુધીનું
અર્થચિન્તન અને તેનું શ્રુત, ચિન્તા અને ભાવના વડે
અથવા અભ્યાસ, તર્ક અને ધ્યાનાભ્યાસ વડે
પ્રાપ્ત થતું સમ્યગ્જ્ઞાન રહેલું છે.

અહીં શબ્દપ્રવૃત્તિને કર્મયોગ, અર્થભાવનાને ભક્તિયોગ
અને તેના સ્વસંવેદનને જ્ઞાનયોગ કહી શકાય. ત્રણે ય
યોગનો એકત્ર સંયોગ હોવાથી તે મોક્ષમાર્ગ બની શકે છે.

કર્મયોગ ધારણામાં સહાયક છે,
ભક્તિયોગ ધ્યાનમાં તથા જ્ઞાનયોગ સમાધિમાં સહાયક છે.
એક જ વિષયમાં ધારણા - ધ્યાન - સમાધિ થતી હોવાથી
'ત્રયમેકત્ર સંયમ:।' 'તજ્જયાત્ પ્રજ્ઞાલોક:।'
એ બે પાતંજલ સૂત્ર મુજબ જ્ઞાનપ્રકાશ, ઋતંભરાપ્રજ્ઞા
અને કૈવલ્ય પ્રાપ્તિ પર્યંતનો હેતુ બને છે.

જૈન સિદ્ધાંત મુજબ

શબ્દની ધારણાથી આત્મતત્ત્વની રૂચિ કેળવાય છે,
અર્થના ધ્યાનથી આત્મતત્ત્વનો બોધ થાય છે અને
સ્વસંવેદન જ્ઞાનથી આત્મતત્ત્વની પરિણતિ ઘડાય છે.
તેને અનુક્રમે સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને
એ ત્રણેની એકતારૂપથી મોક્ષમાર્ગ કહે છે,

તેથી નવકાર મંત્ર અને તેનું પ્રથમ પદ અને
તેના પ્રથમ પદનું પહેલું પ્રથમ પદ
એ શ્રી જિનશાસનમાં દ્વાદશાંગીનો સાર, ચૌદપૂર્વનો ઉદ્ધાર
અને સંસારસાગરનો નિસ્તાર કરનાર કહેવાય છે.
જેનો છેલ્લો શ્વાસ નવકારના ધ્યાનમાં જાય છે...
તેનું મરણ એ પંડિતમરણ બની જાય છે,
તેના ભવચક્રના ફેરા કપાઈ જાય છે,
તેના જન્મ-મરણનો ઉચ્છેદ થઈ જાય છે,
તેથી તે આત્મા કૃતકૃત્ય બની જાય છે.

(38) સતતાભ્યાસ એ કર્મયોગ છે, વિષયાભ્યાસ એ ભક્તિયોગ છે અને ભાવાભ્યાસ એ જ્ઞાનયોગ છે.

અહીં યોગમાં નમસ્કાર ભાવ વ્યાપ્ત છે.
પ્રથમમાં માતા-પિતાદિ લૌકિક ઉપકારીઓ પ્રત્યે,
બીજામાં દેવ-ગુરુ આદિ લોકોત્તર ઉપકારીઓ પ્રત્યે
અને ત્રીજામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ ગુણોથી યુક્ત
આત્મતત્ત્વ પ્રત્યે ભક્તિભાવ,
કૃતજ્ઞતાભાવ તથા સમર્પણભાવ અભિવ્યક્ત થાય છે.

(39) પાંચે પરમેષ્ઠિઓમાં 'આર્હન્ત્ય' વ્યાપ્ત છે.
આર્હન્ત્ય = અરિહંતની શક્તિ. તે શક્તિ સામર્થ્યસ્વરૂપ છે.
તે જ અરિહંતોનું આત્મૈશ્વર્ય છે.

અરિહંતોની આજ્ઞા ભેદભાવનો નાશ કરી
જીવરાશિ પ્રત્યે ચૈતન્યસ્વરૂપે અભેદભાવ પ્રગટાવવાની છે.
ભેદભાવમાંથી હિંસાદિ આશ્રવો અને અભેદભાવમાંથી
અહિંસા અને ક્ષમાદિ સંવરસ્વરૂપ ધર્મો ઉત્પન્ન થાય છે.
આશ્રવના ત્યાગસ્વરૂપ અને સંવરના સ્વીકારરૂપ
પ્રભુની આજ્ઞાનું તાત્પર્ય
ભેદબુદ્ધિનો નાશ અને અભેદબુદ્ધિનો આવિર્ભાવ છે
અર્થાત્ આત્મબુદ્ધિ તથા સમત્વભાવની પ્રાપ્તિ છે.
એ સમત્વભાવ એ જ સકલ અરિહંતોનું
પ્રતિષ્ઠાન, મોક્ષલક્ષ્મીનું નિવાસસ્થાન અને
સ્વર્ગ-મર્ત્ય-પાતાલ ત્રિલોકનું સ્વામિત્વ-પ્રભુત્વ ધરાવે છે.
સમગ્ર વિશ્વની વ્યવસ્થા ઉપર આત્મભાવનું પ્રભુત્વ છે.
વ્યવસ્થિત લોકસ્થિતિ ઉપર આત્મભાવનું સ્વામિત્વ છે.
વિશ્વમાં થતી અવ્યવસ્થા એ આત્મભાવનાં ભંગનું
અને વિષમભાવનાં સેવનનું ફળ હોય છે.
તેનું નિવારણ થઈ જાય છે અને પાછી વ્યવસ્થિતતા
ઉત્પન્ન થઈ જાય છે, તેની પાછળ આર્હંત્ય કાર્ય કરે છે.
આર્હંત્ય વિશ્વવત્સલ છે, તેથી જ અરિહંતોની ભક્તિ
સમસ્ત સત્ત્વ વિષયક સ્નેહપરિણામને વિકસાવે છે.

તેમની વીતરાગતા વીતરાગ સ્વરૂપ છે,
સંજ્વલન મોહનીય કર્મના ઉદયથી થતો સ્વવિષયક
પરપુદ્ગલ ભાવવિષયક રાગના સર્વથા અભાવરૂપ છે,
નિર્મૂળ ક્ષયરૂપ છે, શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિરૂપ છે.
છતાં પણ તે વિશિષ્ટ રાગરૂપ છે.
એ વિશિષ્ટ રાગ શુદ્ધ આત્મસ્વરૂપમાં રહેલ સૌ જીવરાશિ
ઉપર સ્વાભાવિક પ્રેમ, કરુણા અને વાત્સલ્યરૂપ છે.
એ રાગ તે બાહ્યરંગરૂપ નહિ, પરંતુ સ્વરૂપની નિર્મળતા
થવાના યોગે પ્રાપ્ત થતી સ્વચ્છતા, પ્રસન્નતા, આકાશ
અને જળના રંગ જેવી નિષ્કલંક શ્વેતતા રૂપ છે અને
તે જ તેમનું આર્હંત્ય છે. એ આર્હંત્ય જ
સાધુમાં સાધનાની સહાયરૂપે, ઉપાધ્યાયમાં જ્ઞાનદાનરૂપે,
આચાર્યમાં આચારપ્રદાનરૂપે, સિદ્ધમાં પ્રભુના આધિપત્યરૂપે
અને અરિહંતોમાં બધાના મૂળરૂપે રહેલું છે.
વૃક્ષનું મૂળ હંમેશા શ્વેત હોય છે,
ફળ લાલ, પુષ્પ પીત, પત્ર નીલ અને સ્કંધ શ્યામ હોય છે.
તે અનુક્રમે પંચ પરમેષ્ઠિઓના વર્ણરૂપે
ધ્યાન કરવા માટે વિહિત થયેલાં છે.
શ્યામ વર્ણ અનેક ગુણોને ધરાવે છે.

સ્થાન વસ્તુની અવગાહના અનેક ઉપદ્રવકારક છે.
(સ્થાન) પૃથ્વી અને (સ્થાન) મેઘ
જેટલા વધારે સ્થાન, તેટલા વધારે ઉત્કૃષ્ટ છે.
આંબાની ટીટી અને માથાના વાળ જેમ વધારે સ્થાન,
તેમ વધારે લાભ અને પ્રેમ પ્રગટાવનારા ગણાય છે.
સાધુની સ્થાનતામાંથી ઉપાધ્યાયનું લાભ,
આચાર્યોનો આચાર, સિદ્ધોની સિદ્ધિ અને
અરિહંતોનું આર્હન્ત્ય પ્રગટ થાય છે
જેમ લૌકિકમાં - તેમ લોકોત્તરમાં
સ્થાન વસ્તુનું મહત્વ બધાના મૂળ તરીકે ગણાયેલું છે.
તપ, જપ, સંયમ, ઉપસર્ગ - પરિષહ સહનાદિ સાધુ ધર્મ
સ્થાન વ્યક્તિને પુષ્ટ કરે છે, તેથી બધાનો ઉત્કૃષ્ટ છે.
પાંચે પરમેષ્ઠિઓમાં આર્હન્ત્ય વ્યાપ્ત છે.
(૩૮) નવકાર એ પંચમંગલરૂપ પ્રથમ છે, મંત્ર પછી છે.
નવકાર રૂપેય મંત્ર માનવો,
તે *principal*ને *professor* બનાવવા જેવું છે.
મંત્રમાં મનનની જરૂર પડે છે.
મંગલ દર્શન, શ્રવણ આદિ અનેક રીતે સ્વકાર્ય કરે છે.
મંત્ર કરતાં પણ મંગલનો મહિમા સવિશેષ છે.

# નવકારની મંગલમયતા

પંચ પરમેષ્ઠિઓની મંગલમયતાના કારણો છે.
મનને ત્રાણ કરે છે, તેથી મંત્ર છે અને
અશુભમાત્રથી ભય ગાળે છે, માટે મંગલ છે.

(૩૯)જેમ પ્રતિષ્ઠિત મૂર્તિમાં 'આ મૂર્તિ પ્રતિષ્ઠિત છે' એવો વ્યવહાર પ્રતિષ્ઠાજનિત આત્મગત સમાપત્તિ જ સ્વનિરૂપક સ્થાપ્યાલંબનત્વ સંબંધથી ઉત્પન્ન કરે છે, તેમ સિદ્ધ મંત્રોમાં 'આ મંત્ર સિદ્ધ છે' એવો વ્યવહાર મંત્રદ્રષ્ટા મહાપુરુષોમાં પરમાત્મવિષયક આત્મસમાપત્તિ સ્વનિરૂપક વાચકાલંબનત્વ કે વાચ્યાલંબનત્વ સંબંધથી ઉત્પન્ન થાય છે, તેથી સામાન્ય મંત્રો અને વિશિષ્ટ મંત્રોમાં શક્તિ સમાન હોઈ શકતી નથી.

કેવળ વર્ણમાળાના અક્ષરો અથવા તાત્ત્વિક સમાપત્તિરહિત મંત્રોમાં આત્મલાભ કરવાની તે શક્તિ નથી કે જે શક્તિ નમસ્કારાદિ સિદ્ધ અને શાશ્વત મંત્રોમાં રહેલી છે.

તાત્ત્વિક સમાપત્તિયુક્ત તે મંત્રો કેવળ વર્ણમાળા સ્વરૂપ નથી, કિન્તુ પરમાત્મભાવથી પ્રતિષ્ઠિત થયેલા સિદ્ધ મંત્રો હોવાથી તેનું સ્મરણ ધ્યાનાદિ પરમાત્મસમાપત્તિનું કારણ બને છે.

'નમો અરિહંતાણં' એ મંત્ર બોલતાંની સાથે જ

'મયિ તદ્રૂપં, સ એવાઽહં ।' ઇત્યાકારક પ્રતીતિ થાય છે અને
તે પ્રતીતિ પરમ સમાપત્તિનું કારણ બનીને
કાલક્રમે નિર્મળ આત્મસ્વરૂપનું આવિષ્કરણ કરે છે.
આચાર્યોનું એવું કથન છે કે:
આ સમાપત્તિ એ જ યોગીઓની પરમ માતા છે અને
અંતે નિર્વાણ ફલપ્રદા બને છે, તેથી
'નમો અરિહંતાણં મયિ તદ્રૂપં સ એવાઽહં ।'
એ ષોડશાક્ષરી મંત્ર પ્રભુત શક્તિવાળો બને છે.
(૪૦) લાભમંગલ = મંગલ લાભ, આત્માનો શુભ અધ્યવસાય.
નમસ્કાર શુભ અધ્યવસાયને જગાડે છે,
નમસ્કાર વડે જાગતો તે શુભ અધ્યવસાય
લાભમંગલ અર્થાત્ મંગલ લાભ છે.
તે મંગલ લાભ જ પંચકનું અસાધારણ કારણ છે.
(1) શબ્દ - રૂપાદિ પાંચ વિષયો
(2) ઔદાર્ય - દાક્ષિણ્યાદિ ધર્મના પાંચ લક્ષણો
(3) ઉપશમ - સંવેગાદિ સમકિતના પાંચ લિંગો
(4) મૈત્રી - માધ્યસ્થ્યાદિ ચાર ભાવો
(5) અહિંસા - સત્યાદિ પાંચ ધર્મોનું પ્રણિધાન જ્યારે
પાંચ પરમેષ્ઠિઓમાં કરવામાં આવે, ત્યારે
તે લાભનમસ્કાર બની જાય છે.

(૪૨) સાધુપદ કેવળ સાધના માટે છે,
સિદ્ધ પદ કેવળ સિદ્ધિ માટે છે.

સાધુ પદમાં સર્વની સાથે અભેદ સાધવાનો છે.
'સર્વમાં હું જ બિરાજમાન છું' એમ સદ્દહી - સમજીને
અહિંસા - ક્ષમાદિ ધર્મોની સાધના કરવાની છે.
તે સાધના ૧૨ વર્ષ - ૨૪ વર્ષ - ૩૬ વર્ષ થવા જાય તેનો
ઉપદેશ જગતને આપવાનું કાર્ય - તે ઉપાધ્યાય પદ છે.
તેનું પાલન કરાવવાનું કાર્ય આચાર્યપદનું છે.
તે બે પદ સક્રિય છે, સિદ્ધપદ અક્રિય છે.
અહિંસા અને ક્ષમાદિ ધર્મની સિદ્ધિ તે સિદ્ધપદ છે અને
જગત સર્વને તે સિદ્ધ કરાવવાનું સક્રિય કાર્ય
અરિહંત પદ દ્વારા થાય છે,
અરિહંતપદ એ સિદ્ધપદ તથા આચાર્ય પદનું માધ્યમ છે.
સાધુપદ મૂળરૂપે સર્વવ્યાપી છે,
સિદ્ધ પદ ફળરૂપે સર્વવ્યાપી છે.
સાધુ પદ સર્વ જીવોને પોતાનામાં સમાવે છે,
સિદ્ધ પદ સર્વ રૂપે પોતે બને છે.
અરિહંત પદ સર્વમાં પોતે વ્યાપે છે.
સાધુ અવસ્થા સ્વમાં સર્વને સમાવે છે અને
અરિહંત અવસ્થા સર્વમાં સ્વને વ્યાપક બનાવે છે.

સાધુને કુશળ સાધના કરવાની હોય છે, તેમાં
માર્ગદર્શન ઉપાધ્યાયનું, શિસ્તપાલન આચાર્યોનું અને
આત્માપાલન અરિહંતોનું છે.

સિદ્ધ પદ ફળસ્વરૂપ, બધાના લક્ષ્ય, ધ્યેયસ્વરૂપ છે
આમ સાધુ અને સિદ્ધ પદ સર્વવ્યાપી છે. અરિહંતાદિ પછી
તે ઉપદેશાદિ વડે ભવ્યજીવોમાં વ્યાપકતાને વિસ્તારે છે.

(૪૨) દેવતત્ત્વ અને ધર્મતત્ત્વની વચ્ચે ગુરુતત્ત્વમાં છે.
ગુરુતત્ત્વનું મુખ્ય લક્ષણ બ્રહ્મચર્ય છે.

'બ્રહ્મમાં રમણ કરવું' તે બ્રહ્મચર્યનો મુખ્ય અર્થ છે.
કદાચિત પણ જેઓ બ્રહ્મચર્ય પાળે છે, તેઓ એટલા
અંશે આત્મસ્વરૂપમાં રહેલા છે, એમ માનવું જોઈએ.
ખરું બ્રહ્મચર્ય ચિત્તવૃત્તિને બ્રહ્મમાં એટલે કે
આત્મસ્વરૂપમાં પરોવી રાખવી તે છે.

અનાત્મભાવમાં ચિત્તવૃત્તિની રમણતા એ જ અબ્રહ્મ છે,
બ્રહ્મસંબંધ કાયમ હોવાથી પરબ્રહ્મસ્વરૂપ દેવતત્ત્વ
અને અરિહંતે પ્રરૂપેલા ધર્મતત્ત્વમાં સંબંધ કરાવવા માટે
ગુરુતત્ત્વ સમર્થ થાય છે. બ્રહ્મચર્યવાન ગુરુના પ્રત્યક્ષ
સંબંધથી જ પરોક્ષ એવા બ્રહ્મસ્વરૂપ
દેવ અને બ્રહ્મમાં ચર્યારૂપ ધર્મનો સંબંધ થઈ શકે છે.

(૪૩) મંત્રનું સ્મરણ પરિશુદ્ધ અને વિધાનપૂર્વક થવું જોઈએ.

પરિશુદ્ધ = ઈહલૌકિક-પરલૌકિકની આશંસાદિ દોષોથી રહિત.

વિધાનપૂર્વક = ક્રમસર.

દેવપૂજનાદિ વિધિના પાલનપૂર્વક જે થાય,
તે પરિશુદ્ધ અને વિધાનપૂર્વક થયું કહેવાય.

(૪૪) દ્રવ્યસ્વાસ્થ્ય = શારીરિક સુખ.
ભાવસ્વાસ્થ્ય = મનની શાંતિ.

ગુરુ મંત્ર દેવતાઽત્મા મનઃ પવનાનાં
ઐક્યનિષ્કલનાત્ અંતરાત્મસંવિત્તિઃ ।

ગુરૂથી 'નમો' મંત્ર મળે છે,
મંત્રથી અરિહંત દેવનું સ્વરૂપ ઓળખાય છે અને તેથી
મન, શ્વાસ અને આત્મા દેવગુરુની ભક્તિમાં જોડાય છે.

મંત્રથી મૂર્તિને ગ્રહણ કરીને દેવોના પણ દેવ, સર્વજ્ઞ, સર્વવ્યાપી અને રાગાદિદોષરહિત શાંત એવા ભગવાન શ્રી જિનેશ્વર દેવ મારી સમક્ષ સાક્ષાત્ પ્રગટ થયાં છે.

Omniscient, Omnipresent and Omnipotent એવા પરમાત્માની સાથે ગુરૂપ્રદત્ત મંત્ર વડે મારા આત્માની એકતાની અનુભૂતિ થઈ, તેનો પ્રમોદ, સર્વ સર્વ આત્મપ્રદેશોએ એટલે કે સર્વ રોમ-રોમમાં પ્રગટ થવો જોઈએ.

મંત્ર વડે ભાષા, શ્વાસોચ્છ્વાસ અને મનની એકતા થાય,
સંકલ્પ - વિકલ્પ રાગ-દ્વેષરૂપી ભાવકર્મ શમે છે, તેથી
આત્મલાભ થાય છે.

'મન - મંત્ર - બ્રહ્મ એ આત્માનો વ્યાપાર છે'
એટલી સમજણ સ્પષ્ટ થાય છે.

એ સમજણ આવ્યા બાદ અંતરાત્મભાવ રૂપી ગરૂડ અને
પરમાત્મભાવ રૂપી દેવ - બન્નેનું સ્વરૂપ પ્રગટ થાય છે.

(૪૫) દુષ્કૃતગર્હા ત્રણ કરણ અને ત્રણ યોગ વડે,
સુકૃતાનુમોદના સાત ધાતુ તથા દશ પ્રાણ વડે અને
શરણાગમન ૩॥ ક્રોડ રોમ અને
અસંખ્ય પ્રદેશ વડે કરવું જોઈએ.

(૪૬) અરિહં = શત્રુભાવને હણનાર. તેનું બીજ દુષ્કૃતગર્હા છે.
અરહં = ત્રિભુવનપૂજ્યતા. તેનું બીજ સુકૃતાનુમોદન છે.
અરુહં = જન્મ - જરા - મરણોચ્છેદક.
તેનું બીજ શરણાગમન છે.

દુષ્કૃત માત્ર ગર્હણીય છે, સુકૃત માત્ર અનુમોદનીય છે.
એ બે વાત પરિપક્વ થયા પછી
શરણાગમનનો સાચો અધિકાર પ્રાપ્ત થાય છે.
શરણાગમન બે પ્રકારનું છે:

Objectively અરિહંતાદિ પરમેષ્ઠિઓનું શરણ -
કે જેઓએ શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે અન્યો
કરવા માટે સતત ઉદ્યમવંત છે.

Subjectively નિજ શુદ્ધ આત્માનું શરણ -
દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્માદિ ભિન્ન, અનંત ચતુષ્ટયાદિ
સંપન્ન, સાક્ષાત્ સત્તા માત્ર એવા આત્મદ્રવ્યનું શરણ.

નમો એ બીજ છે, તાણં એ ફળ છે.
'અરિહં' એ દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના, શરણાગમનના
પ્રકર્ષને પામેલા સર્વ શુદ્ધ આત્માઓનું સ્મરણ છે.
નમો વડે શુદ્ધ આત્માઓને હૃદયભૂમિમાં બિરાજમાન
કરવાથી તેનાં ફળસ્વરૂપે આપણો આત્મા શુદ્ધ, બુદ્ધ,
નિરંજન બને છે, તે જ ત્રાણ અથવા તો શરણ છે.

(૪૭) (અ) સાધુરૂપી રત્નની ૪ કસોટી

કષ = લેશ્યાવિશુદ્ધિ, સ્નેહપરિણામ
છેદ = અક્રૂરતા - વિશિષ્ટ લક્ષ્ય,
તાપ = અપકાર કરનાર ઉપર અનુકંપા
તાડન = આપત્તિમાં ચિત્તની નિશ્ચલતા

(બ) સંસારનું મૂળ = કંચન, કામિની, કાયા, કુટુંબનો સ્નેહ.
મોક્ષનું મૂળ = દાન, શીલ, તપ તથા વિશ્વકુટુંબ, વિશ્વસ્નેહ.

(c) सर्वे भगवतामेषां बान्धवा वत्स ! जन्तवः ।
एते त्रसेतराणां च बान्धवा सर्वदेहिनाम् ॥१॥
समस्ता मातरोऽमीषां नरामरपशुस्त्रियः ।
एतेऽपि सूनवस्तासां भगवन्तो नरोत्तमाः ॥२॥
- उपमिति० पृ-४३९ (ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

(d) शमसंवेगनिर्वेदकृपाऽऽस्तिक्यविराजितम् ।
मैत्र्यप्रमोदकारुण्यमाध्यस्थैर्वासितात्मकम् ॥१॥
- उपमिति० पृ-४३९-५१ (પરિશિષ્ટ-૨)

(૪૮) अरिहं = દ્રવ્યની અવગાહનાનો પ્રતિકાર.
अरहं = ગુણની અવગાહનાનો પ્રતિકાર.
अरुहं = પર્યાયની અવગાહનાનો પ્રતિકાર.
દ્રવ્ય = Similarity.
ગુણ = sameness.
પર્યાય = oneness of all - whole.

(૪૯) વ્યક્તિનિષ્ઠ આત્મા એ
મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રથી યુક્ત છે.
તે જ આત્મા જ્યારે સમષ્ટિનિષ્ઠ બને છે,
ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રયુક્ત બને છે.
વ્યવહારથી સંસારી જીવ કર્મબદ્ધ છે,
નિશ્ચયથી તે અષ્ટકર્મથી ભિન્ન છે.

એ રીતે ભિન્નાભિન્નની શ્રદ્ધા અને
જ્ઞાનપૂર્વક તદનુરૂપ વર્તન કરવામાં આવે છે, ત્યારે
અર્હં પોતે જ અર્હં બની જાય છે.

(૫૦) ઉત્સર્ગ એ કાર્ય છે અને અપવાદ એ કારણ છે.
નમસ્કારભાવ = ઉત્સર્ગ. સામાયિકભાવ = અપવાદ.
નમસ્કારભાવની સિદ્ધિ માટે
સામાયિકાદિ ષડ્ આવશ્યકોનું આરાધન - સાધન છે.

समाधिस्तु तदेवार्थमात्राभासनरूपकः । - अभिधानकोष
समाधिः ध्यानविशेषः । - दशवै० हारि० वृत्ति

ધ્યાતા ધ્યાન વડે ધ્યેય સ્વરૂપ બની જઈ
પોતાને માત્ર ધ્યેયરૂપે જ અનુભવે, તે સમાધિ છે.

समापत्ति ध्यानविशेषरूपा,
तत्फलभूता वा मनसः समापत्तिरभिधीयते । - षोडशक
सोऽयं समरसीभावस्तदेकीकरणं मतं । - तत्त्वार्थ

राजयोगः समाधिश्च उन्मनी च मनोन्मनी ।
अमरत्वं लयस्तत्त्वं शून्याशून्यं परं पदम् ॥१॥
अमनस्कं तथाऽद्वैतं निरालंबं निरंजनं ।
जीवन्मुक्तिश्च सहजा तुर्या चेत्येकवाचकाः ॥२॥
- हठयोग प्रदीपिका (परिशिष्ट-३)

(૫૧) શ્રીમદ્ દેવચંદ્રજી લખે છે કે:
ઉત્કૃષ્ટ સમકીત ગુણ પ્રગટ્યો, નૈગમ પ્રભુતા અંશે જી,
સંગ્રહ આતમ સત્તાલંબી, મુનિ પદ ભાવ પ્રશંસે જી;
કારણ ભાવ તેહ અપવાદે, કાર્ય રૂપી ઉત્સર્ગે જી.

અનાહત એ ધ્યાનથી પ્રગટેલા
આત્મશક્તિ ભેદથી કાર્યરૂપ અને ઉત્તરોત્તર
વિશુદ્ધ આત્મશક્તિનો હેતુ ભેદથી કારણરૂપ પણ છે.

(૫૨) શ્રી દશવૈકાલિક સૂત્રમાં સમાધિનું વિધાન ૪ પ્રકારે છે:
વિનય સમાધિ, શ્રુતસમાધિ, તપસમાધિ તથા આચારસમાધિ.
(1) વિનયાદ્, વિનયે વા સમાધિઃ વિનય સમાધિઃ।
(2) શ્રુતસમાધિ : શ્રુતાભ્યાસથી થનારી.
દ્વાદશાંગીનું જ્ઞાન મેળવવા, જ્ઞાનમાં એકાગ્ર બનવા, ધર્મમાં સ્થિર રહેવા, બીજાને ધર્મમાં સ્થિર કરવા,
(3) તપસમાધિ: તપથી સમાધિ. (4) આચારસમાધિ: આચારથી સમાધિ.

પ્રથમ અનાહત વિનયનું ફળ છે.
બીજું અનાહત શ્રુતસમાધિનું સૂચક છે.
ત્રીજું અનાહત તપ તથા આચારસમાધિસૂચક છે.

અનાહતનાદોત્પન્નસુખં સમાધિઃ । - યોગપ્રદીપે ।
અનાહતનાદના લયથી ઉત્પન્ન થયેલું સુખ સમાધિ છે.

(૫૩) શિવગંજ, સં. ૨૦૨૫, જેઠ સુદ ૯

અંતરાત્મન્ પ્રભુ! આપણે જગતને શું કરવું છે? અનાદિકાળથી તેમાં સાત્ત્વિક, રાજસીક અને તામસીક એમ ત્રણેય ભાવો વર્તતા આવ્યા છે, વર્તે છે તથા વર્તશે. તે પ્રત્યે માધ્યસ્થ રહી, પરમ ઉદાસીનતાપૂર્વક, સાક્ષીભાવે, ઉદયાધીન વિચરવું, એવો જ્ઞાનીઓનો સનાતન આચાર છે. ઉદયાધીન વર્તવું દિવસે દિવસે અસ્ત તરફ જઈ રહી છે, Active silenceની જગ્યાએ Dead silence કે જે માનસીક આહારવહારની નબળાની એક ભૂમિકા છે, તે શરૂ થઈ રહ્યું છે. આપણે ભગાભગ અઠવાડીયા પહેલાં 'જ્ઞાનીઓના સનાતન આચાર' વિષે પ્રેરણા આપતા શબ્દો

આજે ઉદીરણાપૂર્વક પત્રબદ્ધ કર્યા છે.

અલ્પાહારના પ્રયોગથી દ્રવ્ય તથા ભાવમળ બહાર ફેંકાઈને શરીર અને મનની સ્વસ્થતા થવા યોગ્ય છે. - પ્રશાંતઘન

o જીવનગાડીમાં જીવ = મુસાફર, ઈશ્વર = ડ્રાઈવર.

o ભગવાન તમારી સંપત્તિ નહિ પણ સમય માંગે છે.

પૈસાથી મનુષ્યને પ્રસન્ન કરી શકાય છે, પરમાત્માને નહિ.

o કોઈને ઘરમાં રાખવો તે ખોટું નથી પણ

મનમાં પરમાત્મા સિવાય કોઈને રાખશો નહિ.

o જીવ કરે તે ક્રિયા અને ઈશ્વર કરે તે લીલા.

(૫૪) સ્વ-ભાવનો પ્રતિપક્ષ ભાવ તે સર્વ-ભાવ.
સર્વ ભાવમાં પરિણમન પામતો સ્વભાવ શ્રેષ્ઠ છે અને
સર્વ ભાવથી ચ્યુત થઈ સ્વભાવમાં રાચવું તે નિકૃષ્ટ છે.

સારો સ્વભાવ મનુષ્યનો મિત્ર છે,
જ્યારે ખરાબ સ્વભાવ મનુષ્યનો શત્રુ છે.

મનુષ્ય પોતાને સર્વ-રૂપે નિહાળવાને બદલે સ્વ-રૂપે
નિહાળે છે, તે તેનો સ્વભાવ. પોતાને સર્વથી અલગ માની
'સ્વ'માં જ રાચતા આ સ્વભાવને
સર્વ ભાવમાં પલટી નાંખે તે સ્વભાવ સારો છે અને
સંકુચિત સ્વભાવમાં જ રાચતો રહે તે સ્વભાવ ખરાબ.

ભાગવતમાં કહ્યું છે કે:
'શૌર્યમ્ સ્વભાવવિજયઃ|' શત્રુને વશ કરવા કરતાં પણ
સ્વભાવને વશ કરવાનું વધારે વિકટ છે.
સ્વભાવ ઉપર વિજય મેળવીને સર્વ
ભાવ પ્રાપ્ત કરનાર મનુષ્ય જીવનમાં સાચો શૂરવીર છે.

મનસઃ સ્પન્દનં પ્રાણઃ પ્રાણસ્ય સ્પન્દનં મનઃ ।
ઇતૌ વિહરતો નિત્યમન્યોઽન્યં રથસારથી ॥
- યોગ વાસિષ્ઠે

(૫૫) મન્ત્રતનુઃ જિનપતિઃ સાક્ષાત્ ।

મંત્રસિદ્ધિમાં અતિ આવશ્યક બે મુખ્ય કારણ
આમ્નાય અને વિશ્વાસબાહુલ્ય.

ગુરુ પરંપરાગત આમ્નાયનું અનુસરણ તે આમ્નાય. તેને સંપ્રદાય- ગુરુપરંપરા આદિ શબ્દોથી ઓળખાય છે. મંત્રપ્રદાતા ગુરુમાં આ તત્ત્વનો નિશ્ચય તે જ વિશ્વાસ છે.

ત્રીજું અગત્યનું કારણ ચૈતન્યીકરણ છે.
ગુરુ, મંત્ર, દેવતા, આત્મા, મન અને પ્રાણોનું
ચૈતન્યીકરણ સાધનાનું કારણ બને છે.
આ ભાવનાને તાત્ત્વિક વિમર્શ કહેવાય છે,
તેથી મંત્રચૈતન્ય શાશ્વતઃ પ્રકટે છે.

(૫૬) જો મંત્રો નિર્મળ અને પવિત્ર ન હોય,
તો વિશિષ્ટ પ્રકારે સિદ્ધિ થતી નથી.

મંત્રમાં જે નિર્મળતા-પવિત્રતા આવે છે, તે સુમુનિઓમાં રહેલ અલૌકિક પ્રાતિભજ્ઞાનની વિશેષ શક્તિથી આવે છે. આવા સુમુનિઓના મુખમાંથી નીકળેલા મંત્રો અત્યંત વર્ચસ્વવાળા, નિર્મળ, પવિત્ર અને સર્વ સિદ્ધિપ્રદ હોય છે. જેમ મંત્રના દ્રષ્ટા મુનિઓ રજોગુણ - તમોગુણથી રહિત, સત્ત્વગુણી હોય છે, તેમ સાધક પણ સત્ત્વગુણી હોય, તો તેને મંત્ર અલ્પકાળમાં ફળે છે.

સર્વ કર્મોને વિષે તત્ત્વના જાણકાર પુરુષને શ્રેષ્ઠ કહે છે.
મંત્રપ્રદાતા ગુરુ અને સાધક બે તત્ત્વના જાણકાર હોય,
તો મંત્ર શીઘ્રપણે ફળે છે.

(૫૭) જગજ્જિનાસ્તદપવર્ગપદં તદૈવ
વિશ્વં વરાકમિદમત્ર કથં વિનાઽસ્માત્ ।
તત્ સર્વલોકભુવનોદ્ધરણાય ધીરૈ-
ર્મન્ત્રાત્મકં નિજવપુઃ નિહિતં તદત્ર ॥

સ્ફુરિ: સર્વ જીવલોકના ઉદ્ધાર માટે તથા
'અમારા વિના વિશ્વનું શું થશે?' એ કરુણાભાવથી,
પોતાનું મંત્રાત્મક શરીર અહીં મૂકીને ત્રિલોકનાથ મોક્ષે ગયા.
જે વસ્તુ મૂકી ગયા: એક મંત્ર અને બીજી મૂર્તિ.
મંત્ર અનાહત નાદરૂપે જીવલોકનો ઉદ્ધાર કરવા સમર્થ છે
અને મૂર્તિ આત્મજ્યોતિરૂપે સર્વને પ્રકાશ આપી રહેલ છે.
એ રીતે મંત્ર અને મૂર્તિ દ્વારા
નાદ અને જ્યોતિની ઉપાસના ભગવાનના વિરહકાળમાં
બહુ ઉપાસકો માટે ભગવાનનું કાર્ય કરી રહેલ છે.

(૫૮) જપ એ અક્ષરનો જ એક પ્રકાર છે. જપનું
અંતિમ તાત્ત્વિક સ્વરૂપ અનાહત નાદમાં વિશ્રાંતિ છે.
તત્રાઽનાહતવિશ્રાન્તિ સતત્ત્વો નિષ્કલોચ્ચાર-
પ્રગુણીકૃત-મધ્યમાસંલીનતયા જપઃ કાર્યઃ ।

નિષ્કલ ઉચ્ચરણ = માનસ જપ. મધ્ય ધામ = સુષુમ્ણા.
મધ્યમાર્ગની ઉન્મુક્તતાથી મધ્યમાર્ગમાં સંલગ્નતા આવે છે.
તે ઉન્મુક્તતા નિષ્કલ ઉચ્ચરણ કે માનસ જપથી આવે છે.
નિષ્કલ ઉચ્ચાર પ્રયત્નપૂર્વકના ઉચ્ચારરૂપ સકલજપથી આવે.
મંત્રનું અંતર્જલ્પરૂપ મનન કરવાથી રક્ષણ થાય છે અને
તે પરતત્ત્વ પ્રાપ્તિનો ઉપાય છે, તેથી તે પરમાત્મા જ છે,
જેઓ ઉપેયપદના જેમ ઉપાયરૂપ મંત્રરૂપે સ્ફુરિત થયા છે.
જપ એ વાચ્યરૂપ દેવતાના વાચકરૂપ મંત્રનું ઉચ્ચારણ છે.

अत एवैतेनाऽनाद्यभेदारोपेणाऽऽगमिनो
मन्त्रार्थयोरभेदोपासनामुपदिशन्ति,
मीमांसकाश्च मन्त्रमयीं देवतामाहुः ।

પદ પોતાની સ્થૂલ અવસ્થામાંથી નીકળીને જ્યારે સૂક્ષ્મ
અવસ્થાને પામે, ત્યારે તે જ દેવતાસ્વરૂપ બની જાય છે.

મંત્રવાદીઓ પ્રકાશને શિવતત્ત્વ અને
વિમર્શને શક્તિતત્ત્વ કહે છે.

પદની સૂક્ષ્મ અવસ્થા વિમર્શરૂપ તથા શક્તિસ્વરૂપ છે.
વિમર્શનું તાત્ત્વિકસ્વરૂપ નિર્વિકલ્પ જ્ઞાન છે.
જેને મંત્રમયી યા પદમયી દેવતા કહેવામાં આવે છે,
તે પશ્યન્તી વાણી સ્વરૂપ છે.

તેને આત્માની અમૃતકળા પણ કહેવામાં આવી છે.

'વિન્દેમ દેવતા વાચમમૃતામાત્મનઃ કલામ્ ।'

વિકલ્પથી સંજલ્પમાં જવું તે વિમર્શ.

વિમર્શથી પ્રકાશમાં જવું તે મંત્રસિદ્ધિ છે.

(૫૯) વૈખરીમાં વાચિકપદનું આલંબન હોય છે અને

મધ્યમામાં વૈકલ્પિક પદનું આલંબન હોય છે.

વૈકલ્પિક અર્થાત્ મનોગત વિકલ્પરૂપ, તેનું આલંબન લઈને

નિર્વિકલ્પપદ સુધી પહોંચવાનું હોય છે.

વૈકલ્પિક પદ સંજલ્પરૂપ છે,

સંજલ્પ આંતરવાક્‌રૂપ છે અને

તે અવિકલ્પ સુધી લઈ જાય છે.

કોઈપણ મંત્ર પ્રથમ વિકલ્પરૂપતા-વિચારરૂપતાને પામે, પછી

તે વિકલ્પ સંજલ્પતા-આંતરજલ્પરૂપ અવસ્થાને પામે છે.

સંજલ્પના યોગથી તે વિકલ્પ અંતે વિમર્શરૂપતાને,

પરામર્શરૂપતાને અથવા નિર્વિકલ્પજ્ઞાનરૂપતાને પામે છે.

અહીં વિમર્શ એ જ તાત્વિક પદમયી દેવતા છે.

વિકલ્પો અનેક પ્રકારના છે.

પ્રસ્તુતમાં પદમય કે મંત્રમય વિકલ્પ જ ઉપાદેય છે.

ત્રપણનો પ્રાન્ત ભાગ દ્વાદશાંતમાં છે.

(૬૦) સંજલ્પ અર્થભાવનાદિ યુક્ત હોય છે.

સંજલ્પાદિ ભાવ્યમાન વસ્તુ સ્પષ્ટ થાય છે.

જ્યારે મંત્રદેવતાનું અભેદ પ્રણિધાન પરાકાષ્ઠાને પામે,
ત્યારે સંજલ્પ કે વિમર્શ-શક્તિ સ્વયં ગ્રાહ્ય થાય છે.
ભાવ્યમાન વસ્તુ - જે ધ્યેય - તેનો સાક્ષાત્કાર થાય છે,
અર્થાત્ અવિકલ્પક - નિર્વિકલ્પ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

સાક્ષાત્કારનો આધાર અવિકલ્પ દશા છે અને
તે સંજલ્પાદિ સહજ રીતે પ્રાપ્ત થાય છે.

પ્રશસ્ત વિકલ્પને ફરી ફરી ઉત્પન્ન કરવારૂપ સંજલ્પના
અભ્યાસથી વિકલ્પો ગ્રાહ્ય થતાં અંતે અવિકલ્પ દશા મળે છે.

નિર્વિકલ્પ સંવિત્ પશ્યન્તી અવસ્થામાં હોય છે,
જે બિંદુસ્થાન (આજ્ઞાચક્ર - ભ્રૂમધ્ય)માં પ્રાપ્ત થાય છે.

મંત્રની નિર્ગુણ, નિષ્કલ, સૂક્ષ્મ વગેરે
અવસ્થાઓનો પ્રારંભ બિંદુસ્થાનથી જ થાય છે.

(૬૧) તાત્ત્વિક મંત્ર તેને જ કહેવાય છે કે જે
વિમર્શ અવિકલ્પક સંવિત્-પશ્યંતીરૂપ હોવાથી દેવતારૂપ છે
અને જેમાં ઇષ્ટદેવતાની સાથે અભેદ અધ્યાસ હોય છે.
તેને જ્યોતિરૂપ ગ્રહણ કરે છે. મંત્રની શબ્દરૂપ હ્રસ્વ-દીર્ઘ
આદિ ઉચ્ચારણ કાળની માત્રાઓ છે.

તેનાથી પર એક જ્યોતિ અવસ્થા છે.
એ અવસ્થા બિંદુસ્થાન - આજ્ઞાચક્રમાં જ પ્રાપ્ત થાય છે.
બિંદુસ્થાનમાં મંત્રનો પ્રવેશ થતાં
રાગ-દ્વેષ ક્ષીણ થઈ જાય છે, પ્રસાદ વધે છે,
મંત્રની જ્યોતિરૂપતાનો આવિર્ભાવ થાય છે. મંત્ર પોતે
દેવતાનું સ્વરૂપ ધારણ કરીને યોગક્ષેમકારક બને છે.
મંત્રમયી યા પદમયી દેવતા
અનિર્વચનીય જ્યોતિ - તેજોરૂપ છે.
સ્વકીય પ્રકાશથી દ્યોતમાન ચૈતન્ય દેવતારૂપ કહેવાય છે.
વિકલ્પથી સંજલ્પ અને સંજલ્પથી અવિકલ્પમાં જવાય છે.
વિકલ્પ વિચારરૂપ છે, સંજલ્પ અંતરજલ્પરૂપ છે.
નિર્વિકલ્પ વિમર્શરૂપ છે, અંતરજલ્પ મધ્યમા વાણીરૂપ
અને વિમર્શ પશ્યંતી વાણી સ્વરૂપ છે.
(૬૨) મંત્રશાસ્ત્રમાં મહામંત્ર તેને કહેવાય છે કે જે
મંત્રનું વીર્ય પ્રગટ થયું હોય. તે ત્યારે જ પ્રકટે કે જ્યારે
મંત્રશક્તિ અને આત્મશક્તિની એકતા
નાભિકંદ આદિ ચક્રોમાં સિદ્ધ કરવામાં આવે. એ માટે
દીર્ઘકાળ સુધી નિરંતર ભાવપૂર્વક અભ્યાસ કરવો પડે છે.
એ અભ્યાસથી મંત્રાક્ષરોમાં તાદાત્મ્ય ઉત્પન્ન થતાં
સર્વ કાર્યો સિદ્ધ થાય છે.

(૬૩) વૈખરીને અતન વચ્ચી, મધ્યમાને અતના - અતન,
પશ્યંતીને અઅતન અને
પરાને પરમ અઅતન વચ્ચી કહેવાય છે.
વૈખરીમાં શબ્દ અને અર્થ વચ્ચે પરસ્પર ભેદ છે,
મધ્યમા વચ્ચીમાં ભેદાભેદ છે.
પશ્યંતીમાં જે અભેદ છે, એને મંત્ર સાક્ષાત્કાર કરે છે.
પછી બધા વિકલ્પોનો ઉપરામ થાય છે
અને પરાવાણીની પ્રાપ્તિ થાય છે.
ચિત્તની વિક્ષિપ્તાદિ ત્રણ અવસ્થાઓમાં નાદ સંભળાતો નથી
કિન્તુ એકાગ્ર અવસ્થામાં જ સંભળાય છે.
નિરૂદ્ધ અવસ્થામાં તેના શ્રવણ સ્થગિત થઈ જાય છે.
મન નિરૂદ્ધ થવાથી
અંદર નાદ હોવા છતાં શ્રવણગોચર થતો નથી.
પરતત્ત્વનું પ્રતિક બિંદુ છે અને
જાગ્રત કુંડલિની શક્તિનું પ્રતિક કલા છે.
(૬૪) ચિત્તવૃત્તિનિરોધના બે ઉપાયો : અભ્યાસ - વૈરાગ્ય.
વૈરાગ્યથી ચિત્તનો બહિર્મુખ પ્રવાહ નિવૃત્ત થાય છે,
અભ્યાસથી આત્મોન્મુખ આંતરિક પ્રવાહ સ્થિર થાય છે.
તમોગુણની પ્રબળતાથી ચિત્તમાં

આળસ્ય, નિરુત્સાહ, મૂઢતા વગેરે દોષો ઉત્પન્ન થાય છે,
તે બધાની નિવૃત્તિ અભ્યાસથી થાય છે.
રજોગુણની અધિકતાથી ચિત્તમાં જે ચંચલતારૂપ વિક્ષેપ
ઉત્પન્ન થાય છે, તે વૈરાગ્યથી દૂર થાય છે.
ચિત્ત એક નદી છે, તેમાંથી વૃત્તિઓનો પ્રવાહ વહ્યા કરે છે:
એક સંસારસાગર તરફ, બીજો કૈવલ્યસાગર તરફ.
વૈરાગ્યનો બંધ બાંધવાથી કલ્યાણસાગર તરફની ધારા
પ્રવાહિત થાય, ત્યારે ચિત્તની પ્રશાંતિ ઉત્પન્ન થાય છે.
સ્થિતિમાં યત્ન તે અભ્યાસ.
ચિત્તનું વૃત્તિરહિત થઈને શાંત પ્રવાહમાં વહેવું તે સ્થિતિ.
(૬૫) પરમાત્મસ્વરૂપના ધ્યાનથી પાપ નાશ પામે છે,
તેથી દ્રવ્ય-ગુણ-પર્યાયથી આત્મસ્વરૂપના ચિંતનની
પર્યાલોચના થાય છે, તેથી 'સોऽहं' 'તે હું છું, હું તે છું'
એવું અભેદજ્ઞાન ઉત્પન્ન થાય છે.
તે પછી વેદાંતના મુજબ અખંડજ્ઞાનમાં
જહત્-અજહત્ લક્ષણા થવાથી અંતર્લક્ષ્યથી ઉત્પન્ન થયેલ
નિર્વિકલ્પ સાક્ષાત્કારરૂપ જ્ઞાન પ્રગટ થાય છે.
આ લક્ષણાનું બીજું નામ ભાગ ત્યાગ લક્ષણા છે, તેથી
શબ્દના વાચ્ય અર્થનો અમુક અંશ લેવાય - અમુક ત્યજાય.

અહીં 'ઉપાધિવાળાપણું' એ અર્થ ત્યજાય છે અને
'ચૈતન્યપણું' એ અર્થ લેવાય છે અર્થાત્
'ઉપાધિ વિનાના ચૈતન્યસ્વરૂપ આત્મા અને
પરમાત્મા શુદ્ધ જ્ઞાનસ્વરૂપ એક જ છે.'
એવો અર્થ અહીં ભાગ ત્યાગ લક્ષણાથી ગ્રહણ થાય છે.
'તત્ત્વમસિ' એ વાક્યમાં 'તે અને તું'
એ જે શબ્દો કહેલા ઈશ્વર અને જીવ
જ્યારે ઉપાધિરહિત બને છે, ત્યારે તે બંને એક જ છે.
સૂર્ય અને ખદ્યોત, રાજા અને રંક, સમુદ્ર અને કૂપ, મેરુ
અને અણુ - એ બધાની જેમ અતિભિન્નતાદિ જુદા છે
તેમ ઈશ્વર અને જીવ વાચ્ય અર્થમાં જુદા છે પણ
એ બંનેનો જે લક્ષ્ય અર્થ અર્થાત્ ઉપાધિ વિનાનું
શુદ્ધ જ્ઞાનસ્વરૂપ જોતાં તે બંને એક જ છે.
વાચ્યાર્થ જ્યારે બંધબેસતો ન આવે, ત્યારે શબ્દની
લક્ષણા શક્ત્યાદિ જે અર્થ સમજાય, તેનું નામ 'લક્ષ્યાર્થ' છે.
જીવ અને ઈશ્વરમાં તારતમ્ય દેખાય છે, તે ઉપાધિના
કારણે જ છે. ઉપાધિ દૂર થતાં ઈશ્વર ઈશ્વર નહિ,
જીવ જીવ નહિ, બંને શુદ્ધ ચૈતન્ય છે. રાજ્ય એ રાજાની
અને ઢાલ એ યોદ્ધાની ઉપાધિ છે, તે બન્ને દૂર થતાં
કોઈ રાજા કે કોઈ યોદ્ધો રહેતો નહિ, તેના જેમ.

(૬૬) પરમેશ્વરે જડચેતનના ગુણદોષવાળું જગત સર્જ્યું છે, પરંતુ હંસસ્વરૂપ સંત બુદ્ધિએ જળરૂપ વિકારનો ત્યાગ કરી દૂધરૂપી સાર ગ્રહણ કરે છે. – તુલસી રામાયણ

(૬૭) પૃથ્વી, આકાશ અને અવકાશની ય પાર જ્યોતિસ્વરૂપ દેવોના તેજ, પસંદ કરવા યોગ્ય ભગવાન સૂર્યનારાયણનું અમે ધ્યાન – ચિંતન કરીએ છીએ.
પૃથ્વી ઉપર વિવિધ પ્રકારની શક્તિનું મૂળ ક્યાં છે?
સૂર્યમાં. – ગાયત્રી

(૬૮) ચિત્તની એકાગ્રવૃત્તિથી યોગનો પ્રારંભ થાય છે. એકાગ્ર વૃત્તિ વડે સત્‌સ્વરૂપનો પ્રકાશ, ક્લેશનો નાશ, બંધનની ઢીલાશ અને નિરોધની અભિમુખતા થાય છે.

ચિત્તની એકાગ્રતાના ચાર સંપ્રજ્ઞાત ભેદ:
વિતર્કાનુગત, વિચારાનુગત, આનંદાનુગત, અસ્મિતાનુગત.
નિરુદ્ધ ચિત્ત 'અસંપ્રજ્ઞાત સમાધિ' કહેવાય છે.
સ્વરૂપસ્થિતિ, આત્મસ્થિતિ, અપવર્ગ, નિઃશ્રેયસ, મોક્ષ, કૈવલ્ય, બ્રહ્મ તથા પરમાત્મપ્રાપ્તિ એકાર્થવાચી છે.
'યોગ' શબ્દ સમાધિ અર્થક છે.
સમાધિના બે પ્રકાર: સંપ્રજ્ઞાત, અસંપ્રજ્ઞાત.

(૬૯) 'યોગો હિ પ્રભવાપ્યયૌ ।' યોગ પ્રભવ અને અપ્યય છે.

યોગ વડે નિરોધ સંસ્કારોનો પ્રાદુર્ભાવ થાય છે અને
વ્યુત્થાન સંસ્કારોનો અભિભવ થાય છે.
સ્થૂલ જગત કે જેમાં બધો વ્યવહાર ચાલી રહ્યો છે,
તે રજ તથા તમપ્રધાન ગુણોનું પરિણામ છે.
ચિત્તસત્ત્વમાં બાહ્ય - આંતર જગતના સંસર્ગથી
જે પરિણામ ક્ષણે ક્ષણે થઈ રહેલ છે, તેને 'વૃત્તિ' કહે છે.
અંતઃકરણ ચતુષ્ટયમાં સંકલ્પ - વિકલ્પ કરવાથી મન,
અહંભાવ પ્રકટ કરવાથી અહંકાર,
નિશ્ચય - અધ્યવસાય કરવાથી બુદ્ધિ અને
સ્મૃતિ - સંસ્કારોથી ચિત્રિત માટે ચિત્ત.
સાંખ્યો મહતત્ત્વને 'બુદ્ધિ' અને યોગદર્શન 'ચિત્ત' કહે છે.
સાંખ્ય સિદ્ધાન્તાત્મક હોવાથી બુદ્ધિ દ્વારા સર્વ પદાર્થોનો
વિવેકપૂર્ણ નિશ્ચય કરાવે છે અને યોગ ક્રિયાત્મક
હોવાથી ચિત્ત દ્વારા અનુભવ સહિત સાક્ષાત્કાર કરાવે છે.
પ્રકૃતિનો પહેલો વિષમ પરિણામ મહતત્ત્વ છે, તે
વ્યષ્ટિ - સમષ્ટિ ઉભયરૂપ છે.
બીજો વિષમ પરિણામ અહંકાર છે, તે
અસ્તિત્વ - બહુત્વાદિ સર્વ પ્રકારની ભિન્નતા ઉત્પન્ન કરે છે.
ત્રીજો પરિણામ એકાદશ ઇંદ્રિયોરૂપી ગ્રહણ પરિણામ છે.

આ વિભાજકનો અહંકાર ગ્રહણ વિષય પરિણામ છે.
ચોથો વિષય પરિણામ તન્માત્રારૂપી ગ્રાહ્ય વિષય પરિણામ છે.
પાંચમો સ્થૂળ ભૂત રૂપી ગ્રાહ્ય પરિણામ છે.

(૧૦) વિષય પરિણામોમાં રજસ્ - તમસ્‌નો પ્રભાવ
ક્રમશઃ ત્યાં સુધી વધતો જાય છે કે
પાંચ સ્થૂળ ભૂતોમાં રજસ્ - તમસ્‌ની માત્રા એટલી વધે છે
કે તે આપણને સ્થૂળરૂપમાં દૃષ્ટિગોચર થાય છે.
પ્રકૃતિથી મહત્, મહત્થી અહંકાર, અહંકારથી ૧૬નો સમૂહ
(૫ તન્માત્રા, ૧૧ ઇંદ્રિય) અને પાંચ તન્માત્રાથી પાંચ ભૂત.
મૂળ પ્રકૃતિ અવિકૃત છે.
મહત્ અહંકાર અને પાંચ તન્માત્રા પ્રકૃતિ વિકૃતિ છે તથા
૧૬ કેવળ વિકૃતિ છે, પુરુષ પ્રકૃતિ કે વિકૃતિ એકેય નથી.

(૧૧) લિંગ - લીંગી, સાધ્ય - સાધન, કાર્ય - કારણ આદિ
સંબંધથી જે યથાર્થ જ્ઞાન થાય, તે અનુમાનપ્રમાણ છે.
સંબંધનું નામ વ્યાપ્તિ છે, વ્યાપ્તિ જ્ઞાન તે કારણ છે.
અનુમાનનું મૂળ પ્રત્યક્ષ છે.

પ્રત્યક્ષમાં ભ્રાન્તિ થવાના ત્રણ કારણ છે:
વિષયદોષ, ઇંદ્રિયદોષ અને મનોદોષ.
વિષય દૂર હોય, ઇંદ્રિય વિકલ હોય તથા
મન અસાવધ હોય તો ભ્રાંતિ થાય છે.

જે વસ્તુનું જ્ઞાન જે ઇંદ્રિયથી પ્રત્યક્ષ થાય છે,
તેનો અભાવ પણ તે ઇંદ્રિય વડે જ પ્રત્યક્ષ થાય છે.

પ્રમાણ = વિષય સમાન આકારથી પરિણત ચિત્તવૃત્તિ.

વિપર્યય = વિષયથી વિલક્ષણ વિપરીત -
ભિન્ન આકારથી પરિણત ચિત્તવૃત્તિ.

વિપર્યય ચિત્તની એક વૃત્તિરૂપ છે અને
ક્લેશ એ વૃત્તિઓના સંસ્કારરૂપ છે.

ચિત્તનો સ્વાભાવિક બહિર્મુખ પ્રવાહ વૈરાગ્યથી નિવૃત્ત થાય,
અભ્યાસથી આત્મોન્મુખ આંતરિક પ્રવાહ સ્થિર થઈ જાય.
અભ્યાસથી તમોગુણની - વૈરાગ્યથી રજોગુણની નિવૃત્તિ થાય.

(૧૨) યોગના આઠ અંગોમાં પહેલાં પાંચ બહિરંગ છે,
તેની સિદ્ધિમાં અભ્યાસ અધિક સહાયક છે અને છેલ્લા
3 અંતરંગ અંગની સિદ્ધિમાં વૈરાગ્ય અધિક સહાયક છે.

પૂર્વજન્મમાં સાંસારિક ભોગવિષયોમાં પ્રવૃત્તિ કરી છે,
તેથી વૃત્તિઓ સંસ્કારોના કારણે વિષયમાર્ગમાં
વહેતી થઈ સંસારસાગરમાં જઈ મળે છે.

જેણે પૂર્વજન્મની અંદર કૈવલ્યાર્થે કાર્ય કર્યું છે,
તેની વૃત્તિઓની ધારા તે સંસ્કારોના કારણે વિવેક-
માર્ગમાં વહેતી થઈ કલ્યાણસાગરમાં જઈ મળે છે.

સંસારી જીવોની પહેલી ધારા જન્માદિ ફુલ્લી રહે છે,
પરંતુ બીજી ધારાને
શાસ્ત્ર, ગુરુ, આચાર્ય કે ઈશ્વરનું ચિન્તન ખોલે છે.
પહેલી ધારાને બંધ કરવા માટે વિષયોના સ્ત્રોત ઉપર
વૈરાગ્યનો બંધ લગાવવો જોઈએ અને અભ્યાસ રૂપી
કોદાળાદિ બીજી ધારાનો માર્ગ ઊંડો ખોદીને વૃત્તિઓના
સમસ્ત પ્રવાહને વિવેકસ્ત્રોતમાં લઈ જવો જોઈએ.
એ રીતે અભ્યાસ અને વૈરાગ્ય બંને
એકત્ર મળીને ચિત્તવૃત્તિઓના નિરોધનું સાધન બને છે.
સત્કારપૂર્વક અર્થાત્ શ્રદ્ધાપૂર્વક.
શ્રદ્ધા ત્રણ પ્રકારની રહે છે:
રાગમૂલક, જિજ્ઞાસામૂલક તથા વિચારહીન સંસ્કારમૂલક.
તેમાં પ્રથમ રાગમૂલક શ્રદ્ધા શ્રેષ્ઠ છે.
विकारहेतौ सति विक्रियन्ते
येषां न चेतांसि त एव धीराः । (परिशिष्ट-४)
વિવેક દ્વારા વિષયોને અનંત દુઃખરૂપ અને બંધનનું
કારણ સમજી તેમાં પ્રવૃત્તિમાં અરુચિ થવા અને તેના
સંગદોષથી સર્વથા નિવૃત્ત થઈ જવું, તે વૈરાગ્ય છે.
વશીકાર સંજ્ઞા વૈરાગ્યઃ
મનીતે વશ્યા નાહમેતેષાં વશે ઇતિ ।

(૧૩) જે વડે ઈષ્ટ વસ્તુનું સ્વરૂપ સારી રીતે સઘળાં
સંશય - વિપર્યય દોષરહિત યથાર્થરૂપથી જાણી શકાય,
તે ભાવનાવિશેષનું નામ '<u>સંપ્રજ્ઞાત</u>' છે.
અન્ય વિષયોને છોડીને કેવળ એક ઈષ્ટ વસ્તુને
વારંવાર ચિત્તમાં રાખવાનું નામ '<u>ભાવના</u>' છે.
આ ભાવનાના વિષયભૂત ભાવો ત્રણ પ્રકારનાં છે:
ગ્રાહ્ય, ગ્રહણ અને ગૃહીતા.
વળી ગ્રાહ્યના સ્થૂલ અને સૂક્ષ્મ - એમ બે ભેદ છે.
<u>સ્થૂલવિષય</u> = પાંચ સ્થૂલભૂત અને પાંચ સ્થૂલઈંદ્રિયો.
<u>સૂક્ષ્મવિષય</u> = ૫ તન્માત્રા - કેવળ શક્તિરૂપ સૂક્ષ્મઈંદ્રિયો.
પહેલાં સ્થૂલ લક્ષ્ય બાંધ્યા બાદ સૂક્ષ્મ લક્ષ્ય બાંધી શકાય,
એ નિયમ અહીં પણ સમજવો.
એકાગ્રતાની દૃઢતામાં ચિત્તના સત્ત્વગુણનો પ્રકાશ વધવાથી
સૂક્ષ્મ વિષયોને પણ સાક્ષાત્ કરાવવામાં સમર્થ થાય છે.
વિતર્કથી વિચારમાં જવાય છે.
સત્ત્વગુણપ્રધાન અહંકાર આનંદરૂપ છે.
અસ્મિતા અહંકારનું કારણ હોવાથી સૂક્ષ્મતર છે.
અસ્મિતાના કારણે પુરુષ અને ચિત્તમાં
અભિન્નતાનો આરોપ થાય છે.

આનંદાનુગત સમાધિમાં 'અહં સુખી અહં સુખી' અને
અસ્મિતાનુગતમાં 'અસ્મિ અસ્મિ' ઇત્યાકારક અનુભૂતિ થાય.

<u>આનંદ અને અસ્મિતા સમાધિના બે ભેદ:</u>
<u>વિદેહ અને પ્રકૃતિલય.</u>

આ બધે પ્રકારની સમાધિ સાલંબન અને સબીજ છે.
કોઈને કોઈ પ્રકારે આલંબન છે, આલંબન જ બીજ છે.

(૧૪) આનંદમય કોષ કારણશરીર છે.
એમાં સુખ વિશિષ્ટરૂપમાં પ્રકટ થાય છે.
વિજ્ઞાનમય કોષ અહંકાર અને બુદ્ધિરૂપ છે.
એમાં કર્તૃત્વ, ભોક્તૃત્વ, સુખિત્વાદિ અભિમાન પ્રકટે છે.
મનોમય કોષ મન અને જ્ઞાનેન્દ્રિયના વિકારરૂપ છે.
તે સંશય શોક - મોહાદિના કર્તારૂપે પ્રકટે છે.
મનોમય કોષમાં ઇચ્છાશક્તિ વર્તમાન છે.
પ્રાણમય કોષ ૫ કર્મેન્દ્રિયો અને ૫ પ્રાણોસ્વરૂપ છે.
તે વક્તૃત્વ, દાતૃત્વ, ગતિશીલ, ક્ષુધા-
પિપાસાયુક્ત વિકારોસર્વે છે, જેમાં ક્રિયાશક્તિ મુખ્ય છે.
વિજ્ઞાનમય, મનોમય અને પ્રાણમય કોષો -
એ ત્રણે મળીને સૂક્ષ્મ શરીર બને છે.
અન્નથી બનેલા રજવીર્યથી અન્નમય કોષ
ઉત્પન્ન થાય છે અને અન્નથી ટકે છે.

એના કારણે પરિચ્છિન્ન, વિનશ્વર, તાપ-સંતાપયુક્ત,
જન્મ-જરા-મરણ ધર્મો બને છે, તે સ્થૂલ શરીર છે.
તેને 'વિશ્વ' પણ કહે છે.

વિશ્વ - વિરાટ, તૈજસ, હિરણ્યગર્ભ, પ્રાજ્ઞ, ઈશ્વર એ
અનુક્રમે સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, વ્યષ્ટિ, સમષ્ટિ શરીરના નામ છે.

(૭૫) 'નેતિ નેતિ'નો અભ્યાસ પદ્ધતિ

'આ પણ આત્મસ્થિતિ - સ્વરૂપસ્થિતિ નહિ'
એવી ભાવનાનો અભ્યાસ.

ક્ષીણવૃત્તેરભિજાતસ્યેવ મણેર્ગ્રહીતૃગ્રહણગ્રાહ્યેષુ
તત્સ્થ-તદંજનતા સમાપત્તિઃ ।

રાજસ-તામસવૃત્તિરહિત અતિનિર્મલ મણિસમાન ગૃહીતા,
ગ્રહણ અને ગ્રાહ્ય વિષયોમાં સ્થિર રહીને તન્મય થઈ જવું,
તેના સ્વરૂપને પ્રાપ્ત થઈ જવું, તે 'સમાપત્તિ' છે.
'લાવ, ધર્મોપદેશ દ્વારા સંસારી જીવોનો હું ઉદ્ધાર કરીશ'
ઈશ્વરમાં દયાળુતાના કારણે ઉપરોક્ત ભાવના હોય છે.
પ્રાણીઓ ઉપર દયા કરવી તે ઈશ્વરનું પ્રયોજન છે.
પ્રભુમાં એ અધ્યવસાય ઈચ્છાવિશેષસ્વભાવથી જ હોય.
જેનું જે ઇષ્ટ હોય, તે તેનું પ્રયોજન છે. કલ્પોના પ્રલય-
મહાપ્રલયોમાં સર્વ પ્રાણીનો ઉદ્ધાર કરું' તે તેમનું ઇષ્ટ છે.

(૭૬) વૈજ્ઞાનિક દૃષ્ટિએ પ્રણવનું સ્વરૂપ તે છે કે
જ્યાં કોઈ કાર્ય છે, ત્યાં અવશ્ય કંપન છે અને
જ્યાં કંપન છે, ત્યાં કોઈ શબ્દ - ધ્વનિ છે.
સૃષ્ટિના આદિ કારણરૂપ કાર્યની ધ્વનિ જ ૐકાર છે.
ધ્વન્યાત્મક પ્રણવનો વર્ણાત્મક પ્રતિશબ્દ હોવાથી
શાબ્દિક ઓંકાર કે શબ્દાતીત પ્રણવ - બંને પૂર્વાપર સંબંધથી
ઈશ્વરવાચક હોઈ 'પ્રણવ' કહેવાય છે.
તે ધ્વન્યાત્મક હોવાથી એનું કોઈપણ અંગ - મુખથી
ઉચ્ચારણ કરવા યોગ્ય નથી, કિન્તુ
માનસિક જાપથી પણ પર - કેવળ ધ્યાનની અવસ્થામાં
કે અંતઃકરણમાં પ્રણવ ધ્વનિ સાંભળી શકાય છે. એ
ધ્વન્યાત્મક પ્રકૃતિનો આદિ શબ્દ ઈશ્વરવાચક પ્રણવનો
વર્ણાત્મક પ્રતિશબ્દ ઉપાસનાકાંડની સિદ્ધિ માટે બતાવ્યો છે.
તે વર્ણાત્મક પ્રણવરૂપ પ્રતિશબ્દને ઓંકાર કહે છે.
વર્ણાત્મક ઓંકારના અ ઉ મ ત્ર્યક્ષર છે.
તે 3 અક્ષરોમાં ત્રિગુણમયી પ્રકૃતિ, 3 શરીર,
સુષુપ્તિ આદિ 3 અવસ્થા, જગત સહિત તેના અધિષ્ઠાતા
વિરાટ, હિરણ્યગર્ભ, ઈશ્વર, બ્રહ્મા - વિષ્ણુ - મહેશ અને
સૃષ્ટિ - ઉત્પત્તિ - વિનાશાદિનો સમાવેશ છે.

(૭૭) 'તજ્જપસ્તદર્થ ભાવનમ્ ।'

પ્રણવનો જપ કરવો તેના અર્થની ભાવના = ધ્યાન.
અહીં ભાવનાનો અર્થ ચિત્તને સર્વ બાજુથી નિવૃત્ત કરી
કેવળ ઈશ્વરમાં સ્થિર કરી દેવું તે છે.

આ ભાવનાથી અવિદ્યાદિ ક્લેશ, સકામકર્મ, કર્મફળ, વાસનાઓના સંસ્કાર, જેવું મૂળ જન્મ - મૃત્યુ છે, તે સ્વચ્છ થઈ સાત્વિકશુદ્ધિ જ્ઞાનના સંસ્કાર ઉદય પામે છે. વારંવારના અભ્યાસથી એ ભાવના એટલી દૃઢ થઈ જવી જોઈએ કે જેમ ગાય શબ્દના ઉચ્ચારણથી તેનું સ્વરૂપ સામે આવી જાય છે, તેમ ઓં શબ્દની સાથે તેના અર્થરૂપે ઈશ્વરનું સ્વરૂપ તુરત સ્મરણપથમાં આવી જાય. જપ - ઈશ્વર ભાવનારૂપ ધ્યાન સાથે ચાલવા જોઈએ. આ પ્રકારના પ્રણિધાનથી સમાધિલાભ શીઘ્ર થાય છે.

જે પ્રકારે શરીરના સંબંધથી આત્મા સજાગ છે,
તેમ સંપૂર્ણ જગતના સંબંધથી પરમાત્મા સજાગ શક્તિ છે.
સમસ્ત સંસારમાં લાભ, નિયમ અને
વ્યવસ્થાપૂર્વક સંપૂર્ણ કાર્ય થાય છે, તેમાં
પરમાત્માની સંનિધિમાત્ર કારણ છે.

ૐની પહેલી 3 માત્રામાં અનુક્રમે સ્થૂળ, સૂક્ષ્મ, કારણ

શરીર અને યોગ સમાધિમાં કારણ જગત ઉપરાંત
કારણ શરીરથી પણ પર કેવલ શુદ્ધ પરમાત્મતત્ત્વ છે.

પ્રાણીઓના કલ્યાણનો સંકલ્પ
એ જ પ્રભુના સતત મળતા આશીર્વાદ છે.

મન પ્રભુની સાથે બંધાયેલું છે.

'अनन्तं वै मनः ।' श्रुतिः : ચિત્ત અનન્ત - વિભુ છે,
અને પતંજલિ ઋષિનો મત છે.

(૭૮) ૪ વાદના મતે ઘટ

સંઘાતવાદ: આ વાદ ઘટને પરમાણુ પુંજ રૂપ માને છે.
તે વૈભાષિક - સૌત્રાન્તિક બૌદ્ધ મત છે.

વિજ્ઞાનવાદ: યોગાચાર વિજ્ઞાનવાદીનો મત છે કે
ઘટપટાદિ વિજ્ઞાનસ્વરૂપ છે.

આરંભવાદ: નૈયાયિક વૈશેષિક અણુથી દ્વયણુક, દ્વયણુકથી
ત્ર્યણુકાદિ પ્રકારથી પરમાણુ આદિનું કાર્ય ઘટ છે.

પરિણામવાદ: સાંખ્ય યોગ તથા જૈન મતે
અણુઓનું સ્થૂલ પરિણામવિશેષ તે ઘટ છે.

સવિતર્ક સમાપત્તિ એટલે...
શબ્દ, અર્થ અને જ્ઞાનથી સંકીર્ણ - સંમિશ્ર સમાપત્તિ.

નિર્વિતર્ક સમાપત્તિ એટલે... અર્થમાત્ર નિર્ભાસ.

સવિચાર સમાપત્તિ તે શબ્દ - અર્થ - જ્ઞાનની સાથે દેશ - કાળ - નિમિત્તમિશ્રિત સૂક્ષ્મ ભૂતવિષયક સમાપત્તિ.
નિર્વિચાર સમાપત્તિ તે સ્વરૂપશૂન્ય અર્થ માત્ર નિર્ભાસ.

નિમિત્ત = કાર્ય - કારણ. દેશ = ક્ષેત્ર.

શબ્દ = નામ. અર્થ = રૂપ. જ્ઞાન = પ્રકાશ - બોધ.

(૭૯) બૌદ્ધદર્શનના ૪ આર્ય મહાસત્યો

(1) દુઃખતત્ત્વ : વિજ્ઞાન, વેદના, સંજ્ઞા, સંસ્કાર, રૂપ.
(2) સમુદયતત્ત્વ : રાગ, દ્વેષ, મોહ, ઈર્ષ્યા આદિ કષાય.
(3) માર્ગતત્ત્વ : પાંચ સ્કંધોના ક્ષણિકપણાની ભાવના(વાસના).
(4) મોક્ષતત્ત્વ : નિર્વિકલ્પ દશા કે શૂન્યત્વની અવસ્થા.

બૌદ્ધદર્શનના ૧૨ આયતન

પાંચ ઇંદ્રિયો, પાંચ વિષયો, એક મન તથા એક ધર્મ.

બૌદ્ધદર્શનનું વલણ વૈરાગ્ય તરફ વિશેષ છે.

० समया सम्मत पसत्थसंति सुविहिअसुहं अनिंदं च।
अदुगुंछिअमगरिहिअं अणवज्जमिमेऽवि एगट्ठा ॥१०३३॥

सावज्जजोगविरओ तिगुत्तो छसु संजओ।
उवउत्तो जयमाणो आया सामाइअं होइ ॥१४९॥

जीवो गुणपडिवन्नो नयस्स दव्वट्ठिअस्स सामइअं।
सो चेव पज्जवट्ठिअनयस्स जीवस्स एस गुणो ॥७९२॥

(परिशिष्ट-५)

## (૯૦) ન્યાયદર્શનના ૧૬ પદાર્થો

(1) પ્રમાણ (પ્રમાણજ્ઞાનનું કારણ)

(2) પ્રમેય (પ્રમાણથી જાણવા યોગ્ય)

(3) સંદેહ (અનિશ્ચિત જ્ઞાન)

(4) પ્રયોજન (સાબિત કરવા યોગ્ય)

(5) દૃષ્ટાંત (ઉભયને કબુલ દાખલો)

(6) સિદ્ધાંત (ઉભયને કબુલ નિર્ણય)

(7) અવયવ (પરાર્થ અનુમાનના અંગો)

(8) તર્ક (નિર્ણય માટે ચિન્તન)

(9) નિર્ણય (નિશ્ચય)

(10) વાદ (પક્ષ - પ્રતિપક્ષ ચર્ચા)

(11) જલ્પ (વાદીને જીતવા પ્રપંચભરી વાણી)

(12) વિતંડા (પરપક્ષના દૂષણને કાઢવા)

(13) હેત્વાભાસ (ખોટા હેતુઓ)

(14) છલ (ઊંધો અર્થ કરી હરાવવાનો પ્રયત્ન)

(15) જાતિ (નિર્દોષ હેતુને સદોષ બતાવવો)

(16) નિગ્રહસ્થાન (ખંડન યોગ્ય વાદીની ગફલત - ભૂલ).

० यतो वाचो निवर्तन्ते न यत्र मनसो गतिः ।
आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन ॥१॥
- तैत्तरीयोपनिषत् (પરિશિષ્ટ-૬)

(૯૨) ષડ્દર્શન મીમાંસા

જૈનદર્શન તત્ત્વજ્ઞાન સ્વરૂપ છે,
અન્ય દર્શનો એક એક ભાગના વિજ્ઞાન સ્વરૂપ છે.
વેદાન્તીઓ શબ્દબ્રહ્મ કે પરબ્રહ્મનો વિભાગ પાડે છે.
જૈનદર્શન શબ્દનય અને અર્થનયની દૃષ્ટિએ
સમસ્ત જગતનું નિરૂપણ કરે છે.
વૈશેષિક દર્શનના દ્રવ્ય ગુણ કર્મ આદિનો
સમાવેશ પ્રમેય વિભાગમાં છે.
નૈયાયિકના સોળ પદાર્થનો સમાવેશ
મુખ્યત્વે પ્રમાણ વિભાગમાં છે.
મીમાંસક શબ્દપ્રમાણ ઉપર ભાર આપે છે.
વેદાંત એકીકરણ તરફ અને
સાંખ્ય પૃથક્કરણ - એકીકરણ ઉભય પર ભાર આપે છે.

વૈદિક મુજબ દર્શનની સંખ્યા ૬ છે:
(1) સાંખ્ય (2) યોગ (3) પૂર્વમીમાંસા
(4) ઉત્તરમીમાંસા (5) ન્યાય (6) વૈશેષિક.

બીજી રીતે દર્શનની સંખ્યા ૬:
(1) જૈન (2) બૌદ્ધ (3) સાંખ્ય - યોગ
(4) ન્યાય - વૈશેષિક (5) પૂર્વોત્તર મીમાંસા (6) ચાર્વાક.

(૮૨) સત્તામાત્રથી સૂક્ષ્મ અપર્યાપ્ત નિગોદ જીવને પણ અનંત ચારિત્ર - વીર્ય - ઉપયોગ છે, પરન્તુ કર્મના આવરણથી તે જ્ઞાનાદિ ગુણો અલ્પ કે અધિક ઢંકાય તથા કર્મના આવરણરહિત જીવને સંપૂર્ણ સ્પષ્ટ હોય છે. માટે જ્ઞાનાદિ ગુણો સિદ્ધ પરમાત્મામાં જેવા છે, તેવા જ નિગોદ જીવમાં પણ હોય, પરંતુ નિગોદને સત્તાગત છે, સિદ્ધને સંપૂર્ણ પ્રગટ થયેલ છે, એ જ માત્ર તફાવત છે.

(૮૩) आर्ते तिर्यग्गतिस्तथा गतिरधो ध्याने तु रौद्रे सदा,
धर्मे देवगतिः शुभं बहु फलं, शुक्ले तु जन्मक्षयः ।

અર્થ: આર્તધ્યાનમાં તિર્યંચગતિ, રૌદ્રધ્યાનમાં અધોગતિ, ધર્મધ્યાનમાં દેવગતિ શુભ ફળવાળી મળે તથા શુક્લધ્યાનમાં નિશ્ચે જન્મનો ક્ષય થાય છે.

o

तस्माद् व्याधिरुगन्तके हितकरे संसार निर्वाहके
ध्याने शुक्लवरे रजः प्रमथने कुर्वीत प्रयत्नं बुधः ॥

અર્થ: તેથી વ્યાધિ - રોગનો નાશ કરનાર,
હિતકારી, સંસારનો નાશ કરનાર,
કર્મરૂપી રજને નાશ કરનાર એવા શ્રેષ્ઠ
શુક્લધ્યાનમાં બુદ્ધિમાન પુરુષોએ પ્રયત્ન કરવો.

(૪) ૬ દ્રવ્યમાં જીવદ્રવ્ય કર્તા છે, શેષ પાંચ અકર્તા છે.
કર્તા = જે દ્રવ્ય અન્ય દ્રવ્યની ક્રિયા પ્રત્યે સ્વામી હોય.
અથવા અન્ય દ્રવ્યોનો ઉપભોગ કરનાર હોય તે કર્તા
અને ઉપભોગમાં આવનારા દ્રવ્યો તે અકર્તા.
અથવા ધર્મ-કર્મ, પુણ્ય-પાપ આદિનો કરનાર તે કર્તા
અને ધર્મ-કર્મ આદિ ન કરનાર તે અકર્તા.

(૫) પાત્રના ત્રણ ભેદ

(1) સુપાત્ર = સર્વ વિરતિધર.
(2) પાત્ર = દેશવિરતિ - અવિરતિ સમ્યગ્દૃષ્ટિ.
(3) અનુકંપાપાત્ર = દુઃખી - અપંગાદિ.
શેષ સર્વે અપાત્ર ગણાય છે.

પાત્રને અન્ન, જલ, સ્થાન, શયન, વસ્ત્ર આપવાથી તથા મનના શુભ સંકલ્પરૂપ વ્યાપાર તથા વચન-કાયાના શુભ વ્યાપારથી અને દેવ-ગુરુને નમસ્કાર કરવાથી નવ પ્રકારે પુણ્ય બંધાય છે.

મનોગુપ્તિના ત્રણ ભેદ

દુર્ધ્યાન રોકવું - અકુશલ નિવૃત્તિ.
શુભ ધ્યાન પ્રવર્તાવવું - કુશલ પ્રવૃત્તિ.
સર્વથા મનોનિરોધ - યોગનિરોધ.

સમિતિ એ કુશલમાં પ્રવૃત્તિરૂપ છે.
ગુપ્તિ એ પ્રવૃત્તિ - નિવૃત્તિ ઉભયરૂપ છે.
તે સંઘ ધર્મરૂપી પુત્રને ઉત્પન્ન કરનાર તથા પાલન-
પોષણ કરનાર હોવાથી તેને પ્રવચન માતા કહેવાય છે.
ત્રિપદીના અવલંબે દ્વાદશાંગી રચના કર્યા બાદ
પ્રભુજી ચૂર્ણ પ્રક્ષેપપૂર્વક પ્રધાન ગણધરને
દ્રવ્ય-ગુણ-પર્યાયથી તીર્થની અનુજ્ઞા આપે છે.

(૯) મનને વિશુદ્ધ બનાવવા માટે
સાધકે શબ્દાદિ વિષયોમાંથી ઇંદ્રિયોને ખેંચી લેવાની છે.
ઇંદ્રિયોને મનમાં, મનને બુદ્ધિમાં અને
બુદ્ધિને આત્મામાં જોડી એકરૂપ કરી દેવાય,
ત્યારે જ પાપમુક્ત દશા અનુભવાય.
નિજ આતમને આત્મતત્ત્વમાં ઓગાળી દઈને જ
પરમ આનંદનો અનુભવ પ્રાપ્ત થઈ શકે.
મહોપનિષદ્‌માં કહ્યું છે કે:
હૃદયાકાશમાં આત્માનું ધ્યાન કરી, એ આત્મજ્ઞાન રૂપી
ચક્રની ધારથી નિઃશંક બની તું મનને મારી નાંખ એટલે
બહાર કે અંદરના કોઈપણ શત્રુઓ તને નહિ બાંધે.
બસ! એ જ સાચું સુખ અને એ જ સાચો આનંદ.

(૭) તપ, ત્યાગ અને સંયમનો સદ્બોધ આપનારા નિષ્કિંચન સંતપુરુષો પાસે દુન્યવી પદાર્થોની માંગણી કરવી એ એમના સદ્બોધની અવગણના કરવા સમ છે. મૌન એ ઈશ્વરની ભક્તિ, મનનની માટે આશીર્વાદ છે.

(૮) ઈશ્વરપ્રણિધાન ભક્તિ વિશેષ અર્થ

શરીર, ઈંદ્રિય, મન, બુદ્ધિ, અંતઃકરણ આદિ સર્વ બાહ્ય-અભ્યંતર કરણોથી થવાવાળા કર્મો તથા તેના ફળોનો ત્યાગ. બાહ્ય - અભ્યંતર સમગ્ર જીવનને ઈશ્વરાર્પણ કરવું. કર્મનું કર્તૃત્વ અને કર્મફળ ભોક્તૃત્વ પોતાનું જોવા છતાં તેમાં પરમ નિમિત્ત ઈશ્વર અને તેના આશરા હોવાથી નિમિત્ત કર્તૃત્વ અને ફળદાયકત્વ ઈશ્વરનું સ્વીકારવું. જે કાંઈ સત્કર્મ થાય, તે ઈશ્વર પ્રેરિત જ હોય છે.

(૯) તપથી શરીર, વાણી, મન અને અંતઃકરણની અશુદ્ધિ દૂર થાય છે. સ્વાધ્યાયથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ અને ચિત્તની એકાગ્રતા સિદ્ધ થાય છે. ઈશ્વર પ્રણિધાનથી કર્મોમાં અહંકાર અને ફળની આસક્તિનો ત્યાગ થાય અને ઈશ્વર અનુગ્રહનો લાભ થાય છે.

યોગના આઠ અંગો વ્યાપક રીતે વિચારતા આ બધા નિયમોમાં અંતર્ભાવ પામે છે.

આ ત્રણને ક્રિયાયોગ અથવા કર્મયોગ પણ કહે છે.

आरुरुक्षोर्मुनेर्योगं, कर्म कारणमुच्यते ।

તપ માટે એ સામાન્ય નિયમ છે કે:

ઉદરના બે ભાગ અન્નથી, એક ભાગ જળથી ભરવા
અને પેટનો એક ભાગ વાયુ માટે ખાલી રાખવો.
અન્નનો પ્રભાવ મન ઉપર પડે છે, તેથી
અન્ન સાત્ત્વિક - ન્યાયનીતિપૂર્વક મેળવેલું લેવું જોઈએ.
નિષ્કામ તપ સાત્ત્વિક, સકામ તપ રાજસિક, અજ્ઞાન તપ
તામસિક છે, પછી ભલે તે શરીર - વચન - મન સંબંધી હો.

(૯૦) અજ્ઞાનમૂલક અને દુઃખજનક ૫ વસ્તુ

(1) અવિદ્યા - તમસના ૮ ભેદ:

પાંચ તન્માત્રા, અહંકાર, મહત્ અને પ્રકૃતિ.
એ ૮ અનાત્મ પ્રકૃતિઓમાં આત્મવિભ્રાન્તિ.

(2) અસ્મિતા - મોહના આઠ ભેદ: આનુષંગિક ફળરૂપ
અણિમાદિ ઐશ્વર્યમાં પરમ પુરૂષાર્થની ભ્રાન્તિ.

(3) રાગ - મહામોહના ૧૦ ભેદ:
દિવ્ય - માનુષી ૧૦ પ્રકારના વિષયોમાં અનુરાગ.

(4) દ્વેષ - તામિસ્રના ૧૮ ભેદ: ૮ ઐશ્વર્ય, ૧૦ વિષયોમાં
ભોગાર્થ પ્રવૃત્તને પ્રતિબંધક ઉપર દ્વેષ, નાશનો ભય.

(૫) અભિનિવેશ - અંધતામિસ્ત્રના ૧૮ ભેદ.
આ પાંચે અજ્ઞાનમૂલક અને દુઃખજનક દોષાદિ પાંચેને
અજ્ઞાન, અવિદ્યા, વિપર્યય, ભ્રાન્તિ, ક્લેશ, મિથ્યાજ્ઞાન
વગેરે શબ્દોથી કહી શકાય.

(૯૧) જગત ઉત્પાદ - વિનાશશાલી છે, માટે અનિત્ય છે.
શરીર મલ - મૂત્રનું સ્થાન છે, માટે અપવિત્ર છે.
વિષયસુખ માત્ર દુઃખરૂપ છે, માટે ત્યાજ્ય છે.
શરીર, ઇંદ્રિય, ચિત્ત એ સર્વ અનાત્મ છે,
માટે પર છે, બંધનનું મૂળ છે, વિપર્યય વૃત્તિરૂપ છે,
અવિદ્યા ક્લેશ સંસ્કારરૂપ છે.

(૯૨) પ્રભુની વીતરાગતા, સર્વજ્ઞતા અને દયાળુ કારુણ્યને
જ્યારે આગળ કરીને ધ્યાન - ચિન્તન કરવામાં આવે છે,
ત્યારે ચિત્તની એકાગ્રતા સાધવામાં ઘણી સહાય મળે છે.
વીતરાગતા દ્રવ્યરૂપે, સર્વજ્ઞતા ગુણરૂપે અને
કારુણ્ય પર્યાયરૂપે એમનો પ્રગટ થયેલ છે,
તેમનું ધ્યાન ધ્યાતાની અંદર અપ્રગટરૂપે રહેલ
ગુણ - પર્યાયને પ્રગટ કરવામાં આલંબનરૂપ થાય છે.
વીતરાગતા = શુદ્ધાત્મ દ્રવ્ય, સર્વજ્ઞતા = શુદ્ધ આત્મગુણ
અને કારુણ્ય = શુદ્ધ આત્મપર્યાય.

નિરંજન શુદ્ધ આત્મદ્રવ્ય વિશ્વ જગત પ્રત્યે અનંત કરુણાવાળું હોય છે, તેના પ્રતીતિ નિમના ધ્યાન દ્વારા થતો પાપનો નાશ અને દુઃખનો નાશ કરી આપે છે.
કરુણા એ જ આત્મા અને આત્મા એ જ કરુણા.
આત્માકારક અને આત્માપાલક બંનેનો
યોગ કરાવી આપવાની શક્તિ એક કરુણામાં છે,
તેથી કરુણા એ જ ધર્મની અને મોક્ષની જનની છે,
એમ શાસ્ત્રકારોનું અબાધિત નિરૂપણ છે.

(૯૩) જૈન ધર્મનો અર્થ જિનનો ધર્મ.
જિન કોણ? જિન કોઈ વ્યક્તિનું નામ નથી, કિન્તુ
આત્માની એક શુદ્ધ સ્થિતિનું નામ છે.
વીતરાગ ભાવના પૂર્ણ વિકાસનું નામ જિન છે.
કષાય, મોહ, માત્સર્યનો પડદો દૂર થવાની સાથે જિનત્વ
પ્રગટ થાય છે. તેનો કહેલો ધર્મ તે જિન ધર્મ.

(૯૪) તીર્થ = ચતુર્વિધ સંઘનું શરીર નહિ પણ સાધના.
એ સાધના જે વ્યક્તિમાં હોય, તે તીર્થ છે.
આગમ પણ શબ્દાત્ તીર્થ છે.
શબ્દ કે અક્ષરરૂપ નહિ પણ જ્ઞાનરૂપ આગમતીર્થ છે.
સત્યનું જ્ઞાન તે જ તીર્થરૂપ બનીને
સંસારસાગરને તારનારું થાય છે.

જે જ્ઞાનજ્યોતિથી
સંસારસાગર તરવાનો માર્ગ પ્રગટ થાય, તે જ્ઞાનતીર્થ છે.
કામ, ક્રોધાદિ, કષાયોને
જીતવાનો ઉપાય બતાવનારું જ્ઞાન તે શાશ્વતતીર્થ છે.
તે ત્રિકાલાબાધિ સત્ય છે.
પ્રકૃતિ આપણી સાધના અને આપણું જ્ઞાન
એ જ ભાવતીર્થ છે.
એ તીર્થ કોઈ વ્યક્તિ નહિ પણ આત્માનું નિર્મળ ચૈતન્ય છે.
(૯૫)જૈન દર્શન ઈશ્વરને શક્તિ અને શાસનનું પ્રતીક
નહિ પણ શુદ્ધિ પ્રતીક માને છે. આત્મા જ્યારે પૂર્ણ
શુદ્ધિની ભૂમિકા પર પહોંચે છે, ત્યારે તે સિદ્ધ થાય છે,
આત્મા મટી પરમાત્મા થઈ જાય છે.
(૯૬)જૈન દર્શન અખંડ ચેતનાનું દર્શન છે. તે ચૈતન્ય-
માત્રને અખંડ અને અભેદ દૃષ્ટિથી દેખે છે. ચૈતન્ય
માત્ર પ્રત્યે તેની અભેદ - અદ્વૈતભાવની ઉદાત્ત દૃષ્ટિ છે.
જૈન દર્શન 'એગે આયા'ની ઉદ્ઘોષણા કરે છે. પ્રાણી-
માત્રમાં એક સમાન આત્મતત્ત્વનું વાસ્તવિક દર્શન કરે છે.
તે કહે છે કે વિશ્વનું સમગ્ર ચૈતન્યતત્ત્વ એકસરખું છે,
ગુણધર્મથી તેના શુદ્ધ સ્વરૂપમાં એક અને અભિન્ન છે.

(૯૭) નમસ્કાર મંત્રની આરાધનાથી ભવરાશિ ઉપર
સ્નેહપરિણામનો વિચ્છેદ થાય છે અને
દ્રવ્ય, ગુણ, પર્યાયથી શુદ્ધ આત્મસ્વરૂપનો બોધ થાય છે.
નમસ્કાર મંત્રનું આરાધન એ ક્રિયાયોગ છે,
તેનાથી થતો સ્નેહપરિણામનો વિચ્છેદ એ ભક્તિયોગ છે
અને તેથી થતો આત્મસ્વરૂપનો બોધ એ જ્ઞાનયોગ છે.
આમ જ્ઞાન, ભક્તિ, કર્મ ત્રણેનો સુમેળ કરાવનાર હોવાથી
એક નમસ્કાર મંત્રનું આરાધન પણ
જીવને મોક્ષમાર્ગરૂપ બની સકલ કર્મનો ક્ષય કરાવે છે.
કર્મયોગથી તમોગુણ રૂપી મલ ધોવાય છે, ભક્તિયોગથી
રજોગુણ રૂપી વિક્ષેપ દૂર થાય છે અને જ્ઞાનયોગથી
અવિશુદ્ધ સત્ત્વગુણજનિત આવરણ દૂર થાય છે.
કર્મયોગ સતતાભ્યાસરૂપ, ભક્તિયોગ વિષયાભ્યાસ રૂપ
અને જ્ઞાનયોગ ભાવાભ્યાસરૂપ છે.

(૯૮) પુરુષથી પ્રતિબિંબિત ચિત્તની સંજ્ઞા અસ્મિતા છે.
પુરુષ તથા ચિત્તમાં
અભિન્નતાની પ્રતીતિ કરાવનાર અસ્મિતા ક્લેશ છે.
પુરુષ તથા ચિત્તમાં ભેદજ્ઞાન કરાવનાર વિવેકખ્યાતિ છે.
અસ્મિતા ક્લેશના કારણે મન, ઇંદ્રિયો અને શરીરમાં

આત્મબુદ્ધિ - અંતઃ મમત્વભાવ પેદા થાય છે અને
તેથી સુખ પહોંચાડવાવાળી વસ્તુઓ અને વિષયોમાં
રાગભાવ તથા દુઃખ પહોંચાડવાવાળી વસ્તુ અને
વિષયોમાં દ્વેષભાવ તથા વિઘ્ન કરવાવાળી વસ્તુ અને
વિષયોમાં જે ભયભાવ પેદા થાય છે,
તેનું જ નામ રાગ, દ્વેષ અને અભિનિવેશ છે.

(૯૯) જે શાસ્ત્રોને ભણ્યો છે પણ
જેણે ક્રિયાત્મકરૂપથી યોગ દ્વારા અનુભવ અને યથાર્થ
સ્વસંવિદિત જ્ઞાન પ્રાપ્ત કર્યું નથી, તેવા વિદ્વાનનો
પણ અહંકાર તથા રાગદ્વેષાદિ ક્લેશો નષ્ટ થતા નથી.
ક્રિયાયોગથી ક્લેશ સૂક્ષ્મ થાય છે અને
પ્રસંખ્યાન યોગ કે વિવેકખ્યાતિથી દગ્ધબીજ થાય છે.

(૧૦૦) પ્રસવ એટલે ઉત્પત્તિ. પ્રતિ પ્રસવ એટલે લય.
કર્માશય, વાસના, સંસ્કાર, અપૂર્વ, અદૃષ્ટાદિ એકાર્થક છે.
રજોગુણ વિના ક્રિયા થતી નથી.
રજોગુણ સત્ત્વ સાથે મળે ત્યારે જ્ઞાન ધર્મ વૈરાગ્ય
આદિમાં પ્રવૃત્તિ થાય છે અને તમોગુણ સાથે મળે
ત્યારે અજ્ઞાન, અધર્મ, રાગાદિમાં જે પ્રવૃત્તિ થાય છે,
તે જ અનુક્રમે શુભાશુભ, પાપપુણ્ય, શુક્લકૃષ્ણ કર્મ છે.

(૨૦૧) જ્યારે તમ અને સત્ત્વ બંને રજોગુણથી મળે, ત્યારે 'ક્રિયાકર્મ' ઉત્પન્ન થાય છે. કર્મમાં મુખ્ય પ્રેરણા મનોવૃત્તિની છે. તેની પ્રેરણાથી જ શરીર અને ઇંદ્રિયોમાં ક્રિયા થાય છે, તેથી વાસનાઓના સંસ્કાર પડે છે. કર્મથી વાસના અને વાસનાથી કર્મ - અવિરત ચક્ર ચાલ્યા કરે છે.

ક્લેશ એ સંસારનું મૂળ યા જડ છે,
કર્માશય એ વૃક્ષ છે અને જાતિ આયુર્ભોગાદિ ફળ છે.

સંચિત કર્મોના સંસ્કારોને ઉપસર્જન, અનિયતવિપાક,
અદૃષ્ટજન્મ વેદનીય અને પ્રારબ્ધ કર્મોને
પ્રધાન, નિયતવિપાક અને દૃષ્ટજન્મ વેદનીય કહ્યાં છે.
ક્રિયમાણ કાં તો સંચિતમાં કે પ્રારબ્ધમાં મળી જાય છે, તેથી જુદા કહ્યાં નથી. જુદી જુદી નીચ યોનિઓમાં જન્મ
અંતઃકરણના મળ ધોવાનાં સાધનો પૂરાં પાડે છે.
ઈશ્વરી નિયમ ન્યાયયુક્ત, દયામય, કલ્યાણપ્રધાન હોય છે.

(૨૦૨) કર્મ સિદ્ધાંતનો સાર

વાસ્તવમાં કોઈ કોઈને સુખ કે દુઃખ આપી શકતું નથી, પરંતુ બીજાને સુખ અથવા દુઃખ પહોંચાડવાની બુદ્ધિથી જે કાંઈ કર્મ કરવામાં આવે, તે પોતાની અંદર જ
સુખ-દુઃખ પામવાના કર્માશયને ઊભું કરે છે.

(૨૦૩) ચાર આર્ય મહાસત્યો

પ્રથમ સત્ય : દુ:ખ છે (જન્મ - જરાદિ).

બીજું સત્ય : દુ:ખનું મૂળ તૃષ્ણા છે.

ત્રીજું સત્ય : દુ:ખનો પ્રતિકાર - નિરોધ છે.

ચોથું સત્ય : દુ:ખનિરોધનો માર્ગ છે.

એકલા બેસો ત્યારે પરમાત્માના નામનો જપ કરો. નામથી હૃદય અને ભક્તિથી નામ વિશાળ બને છે.

સૃષ્ટિ સુધારવા કરતાં દૃષ્ટિ સુધારો.

દાનથી ધન શુદ્ધિ થાય છે, મન નહિ.

સ્નાનથી તન શુદ્ધિ થાય છે, મન નહિ.

મન તો પરમાત્મ તથા તત્ત્વચિન્તનથી શુદ્ધિ થાય છે.

(૨૦૪) (1) બહિર્મુખતાની સૌથી અંતિમ અવસ્થા મનુષ્યનો અન્ય પ્રાણીઓની સાથે વ્યવહાર છે. એ વ્યવહારને યમના પાલન દ્વારા સાત્વિક અને દિવ્ય બનાવાય છે. યમપાલનથી આ બાહ્ય વ્યવહારથી સંબંધ રાખવાવાળા રાગ - દ્વેષ અને અભિનિવેશ તનુ બની જાય છે.

(૨૦૫) (2) નિયમોનો સંબંધ વ્યક્તિગત પોતાના શરીર, ઇંદ્રિયો અને અંત:કરણની સાથે છે. નિયમોના પાલનથી વ્યક્તિગત સંબંધ રાખવાવાળો બાહ્ય વ્યવહાર બધો

રાજસિક, તામસિક જે વિક્ષેપ અને આવરણરૂપ મલોથી ધોવાઈને સાત્ત્વિક સ્વચ્છ અને સ્થિર બની જાય છે.

(૨૦૬) (૩) આસનનો સંબંધ શરીરની ક્રિયા સાથે છે. આસનાભ્યાસથી શરીરની ચંચળતા, અસ્થિરતા, આળસ અને પ્રમાદ દૂર થઈ સાત્ત્વિક પ્રકાશ અને સ્થિરતા ઉત્પન્ન થાય છે.

(૨૦૭) પ્રાણાયામથી પ્રાણની ગતિને રોકીને અથવા તો ધીમા કરીને શરીરની આંતરિક પ્રાણરૂપ ગતિને સ્થિર અથવા સાત્ત્વિક કરાય છે.

(૨૦૮) પ્રત્યાહાર દ્વારા ઈંદ્રિયોના પ્રમાદ અને આળસને તામસ અને બાહ્યમુખ રજસથી શૂન્ય કરી સાત્ત્વિક રૂપમાં ચિત્તની સાથે અંતર્મુખ બનાવી સ્થિર કરાય છે.

(૨૦૯) ધારણા દ્વારા ચિત્તને મૂઢ અને ક્ષિપ્તરૂપ અર્થાત તામસ તથા રજસને હટાવી સાત્ત્વિકરૂપમાં વૃત્તિમાત્રથી કોઈ એક વિષયમાં સ્થિર કરી સ્થિર બનાવાય છે.

(૨૧૦) જે વિષયમાં ચિત્તને વૃત્તિમાત્રથી સ્થિર કર્યું છે, તે વૃત્તિને અસ્થિર કરવાવાળા રજસ અને પ્રમાદ ઉત્પન્ન કરવાવાળા તામસને હટાવી ચિત્તને સાત્ત્વિક અને સ્થિરરૂપથી એક જ વૃત્તિમાં સ્થિર કરાય છે.

(૨૨૧) ધ્યેયાકાર વૃત્તિને ધ્યાન ધ્યાતૃરૂપવૃત્તિમાં રજસ્ -
તમસ્‌ને ત્યાગવા સમાધિમાં ધ્યેયાકારમાત્રમાં સ્થિર કરે છે.
ધ્યાન તથા સમાધિ એ બે ધારણાની જ ઉંચી અવસ્થા છે.
તેથી આરંભમાં કેવળ ધારણાનો જ પ્રયત્ન થઈ શકે છે.
ધારણા, ધ્યાન અને સમાધિમાં અવિદ્યા આદિ ક્લેશ
તનુ થઈને વિવેકખ્યાતિમાં દગ્ધબીજવત્ થાય છે.
અસંપ્રજ્ઞાત સમાધિમાં ચિત્ત પોતાના કારણમાં લીન થવાથી
તેનો સર્વથી, લય થઈ જાય છે.

(૨૨૨) અષ્ટાંગ યોગમાં આરંભથી જ
એક સાથે સર્વ અંગોનું સાધન કરવું જોઈએ.
નીચેના અંગ ઉપરના અંગોને સહાય કરે છે, તેમ ઉપરના
અંગ નીચેના અંગોની દૃઢભૂમિ કરવામાં સહાયક થાય છે.
જેમ નીચેની ભૂમિકાઓ સાત્ત્વિક બને છે, તેમ ઉપરની
ભૂમિકામાં આરોહ થાય તથા ઉપરની ભૂમિઓની સાત્ત્વિકતા
અનુસારની ભૂમિકાઓમાં સ્થિરતાની વૃદ્ધિ થાય છે.
એ રીતે નીચી અને ઉંચી બધી ભૂમિકાઓ
બાહ્ય-આંતર સમગ્ર જીવનને સાત્ત્વિક અને સ્થિર બનાવે છે.

(૨૨૩) મંત્ર અને મંગલમાં વિશેષતા છે.
મંત્ર મનન દ્વારા ત્રાણ કરે છે.

મંગલ સ્મરણ ઉપરાંત દર્શન, પૂજન, શ્રવણ, મનન આદિ
અનેક રીતે વિઘ્નહર અને શુભાગમનમાં હેતુ બને છે.
નમસ્કાર એ મંત્ર ઉપરાંત મંગલ છે, કેમકે
તેમાં રહેલા પંચ પરમેષ્ઠિ ભગવંતોના નામ, આકૃતિ, દ્રવ્ય,
ભાવ આદિ સ્મરણ ઉપરાંત દર્શનાદિનો હેતુ બનીને
અનર્થનો ધ્વંસ અને અર્થની પ્રાપ્તિ કરાવે છે.

(૯૯૪) વ્યર્થ પદોથી યુક્ત હજારો વચન પણ નિષ્ફલ જાય છે.
એક પણ સાર્થપદ શ્રેષ્ઠ છે,
કે જે સાંભળીને શાંતિ ઉત્પન્ન થાય.
શાંતિ ઉત્પન્ન કરવી તે જ વાક્યપ્રયોગનું પ્રધાનલક્ષ્ય છે.
જે પદથી ઉદ્દેશની સિદ્ધિ ન થાય,
તેનો પ્રયોગ નિતાન્ત અયોગ્ય છે.

सहस्रमपि चेद्वाचो अनर्थपद संहिताः ।
एकमर्थपदं श्रेयो यच्छ्रुत्वोपशाम्यति ॥ -धम्मपद ८/२

(૯૯૫) પ્રજ્ઞાના ત્રણ પ્રકાર

શ્રુતમયી = આપ્તપ્રવચનાદિથી ઉત્પન્ન થતો બોધ.
ચિન્તામયી = યુક્તિથી ઉત્પન્ન થતો બોધ.
ભાવનામયી = સમાધિજન્ય બોધ.
શ્રુતચિંતા પ્રજ્ઞાસંપન્ન પુરુષ ભાવના-ધ્યાનનો અધિકારી છે.

# બુદ્ધ શાસનનું રહસ્ય

सर्वपापस्याऽकरणं कुशलस्योपसंपदा ।
स्वचित्तपर्यवदापनं एतद् बुद्धानां शासनम् ॥१॥

સર્વ પ્રકારના પાપો ન કરવા, કુશલનો સંચય કરવો અને
ચિત્તની પરિશુદ્ધિ કરવી.

બુદ્ધ શાસનનું રહસ્ય આ ત્રણ શબ્દોમાં સમાઈ જાય છે.

(૨૨૬) અહિંસા તથા જ્ઞાન પણ ધર્મોથી વિપરીત એવું
અજ્ઞાનપણું થવામાં મુખ્ય કારણ પોતાને નાનકડા એવા
ભૌતિક શરીરમાં સંકુચિતરૂપે દેખવું, તે છે.
એ કારણને ટાળવા બુદ્ધો અહિંસાદિના પાલન માટે
પ્રાણીમાત્રમાં પોતાના આત્માને વ્યાપકરૂપે દેખે છે.

(૨૨૭) સત્ય એટલે વસ્તુનું યથાર્થ જ્ઞાન, યથાર્થ વચન.
સત્ય એટલે કર્તવ્ય. સત્ય એટલે નિરૂપણ.

(૨૨૮) યમ એટલે *discipline*. યમ એટલે શિસ્ત.
યમ એટલે શાસન અને વ્યવસ્થા રાખવાવાળી ક્રિયા.
યમના પાલનથી જ સંસારની વ્યવસ્થા ઠીક રહી શકે.
શાસકો તથા ન્યાયાધીશોનું પરમ કર્તવ્ય
અહિંસાદિ યમોનું સ્થાપન કરવું તે છે.
ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય આદિ શ્રેષ્ઠ ભાવનાઓ છે.

(૨૨૯) મનુષ્યમાત્રનો જન્મસિદ્ધ અધિકાર
ઈશ્વરીય જ્ઞાનની પ્રાપ્તિ અને આત્મોન્નતિ છે.
મનુષ્ય દેહનો એ જ એક મુખ્ય ઉદ્દેશ છે.
આનો સર્વ સમાજથી સંબંધ ધરાવે છે,
નિયમો વૈયક્તિક ધર્મને સૂચવે છે.

માનસિક શૌચ યા આભ્યન્તર શૌચ એટલે ?

ઈર્ષ્યા, અભિમાન, ઘૃણા, અસૂયાદિ મળોને મૈત્રી આદિથી તથા ખરાબ વિચારોને સારા વિચારો દ્વારા દૂર કરવા, દુર્વ્યવહારને શુદ્ધ વ્યવહાર વડે હટાવવો તથા અવિદ્યા આદિ ક્લેશોના મળને વિવેકજ્ઞાન દ્વારા દૂર કરવા તે.

(૨૩૦) ૪ પ્રકારની આધ્યાત્મિક તુષ્ટિ (ભેદ)

(1) પ્રકૃતિ તુષ્ટિ (કર્મ):
પ્રકૃતિ સ્વયં પુરુષના ભોગાપવર્ગ માટે કાર્ય કરી રહી છે.

(2) ઉપાદાન તુષ્ટિ (સ્વભાવ):
પોતાની એકાગ્રતાથી મુક્તિ મેળવી લે છે.

(3) કાળ તુષ્ટિ (કાળ):
સમય પાકવાથી સ્વયમેવ મુક્તિ પ્રાપ્ત થઈ જશે.

(4) ભાગ્ય તુષ્ટિ (ભવિતવ્યતા):
ભાગ્યમાં હશે તો અવશ્ય મુક્તિ મળશે.
આ ચારે પુરુષાર્થની પ્રતિપક્ષી છે, માટે ભેદ છે.

(૨૨૧) બાહ્યતુષ્ટિ પાંચ પ્રકારની છે.

શબ્દાદિ પાંચ વિષયોમાં પાંચ પ્રકારના દુ:ખ રહેલા છે:
પ્રાપ્ત કરવામાં દુ:ખ, રક્ષામાં દુ:ખ, ભોગમાં દુ:ખ,
બીજાની હિંસામાં દુ:ખ અને નાશ વખતે દુ:ખ.
એ ભયથી મોક્ષના બાહ્યસાધનોમાં પ્રમાદ કે આલસ્ય કરવા,
તે તુષ્ટિ સંતોષ રૂપ નહિ પણ અવિવેકના પ્રકારો છે.
સર્વ નિયમોમાં ઈશ્વરપ્રણિધાન મુખ્ય છે.
સર્વ નિયમોને પણ ઈશ્વરસમર્પણરૂપે કરવા શ્રેયસ્કર છે.

(૨૨૨) આંતરત્રાટક એટલે...

નેત્ર બંધ કરીને ભ્રૂમધ્ય, હૃદય, નાભિ આદિ
આંતરિક સ્થાનોમાં ચક્ષુવૃત્તિની ભાવના કરીને જોતા રહેવું તે.
વેદમાં પ્રાર્થના છે કે : 'તન્મે મન: શિવસંકલ્પમસ્તુ ।'
અર્થાત્ : મારું આ મન પવિત્ર સંકલ્પવાળું હો.
પ્રારબ્ધ કર્મ સંકલ્પ દ્વારા જ ક્રિયમાણ બને છે.
'મારું મન પવિત્ર સંકલ્પોનું સ્ત્રોત બનો.'
પ્રેમ એ બીજ છે, ભક્તિ એ અંકુર છે,
શ્રદ્ધા એ ખાતર છે, સત્સંગ એ વરસાદ છે,
શરણાગતિ ફૂલ છે અને પ્રભુમાં તદ્રૂપ થવું તે ફળ છે.
પ્રેમના સંકલ્પને કારણે સૌનું મન પવિત્ર બને છે.

સફળતા કે નિષ્ફળતાનો આધાર સંકલ્પની
પ્રબળતા કે નિર્બળતા છે, કુદરત ભાગ્ય નહિ.

(૬૨૩) સંકલ્પશક્તિ = વિચારશક્તિ અને ટેવ.

દુરાગ્રહ તથા ઉચ્છૃંખલતા વચ્ચે ઘણું અંતર છે.
પહેલું આગ્રહની દૃઢતા અને શ્રેષ્ઠતાનું પરિણામ છે
અને બીજું તેની નિર્બળતાનું ફળ છે.

સંકલ્પશક્તિના વિકાસ માટે આત્મવિશ્વાસ આવશ્યક છે
તથા તે માટે આસ્તિકતા - ઈશ્વરભક્તિ અનિવાર્ય છે.

જ્યારે મનુષ્ય સર્વવ્યાપક, સર્વશક્તિમાન, સર્વદ્રષ્ટા
ઈશ્વરનું આલંબન લઈને સર્વકાર્યો તેમને સમર્પણ કરે,
ત્યારે તે નિષ્કામ અને અનાસક્ત બને છે અને પોતાને
ઈશ્વરનું એક કરણ - સાધન સમજીને કર્તવ્યરૂપથી પોતાનું
કર્મ કરે, ત્યારે તે પોતાની શારીરિક, માનસિક, આત્મિક
શક્તિઓને પણ અગાધ અને અસીમ અનુભવે છે.
તેના સૌ સંકલ્પ ઈશ્વરાર્પણ - ઈશ્વર પ્રેરણારૂપ બને છે,
તેથી તે જે સંકલ્પ કરે છે, તે પ્રમાણે જ થાય છે,
તેની કોઈ ઈચ્છા અનુચિત કે સ્વાર્થમય રહેતી નથી.
કિન્તુ સમસ્ત પ્રાણીઓના કલ્યાણાર્થ ઈશ્વરાર્પણ રૂપ છે,
તેથી તે જે ઈચ્છે છે, તે પ્રમાણે થાય છે.

તે કોઈ શબ્દ અનુચિત, અનાવશ્યક અને અસત્ય નહિ બોલતો, તેના પક્ષે ઈશ્વરને અર્પેલા હોય છે, તેથી જે કાંઈ શબ્દ નીકળે છે, તે તે પ્રમાણે જ થાય છે. તેના કાર્ય અનાવશ્યક કે સ્વાર્થસિદ્ધિ માટે હોતા નથી, કિંતુ સર્વ પ્રાણીઓના હિતાર્થ નિષ્કામ ભાવથી ઈશ્વરાજ્ઞાનુસાર કર્તવ્યરૂપથી હોય છે, તેથી પૂરી લગની તથા દૃઢતાથી કરે છે. સંસારની કોઈ શક્તિ તેને કર્તવ્યકર્મથી હટાવી શકતી નથી.

(૨૨૪) અશ્વવિદ્યાનો કુશળ સારથી

જે પ્રકારે ચંચળ ઘોડાઓને સાધે છે, શિક્ષા આપે છે, તે પ્રકારે શરીર, પ્રાણ, ઈંદ્રિયો અને મનરૂપી અશ્વોને ઉચિત રીતે અને ઉચિત અભ્યાસથી વશ કરવાનું કાર્ય તપસ્યા વડે સિદ્ધ થાય છે. શરીરમાં વ્યાધિ - પીડા, ઈંદ્રિયોમાં વિકાર અને ચંચળતા, તથા ચિત્તમાં અપ્રસન્નતા - ગ્લાનિને જન્માવનાર જે ઉત્પન્ન કરવાવાળા તપને યોગમાર્ગમાં સ્થાન નથી. જે તપ વડે શરીર - ઈંદ્રિય - પ્રાણ તથા મનની શુદ્ધિ, નિર્વિકારતા, પ્રસન્નતા, સ્વચ્છતાદિ સિદ્ધ થાય, ફક્ત તે જ તપ કર્તવ્ય છે. શુદ્ધ, નિર્વિકાર, નિરોગી અને સ્વસ્થ શરીર આદિની યોગમાર્ગમાં પ્રથમ જરૂર છે.

(૯૨૫) આત્મભિન્ન શરીરાદિમાં આત્માભિમાનરૂપી મોહ
એ જ અસ્મિતાદિ બધાં ક્લેશોનું મૂળ છે.
લોભ, ક્રોધ, હિંસા, અસત્યાદિનું મૂળ મોહ તે જ છે.
સમગ્ર દોષ સમુદાય મોહ-અવિદ્યા, મિથ્યાત્વમાંથી જન્મે છે.
તૃષ્ણાનું નામ લોભ છે અને કર્તવ્યાકર્તવ્યના વિચારનો
નાશક, અગ્નિસ્વરૂપ ચિત્તની એક અવસ્થાનું નામ 'ક્રોધ' છે.
રજોગુણથી ઉત્પન્ન થનારી, પ્રતિકૂળ સંવેદન કરાવનારી
ચિત્તની એક વૃત્તિનું નામ 'દુઃખ' છે.
ક્લેશોનું મૂળ અવિદ્યા - અજ્ઞાન છે અને
ક્લેશોનું ફળ અનન્ત દુઃખ અને કષ્ટ - પીડા વગેરે છે.
વિતર્ક એટલે વિરોધી તર્ક, ધર્મવિરુદ્ધ વિચારો અર્થાત્
હિંસાદિ કરવાના વિચારને પ્રતિપક્ષ ભાવના વડે રોકવા.

(૯૨૬) 'સત્યપ્રતિષ્ઠાયાં ક્રિયાફલાશ્રયત્વં ।'
ક્રિયા તે ફળનો આશ્રય બને છે.
ક્રિયાથી જે ફળ મળે, તે વચનમાત્રથી મળે છે.
તે કોઈને કહે કે 'તું ધર્માત્મા બની જા' અથવા
'સુખી બની જા' તો તે જ પ્રમાણે કાર્ય બને છે
અથવા તેના વચનમાંથી તે જ વાત નીકળે છે કે
જે ક્રિયારૂપમાં થવાવાળી હોય છે. સત્યની પ્રબળતાથી
અંતઃકરણ એટલું સ્વચ્છ અને નિર્મળ બની જાય છે.

(૨૨૭) યોગીને માટે સૌથી મોટો પરિગ્રહ કયો હોય,
તો તે અવિદ્યા, રાગાદિ ક્લેશ અને
શરીરાદિમાં અહંત્વ - મમત્વ બુદ્ધિ છે.
તેનો ત્યાગ કરવાથી ચિત્ત એટલું શુદ્ધ - નિર્મળ થઈ જાય
છે કે તે યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવામાં સમર્થ બને છે.
ભૂત - ભાવિ જન્મોનું પણ જ્ઞાન થઈ જાય છે.
કેવી રીતે આ જન્મ પ્રાપ્ત થયો અને
ભવિષ્યમાં કેવો જન્મ પ્રાપ્ત થશે, તેનું જ્ઞાન થવાથી
વધુ જાણવાની જિજ્ઞાસા નિવૃત્ત થઈ જાય છે.

(૨૨૮) સ્વાધ્યાયશીલ આત્માને
દેવતા, ઋષિઓ અને સિદ્ધોનાં દર્શન થાય છે
અને તે બધાં તેના યોગકાર્યમાં સહાયક બને છે.
ઇષ્ટદેવતાનો સંયોગ અર્થાત્ તે તે દેવતા પ્રત્યક્ષ થાય છે.

(૨૨૯) જો ઈશ્વરપ્રણિધાનથી જ સમાધિલાભ થઈ જતો હોય,
તો બાકી યોગાંગોની શી જરૂર છે?
તેનો ઉત્તર એ છે કે અન્ય યોગાંગો વિના
ઈશ્વરપ્રણિધાનનો લાભ થવો કઠિન છે, તેથી બાકી યોગાંગો
ઈશ્વરપ્રણિધાનમાં સહાયક અને ઉપયોગી સાધન છે.
ઈશ્વરપ્રણિધાન શૂન્ય અન્ય યોગાંગોના અનુષ્ઠાનથી

અનેક પ્રકારનાં વિઘ્નો ઉપસ્થિત થાય છે
તથા સમાધિનો લાભ મળતો, તે ટળાય છે.
ઈશ્વરપ્રણિધાનપૂર્વક યોગાંગોના અનુષ્ઠાનથી
નિર્વિઘ્નતા સાથે શીઘ્રપણે સમાધિસિદ્ધિ મળે છે, તેથી
બધાં અનુષ્ઠાનનો ઈશ્વરપ્રણિધાન સહિત કરવાં જોઈએ.
(૨૩૦) શરીરને પ્રયત્નશૂન્ય અને મનને અનંત વિષયી
વૃત્તિવાળું કરવાથી આસનસિદ્ધિ શીઘ્ર થાય છે. આસન-
સિદ્ધ પુરુષને શીતોષ્ણ, ક્ષુધાતૃષાદિ દ્વંદ્વો પીડાકારક થતા નથી.
આસન એ પ્રાણાયામની સિદ્ધિનું એક અંગ છે.
યમ-નિયમની જેમ તે સ્વતંત્ર અંગ નથી.
અષ્ટાંગયોગરૂપી વૃક્ષમાં બીજના સ્થાને યમ-નિયમ,
અંકુરના સ્થાને આસન-પ્રાણાયામ,
પુષ્પના સ્થાને પ્રત્યાહાર અને
ફળના સ્થાને ધારણા, ધ્યાન તથા સમાધિ છે.
આરોપ અને અધ્યાસ અનિષ્ટ છે.
આરોપ = અન્યમાં અન્ય બુદ્ધિ કરવી તે.
સંકેતરૂપ અધ્યાસ = આ પદનો આ અર્થ છે, તે.
શબ્દ, અર્થ, જ્ઞાનનો સમાધિજન્ય ભેદબોધ
તે જ સિદ્ધિનું કારણ છે.

(૨૩૧) न पातालं न विवरं गिरीणां
नैवान्धकारं कुक्षयो नोदधीनाम् ।
गुहा यस्यां निहितं ब्रह्म शाश्वतं
बुद्धिवृत्तिमविशिष्टां कवयो वेदयन्ते ॥१॥

અર્થાત્ : જે ગુફામાં શાશ્વત - નિત્ય બ્રહ્મ નિહિત છે, તે ગુફા ન તો પાતાળ છે, ન તો પર્વતોની ગુફા છે, ન અંધકાર છે, ન સમુદ્રની ખાડી છે, કિન્તુ પ્રતિબિંબિત થનાર આત્મિક એવી જે બુદ્ધિવૃત્તિ - ચિત્તવૃત્તિ છે, તેને જ કવિઓ તથા બ્રહ્મજ્ઞાનીઓ 'બ્રહ્મગુફા' કહે છે.

निर्वाणसाधकान् योगान् यस्मात् साधयतेऽनिशम् ।
समश्च सर्वभूतेषु तस्मात्साधुरुदाहृतः ॥१॥
क्षान्त्यादिगुणसंपन्नो मैत्र्यादिगुणभूषितः ।
अप्रमादी सदाचारे भावसाधुः प्रकीर्तितः ॥२॥
- धर्मरत्न प्रकरणे । (परिशिष्ट-७)

(૨૩૨) मैत्र्यादिषु बलानि । बलेषु हस्तिबलादीनि ।
ટીકા, મૈત્રી આદિનું બળ કે વાયુ આદિનો વેગ,
તેમાં તદાકાર થઈને જ્યારે
સાક્ષાત્કાર પર્યંત સંયમ કરવામાં આવે,
ત્યારે તેના જેવું બળ પ્રાપ્ત થાય છે.

(૨૩૩) યોગીને જ્યારે મૈત્રી આદિ ઉત્કૃષ્ટ થઈ જાય છે,
ત્યારે સર્વની મિત્રતા આદિ પ્રાપ્ત થાય છે.
મૈત્રીમાં જ્યારે સંયમ કરે છે, ત્યારે
સર્વ પ્રાણીઓનો સુખકારી મિત્ર બની જાય છે.
કરૂણામાં સંયમ કરવાથી
દુઃખીઓના દુઃખ દૂર કરવાની શક્તિ આવતી જાય છે.
મુદિતામાં સંયમ કરવાથી પક્ષપાતીપણું ચાલી જાય છે.
ઉદાસીનતા કથંચિત્ અભાવાત્મક છે, તેથી
તે સંયમનો વિષય થઈ શકતી નથી. પા-૩-સૂ-૨૩-૨૪

(૨૩૪) અસંપ્રજ્ઞાતસમાધિની સિદ્ધિ માટે બ્રહ્મરન્ધ્ર-સહસ્ત્રાર,
સંપ્રજ્ઞાતની સિદ્ધિ માટે ભ્રકુટિ-આજ્ઞાચક્ર શ્રેષ્ઠ સ્થાન છે.
રૂપ વિષયનું સ્થાન જે તાલુ છે,
તેના સમક્ષ અંદરથી ધ્યાન કરવામાં આવે,
તો ધ્યાન સ્વયં ભ્રકુટિ-આજ્ઞાચક્ર સુધી પહોંચી જાય છે.
એ રીતે જિહ્વામૂલ જે શબ્દનું સ્થાન છે,
ત્યાંથી તાલુ તરફ ઉપરની બાજુ ધ્યાન કરાય,
તો તે ધ્યાન બ્રહ્મરન્ધ્ર સુધી પહોંચી જાય છે.
ધ્યાનને માટે તાલુને ભ્રકુટિનું દ્વાર અને
જિહ્વામૂલને બ્રહ્મરન્ધ્રનું દ્વાર સમજવું જોઈએ.

(૯૩૫) 'વીતરાગ વિષયં વા ચિત્તમ્ ।' પા-૧, સૂ-૩૭
જે જે મહાન યોગી પુરુષોએ વિષયોની અભિલાષા
પૂર્ણપણે છોડી દીધી છે, જે કૃતકૃત્ય તેમના ચિત્તમાંથી
અવિદ્યાદિ ક્લેશોના સંસ્કારો સર્વદા, નષ્ટ થયા છે,
તેમના ચિત્તનું ધ્યાન કરવાવાળાના ચિત્તમાં પણ તેવા
જ સાત્ત્વિક સંસ્કાર ઉત્પન્ન થાય છે અને તે
સુગમતાથી એકાગ્ર બની જાય છે. સાધક પણ ક્રમશઃ જો
વિષય રાગરહિત અવસ્થાને પ્રાપ્ત કરી
પૂર્ણ વૈરાગ્યની ભૂમિ ઉપર પહોંચી જાય, તો
એના મનની સ્થિતિને સ્થિર કરવામાં સમર્થ થાય છે.
(૯૩૬) બધા ઇંદ્રિયોનું કાર્ય બ્રહ્મશક્તિથી ચાલી રહ્યું છે,
તેથી ઉપનિષદોમાં 'બ્રહ્મ' શબ્દ
ઇંદ્રિયોના અર્થમાં પણ પ્રયુક્ત થયેલો હોય છે.
રાગ-દ્વેષાદિના વિરોધી મૈત્ર્યાદિ ભાવ કરવાથી પ્રસન્નતાને
પ્રાપ્ત થયેલું ચિત્ત સંપ્રજ્ઞાત સમાધિને યોગ્ય બને છે.
રાગ = વિષયેચ્છા. દ્વેષ = વૈર કે અનિષ્ટ પ્રત્યે રોષ.
એ બે જ પ્રધાનપણે ચિત્તના વિક્ષેપક છે.
એ બે ને જો જડથી ઉખાડી નાંખવામાં આવે, તો ચિત્તની
પ્રસન્નતા અને તે દ્વારા એકાગ્રતા સુલભ બની જાય છે.

ગ્રાહ્યના બે પ્રકાર : સ્થૂળ - સૂક્ષ્મ.
ગ્રહણના બે પ્રકાર : ઇંદ્રિયો - અહંકાર.
ગ્રહીતૃના બે પ્રકાર : અસ્મિતા અને આનંદ.
એકમાં 'અહમસ્મિ', બીજામાં માત્ર 'અસ્મિ'.

(૨૩૭) ઈશ્વરપ્રણિધાન

(1) સત્યસંકલ્પ ઈશ્વરમાં ભક્તિવિશેષ.
મન, વાણી અને કર્મના વ્યાપારો પ્રભુને આધીન રાખી, તેના ફળનું ઈશ્વર સમર્પણ.

(2) શરીર, ઇંદ્રિય, મન, પ્રાણ, અંતઃકરણ આદિ બધાં કરણો, તેનાથી થવાવાળા બધા કર્મો અને તેના ફળો સહિત બાહ્ય - આંતર સમગ્ર જીવન ઈશ્વરને સમર્પણ.

(3) ઈશ્વરના ગુણો અને નિજના સ્વરૂપનું ચિન્તન.

(4) ઈશ્વરના નામનો જપ અને તેના અર્થભાવના.

(5) જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયમાં હેતુ એ સામાન્ય લક્ષણ છે. ઉપાસનામાં ઉપાસકને જે સ્વરૂપ ઈષ્ટ તરીકે લેવાના છે, તે તેનું વિશેષ લક્ષણ છે.
વિશેષસ્વરૂપ ક્લેશ, કર્મ, વિપાક અને વાસનાઓથી રહિત કર્મીને જે ઉપાસના થાય છે, તે બંધનથી છુટકારો પ્રાપ્ત કરવા માટે સમર્થ થાય છે.

(6) અવિદ્યાદિ પ્રયુક્ત ક્લેશાદિનો સંબંધ ઈશ્વરમાં નથી. એ જ ઈશ્વરની અન્ય પુરુષોથી વિશેષતા છે. ક્લેશાદિ ચિત્તધર્મોથી રહિત, વિશુદ્ધ સત્ત્વગુણપ્રધાન ચિત્તોપાધિક નિત્ય જ્ઞાન-ઐશ્વર્ય આદિ ધર્મ વિશિષ્ટ સત્યકામ, સત્યસંકલ્પ ચેતન તે ઈશ્વરપદનું વાચ્ય છે.

(7) ઈશનશીલઃ ઇચ્છામાત્રેણ
સકલજગદુદ્ધરણશીલઃ ઈશ્વરઃ। (પરિશિષ્ટ-૮)

(8) ક્લેશયુક્ત હોઈ યોગાનુષ્ઠાન દ્વારા ક્લેશોના બંધનથી મુક્ત થવું તે નથી. સર્વદા ક્લેશથી અપરામૃષ્ટ હોવું કે સદા મુક્ત હોવું, એ બે વચ્ચે ફરક છે.

(૧૩૮) **ઐશ્વર્ય બે પ્રકારનું છે: એક જ્ઞાનરૂપ અને બીજું જીવોના ઉદ્ધારના સત્ય સંકલ્પસ્વરૂપ.** વિશુદ્ધસત્ત્વરૂપ ચિત્તથી જીવોના કલ્યાણ માટે વિવેકયુક્ત પ્રયત્ન કરનારૂં સ્વરૂપ ભ્રાન્ત નહિ કિન્તુ જ્ઞાનમય છે. ઉત્કૃષ્ટ જ્ઞાનથી વિશુદ્ધ સત્ત્વમય ચિત્ત અને વિશુદ્ધ સત્ત્વમય ચિત્તથી-સંકલ્પમાત્રથી જગદુદ્ધારરૂપ ઐશ્વર્ય, એ બંને અનાદિ છે. પ્રકૃતિ અને પુરુષનો સંયોગ-વિભાગ અર્થાત્ પુરુષોના ભોગાપવર્ગાર્થ સૃષ્ટિની ઉત્પત્તિ-પ્રલયાદિ ઈશ્વરેચ્છા-સત્યસંકલ્પ વિના અસંભવ છે.

मायां तु प्रकृतिं विद्यात् मायिनं तु महेश्वरम् ।

માયા - પ્રપંચ - સંસારનું ઉપાદાન કારણ છે અને માયાના સ્વામી પ્રેરક પરમેશ્વર નિમિત્ત કારણ છે.

(૨૩૯) न तस्य कार्यं करणं च विद्यते
न तत्समश्चाऽभ्यधिकश्च दृश्यते ।
पराऽस्य शक्तिर्विविधैव श्रूयते
स्वाभाविकी ज्ञानबलक्रिया च ॥ श्वेता:

તેને મનુષ્ય જેવી કોઈ દેહ નથી, ઇંદ્રિયો નથી, તેના બરોબર કોઈ નથી, તેનાથી અધિક કોઈ નથી, તેની ઉત્કૃષ્ટ શક્તિ અનેક પ્રકારની અનાદિની શ્રુતિમાં સંભળાય છે અને તેનું જ્ઞાન, બળ(ઇચ્છા) અને ક્રિયા - અહીં સ્વાભાવિક અને નિત્ય છે.

જેમ જ્ઞાનની પરાકાષ્ઠા માનવી જોઈએ, તેમ ઈશ્વરમાં ધર્મ, વૈરાગ્ય, શ્રી, ઐશ્વર્ય, યશ, સંપત્તિ આદિની પરાકાષ્ઠા પણ માનવી જોઈએ.

(૨૪૦) સંસારની રચનામાં ઈશ્વરનો પોતાનું કોઈ પ્રયોજન અથવા અનુગ્રહ નથી. જીવોને ભોગાપવર્ગમાં નિમિત્ત બનવું તે જ પ્રયોજન છે. દયાળુતાના કારણે 'જ્ઞાન, ધર્મોપદેશ દ્વારા સાંસારિક જીવોનો ઉદ્ધાર કરું'

એ ભાવથી પ્રભુ, પ્રારંભમાં બીજોનો ઉપદેશ કરે છે.

ઈશ્વર દયાળુ હોવાથી

પ્રાણીઓ ઉપર દયા કરશે તે તેનું નિત્ય પ્રયોજન છે.

ઈશ્વરનો અધ્યવસાય, ઇષ્ટ - ઇચ્છાનો વિષય છે કે

સર્વ પ્રાણીઓને ત્રિવિધ તાપમાંથી ઉદ્ધાર કરૂં.

જે જેને ઇષ્ટ હોય તે તેનું પ્રયોજન ગણાય.

અર્થાત્ ઈશ્વરનો સ્વભાવ જ દયાળુ હોવાથી પ્રાણીઓના દુઃખ દૂર કરવાનું કાર્ય તેમના અસ્તિત્વ માત્રથી થાય છે.

તે અસ્તિત્વને જ અર્થ - ક્રિયાકારિત્વ હોવાથી

ઇષ્ટ અથવા પ્રયોજન ગણી શકાય.

(૪૪) ઉપાસના જે દરેક ગુણોની ભાવના કરીને ઉપાસક ધ્યાન કરે છે, તે ગુણો ઉપાસકમાં આવે છે.

જેમ ઈશ્વર ચેતન, કૂટસ્થ, નિત્ય અને ક્લેશાદિથી

રહિત છે, તેમ વાસ્તવમાં આત્મા પણ

ચેતન, કૂટસ્થ, નિત્ય અને ક્લેશાદિ રહિત છે.

આ સાદૃશ્યતાના કારણે ઈશ્વર પ્રણિધાનથી પ્રણિધાન કરનારને પોતાના શુદ્ધસ્વરૂપનું પ્રત્યક્ષ ભાન થાય છે.

અત્યંત વિરૂદ્ધ ધર્મવાળા પદાર્થોમાં એકના ધ્યાનથી બીજા વિરૂદ્ધ ધર્મવાળા પદાર્થનો સાક્ષાત્કાર થઈ શકતો નથી,

કિન્તુ સદૃશ પદાર્થોમાં એકના દર્શનથી બીજા સદૃશ પદાર્થનો સાક્ષાત્કાર થઈ શકે છે. જેમ એક શરીરના આત્માસથી બીજા સદૃશ અર્થવાળા શરીરનું જ્ઞાન થઈ જાય છે. ઈશ્વરના ચિન્તનથી જીવનું યથાર્થ સ્વરૂપ જાણી શકાય છે.

અન્યના ચિન્તનથી યદ્યપિ અન્યનું જ્ઞાન ન થાય તો પણ જીવ પોતાના ધર્મમાં ઈશ્વરની સદૃશ છે, એથી સદૃશ વસ્તુનું જ્ઞાન થઈ શકે છે અને તેથી ઈશ્વરોપાસના વડે જીવ-ઈશ્વર બંનેનું જ્ઞાન થાય છે.

(૯૪૨) સમત્વ બુદ્ધિ, સમન્વય બુદ્ધિ, ગુણગ્રાહી રસિક બુદ્ધિ, સ્યાદ્વાદ પરિણતિ અને અનેકાન્તમતિ એક જ અર્થને કહેનારા શબ્દો છે.

આત્મતત્ત્વ અને પરમાત્મતત્ત્વમાં જડતત્ત્વથી વિજાતીય ભેદ છે અને બન્નેમાં પરસ્પર સજાતીય ભેદ છે અર્થાત્ આત્મતત્ત્વ અને પરમાત્મતત્ત્વ જડતત્ત્વની જેમ સર્વથા ભિન્ન નથી કિન્તુ એકજાતીય હોવા છતાં પોતપોતાની અલગ સત્તાને ધરાવે છે. મુક્ત અવસ્થામાં આત્મા પણ પરમાત્મ સદૃશ જ્ઞાન અને આનંદને પ્રાપ્ત કરે છે.

(૯૪૩) સ્વરૂપસ્થિતિ બ્રહ્મસદૃશ હોવા કે બ્રહ્મસ્વરૂપ હોવા તે કેવળ શબ્દોની જ ઉલટફેર છે.

જેમ દેહ દુઃખનું કારણ જડતત્ત્વ છે, એનો આત્મતત્ત્વ
સાથે સંયોગ દર્શાવવાનું બન્નેનું ધ્યેય એકસમાન છે.

અદ્વૈતવાદીઓ પરમાત્મ તત્ત્વમાં આરોપિત
એક રજ્જુમાં સર્પસદૃશ કલ્પિત વસ્તુ બતાવીને
આત્મતત્ત્વથી તેનો સંયોગ છોડાવે છે.

દ્વૈતવાદીઓ આત્મતત્ત્વથી સર્વથા, ભિન્ન એક અલગ
તત્ત્વ કરીને તેમાંથી આત્માનો અધ્યાસ દૂર કરાવે છે.

(૨૪૪) પુરુષ - પ્રકૃતિ એ બંનેનો સંબંધ વગેરે કેવળ
અનુભવગમ્ય છે, બુદ્ધિથી અધિક સૂક્ષ્મ હોવાના કારણે
શાબ્દિક વર્ણનમાં ઠીક ઠીક આવી શકતા નથી. એ કારણે
તત્ત્વવેત્તાઓની વર્ણનશૈલીમાં ભિન્નતા હોવી સ્વાભાવિક છે.
બાહ્યદૃષ્ટિવાળાઓને તે ભિન્નતા વાસ્તવિક પ્રતીત થાય છે,
પણ સૂક્ષ્મદૃષ્ટિથી જોનારાને તેમાં તાત્ત્વિકભેદ જણાતો નથી.
જેમ એક જ દેશનું વર્ણન ભિન્ન ભિન્ન લેખક સ્વરુચિ,
દૃષ્ટિકોણ, વિચાર તથા શૈલી મુજબ ભિન્ન ભિન્ન રીતે કરે છે,

તેમાં 'અથાતો ધર્મ જિજ્ઞાસા ।' એ મીમાંસા સૂત્ર છે.
'અથાતો બ્રહ્મ જિજ્ઞાસા ।' એ વેદાંત સૂત્ર છે,
ધર્મ પરાપરક છે, બ્રહ્મ આત્મપરક છે.

ह्रीं ॐ श्रीं अर्हं श्रीं श्रीं अर्हं श्रीं ॐ ह्रीं

(૨૮૪) વેદાન્તમાં બ્રહ્મનું વર્ણન કોઈક સ્થળે
'અન્યાદિશ' વડે 'તત્ત્વમસિ',
કોઈક સ્થળે અહંકારાદિશ વડે 'અહં બ્રહ્માઽસ્મિ' અને
કોઈ સ્થળે આત્માદિશ વડે 'અયમાત્મા બ્રહ્મ' કરેલ છે.
અદ્વૈતવાદીઓ આ વાક્યોને અદ્વૈતપરક માને છે.
એને મહાવાક્ય કહે છે.
આમાં 'ત્વમ્', 'અહં', 'અયમ્' શરીરમાં ભાસમાન એવા
આત્માના શુદ્ધ સ્વરૂપની પરબ્રહ્મ પરમાત્માના શુદ્ધ સ્વરૂપ
સાથે અભિન્નતાની પ્રતીતિ કરાવે છે અર્થાત્ આત્માના
શુદ્ધ સ્વરૂપના સૂચક છે અને તત્, બ્રહ્મ, પરબ્રહ્મ
આદિ શબ્દો પરમાત્માના શુદ્ધ સ્વરૂપનો નિર્દેશ કરે છે.
શબલરૂપ અને ઉપલક્ષણમાં એટલો ભેદ છે કે
શબલરૂપમાં બ્રહ્મશક્તિથી વિશિષ્ટરૂપ કહેવાય છે, જ્યારે
ઉપલક્ષણથી તે દ્વારા
તેમાં શક્તિ કાઢીને કેવળ સ્વરૂપ કહેવામાં આવે છે.
(૨૮૫) માયાના સંબંધથી બ્રહ્મ એ ઈશ્વર છે અને
અવિદ્યાના સંબંધથી બ્રહ્મ એ જીવ છે.
જીવ અવિદ્યાના કારણે પોતાના બ્રહ્મસ્વરૂપ-શુદ્ધાત્મ
સ્વરૂપને ભૂલી બુદ્ધિ, અહંકાર, મન, ઇંદ્રિયો અને

શરીર આદિની ઉપાધિઓને પોતાનું વાસ્તવિક સ્વરૂપ સમજી એની અવસ્થાઓને પોતાની અવસ્થા માની લે છે. આ અધ્યાસના કારણે અલ્પજ્ઞતા, અલ્પ શક્તિમત્તા

અને પરિચ્છિન્નતાની સીમામાં આવી

કર્તા અને ભોક્તા બની જાય છે અને અજ્ઞાન કર્મો દ્વારા પુણ્ય-પાપનો સંચય કરી આવાગમનના ચક્રમાં ફસાય છે.

આત્મા તથા પરમાત્મા અથવા જીવ અને બ્રહ્મની એકતાના અનુભવસિદ્ધ પૂર્ણ જ્ઞાનથી અવિદ્યાનો નાશ કરી શરીર, ઇંદ્રિયો, મન, બુદ્ધિ, અહંકારાદિ ઉપાધિઓથી આત્મભાવ હટાવી, કર્તા-ભોક્તાનું અભિમાન નિવૃત્ત કરી,

કર્મ અને તેના ફળ તથા

આવાગમનથી નિવૃત્ત થઈ શકાય છે અને પરિચ્છિન્નતા તથા અલ્પજ્ઞતાની સર્વ સીમાઓને તોડી પોતાના શુદ્ધ જ્ઞાનસ્વરૂપમાં અવસ્થિત થઈ શકાય છે.

આને નિર્વિશેષાદ્વૈત કે વિવર્તવાદ કહે છે.

જે શંકર વેદાન્તનો આ મત છે,

વિક્રમ સં. ૮૪૫ થી ૮૭૮

માત્ર 32 વર્ષની વયે તેઓનું સ્વર્ગગમન થયેલ છે.

દયાનંદ સરસ્વતીના મતે 2200 વર્ષ થયા.

(૨૪૭) નેતિ નેતિ - સર્વ વૃત્તિઓનો નિરોધ સૂચવી છે
અને સ્વરૂપાવસ્થિતિ પ્રાપ્ત કરવાનો ઉપાય જતાવી છે.
અદ્વૈતવાદ જડવાદના સ્થાને ચૈતન્યવાદ સ્થાપન કરે છે.
(૨૪૮) યદ્યપિ નિર્વિશેષ અદ્વૈત સિદ્ધાંત
વ્યવહાર દશામાં દોષયુક્ત અને યુક્તિહીન છે, તો પણ
એ ભાવના જે જતાવે છે કે સારા દૃશ્ય, સંસાર મિથ્યા,
અવિદ્યા અને ભ્રમરૂપ છે, કેવલ એક બ્રહ્મ જ સત્ય છે,
તે વસ્તુ સાધકોને સાધનરૂપથી શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં
અવસ્થિતિ પ્રાપ્ત કરવામાં રોચક - સહાયક પ્રતીત થાય છે,
તેથી મુમુક્ષુઓ તે સિદ્ધાંતને અપનાવે છે.
અંતિમ લક્ષ્યની પ્રાપ્તિમાં
સાંખ્યયોગનો દ્વૈતવાદ - પરિણામવાદ અને શંકરનો
નિર્વિશેષ અદ્વૈતવાદ - વિવર્તવાદ કોઈ અંતર ધરાવતા નથી.
બંનેનું અંતિમ લક્ષ્ય સમાન હોવાથી
સાધનામાં એકરૂપ મળી જાય છે.
(૨૪૯) શ્રી રામાનુજાચાર્યનો વિશિષ્ટાદ્વૈત મત કહે છે કે:
બાહ્યજગત, શરીર ઇત્યાદિ અને જીવાત્મા -
બંને બ્રહ્મનું શરીર છે અને બ્રહ્મ તેનો અંતર્યામી આત્મા
છે, એ પ્રકારે ચિત - અચિત - વિશિષ્ટ બ્રહ્મ એક જ છે.

મોક્ષમાં જીવાત્મા બ્રહ્મસદૃશ બને છે પણ બ્રહ્મરૂપ નહિ.

પુરુષોત્તમ, નારાયણ, વાસુદેવ, પરમેશ્વર
એ બધા બ્રહ્મના પર્યાયવાચક નામ છે.

આ સંપ્રદાયમાં સગુણબ્રહ્મ - અપરબ્રહ્મ - શબલબ્રહ્મની પ્રાપ્તિ એ અંતિમલક્ષ્ય છે. તેને યોગની સંપ્રજ્ઞાત સમાધિના અંતિમ ધ્યેય તરીકે કહી શકાય. સંવત ૨૦૭૩ - ભાષ્ય.

(૧૫૦) શ્રી મધ્વાચાર્યનો દ્વૈત સિદ્ધાંત - સં. ૧૨૫૪, આયુ ૮૬ વર્ષ.

પૂર્ણ ભાષ્ય - સ્વયં પોતાને ગુણ, કર્મ અને સ્વભાવને ઉંચા બનાવવાની અપેક્ષાએ અન્યજનને નીચા, નાના, જૂઠા અને અપૂર્ણ બતાવવાની અને પોતાને ઉંચા, મોટા, સાચા અને પૂર્ણ સિદ્ધ કરવાની આસુરી ચેષ્ટાથી હિંદુઓમાં પરસ્પર ભ્રાતૃભાવ, સમાનતા, આદર તથા સત્કારનો અભાવ થતો ચાલ્યો. સામાજિક, ધાર્મિક, રાષ્ટ્રિય, નાગરીક, વૈયક્તિક આદિ બધા અંગોમાં સ્વાર્થમય જીવન વ્યવહાર એ હિંદુઓનું મુખ્ય અંગ બની ગયું. પ્રાચીન સભ્યતા અને ધર્મ-ભાષા આદિ પ્રત્યે પ્રેમનો અભાવ, દાસતાના વિચાર, વિદેશભાષાનું મહત્વ, વિદેશી સંસ્કૃતિ અને સભ્યતાની તરફ પ્રવૃત્તિ વગેરે દૂષણો અંગ્રેજના શાસન દરમ્યાન ફેલાયા. ત્યારે પરબ્રહ્મવિચારની અસર સમાજ પર શક્ય નહોતી,

તેથી જીવ, જગત અને ઈશ્વર
એ ત્રણે તત્ત્વોનો વિચાર જ વધારે ઉપયોગી હોવાથી
તે વખતના સાહિત્યનો ઝુકાવ તે તરફ હતો,
પરન્તુ તે ત્રણે તત્ત્વો દ્વૈતવાદને જ જણાવનાર હતા.

(૧૫૧) આ વલ્લભાચાર્યનો શુદ્ધાદ્વૈત સિદ્ધાંત સં. ૧૫૩૫ અણુભાષ્ય.

આ સિદ્ધાંત જીવબ્રહ્મની એકતા અથવા માયાત્મક જગતને
મિથ્યા ન માનતાં માયાને ઈશ્વરની ઈચ્છાદિ
વિભિન્ન થયેલી એક શક્તિ માને છે.
માયાધીન જીવને ઈશ્વર કૃપા વિના મોક્ષલાભ અશક્ય છે
અર્થાત્ મોક્ષનું મુખ્ય સાધન ઈશ્વર ભક્તિ છે.
માયારહિત શુદ્ધ જીવ અને પરબ્રહ્મ (શુદ્ધ બ્રહ્મ)
બન્ને એક જ વસ્તુ છે, તેથી તેને 'શુદ્ધાદ્વૈત' કહે છે.
આ અંશમાં તે સાંખ્યયોગ સદૃશ છે.

(૧૫૨) નિમ્બાર્કનો દ્વૈતાદ્વૈત સિદ્ધાંત સં. ૧૨૧૯

તેઓએ 'વેદાન્ત પારિજાત ભાષ્ય' લખ્યું છે.
જીવ, જગત, ઈશ્વર ત્રણે પરસ્પર ભિન્ન છે,
તો પણ જીવ અને જગતનો વ્યવહાર તથા
અસ્તિત્વ ઈશ્વરેચ્છા પર અવલંબિત છે, સ્વતંત્ર નથી
તથા જીવ અને જગતના સૂક્ષ્મતત્ત્વ ઈશ્વરમાં જ રહેલાં છે.

વિશિષ્ટાદ્વૈતથી જુદો પાડવા માટે એનું નામ દ્વૈતાદ્વૈત રાખ્યું છે.
આ સંપ્રદાય પણ જ્ઞાનની અપેક્ષાએ ભક્તિપ્રધાન છે.
પુરાણો ઉપર વિશેષ ઝુકાવ છે.
વૈષ્ણવ સંપ્રદાયો તેમાંથી નીકળ્યા છે.

**ઘણા પૌરાણિક સંપ્રદાયો મુક્તિ ૪ પ્રકારે માને છે:**

(1) સાલોક્ય = વૈકુંઠલોકમાં નિવાસ.
(2) સામીપ્ય = ઈશ્વર સમીપ નિવાસ.
(3) સારૂપ્ય = ઈશ્વર સમાન રૂપવાળા બનવું.
(4) સાયુજ્ય = વૈકુંઠ સમાન વિભૂતિ પામવી.

મુક્તિની આ અવસ્થાઓ એક પ્રકારથી ભૌતિક અર્થાત્ સ્વઃ, મહઃ, જનઃ, તપઃ, સત્યલોકની અંતર્ગત આવી શકે.
(૯૫૩) બ્રહ્મસૂત્ર ઉપર વિજ્ઞાનભિક્ષુનું ભાષ્ય છે. તેમાં શ્રુતિ, સ્મૃતિ અને દર્શનોની એક તાત્પર્યમાં સંગતિ બતાવી છે,
પરંતુ તે કોઈ સાંપ્રદાયિક રૂપમાં નહિ.
બ્રહ્મસૂત્રમાં કોઈપણ વૈદિક દર્શનોનું ખંડન નહિ.
કણાદનું વૈશેષિક અને કપિલનું સાંખ્ય પણ બ્રહ્મસૂત્રોમાં ખંડિત કરવામાં આવ્યું નહિ.
(1) જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું અભિન્ન નિમિત્તોપાદાન બ્રહ્મતત્ત્વ છે.

સાંખ્યની પ્રકૃતિ, વૈશેષિકના પરમાણુ, ચાર્વાકના ચાર ભૂત.

(2) જગતની ઉત્પત્તિ આદિનું

અભિન્ન નિમિત્તોપાદાન ચૈતન્યતત્ત્વ - શંકરનું અદ્વૈતતત્ત્વ.

(3) જગતની ઉત્પત્તિ આદિનું

નિમિત્ત કારણ ચૈતન્યતત્ત્વ અને ઉપાદાન કારણ

જડતત્ત્વ પ્રકૃતિ - પરમાણુ આદિ અનાત્મ સત્તા છે.

જડાદ્વૈત - ચાર્વાક

ચૈતન્યાદ્વૈત - નવ્યવેદાંત

ચૈતન્ય - જડ - આત્માનાત્મવાદ - પ્રાચ્ય વેદાંત.

(1) ઈશ્વર (સગુણબ્રહ્મ, શબલબ્રહ્મ, અપરબ્રહ્મ)
જે બ્રહ્માંડ અર્થાત્ સમષ્ટિરૂપથી જડ તત્ત્વના
સંબંધવાળી ચૈતન્યસત્તા - પરમાત્મ સત્તા છે.

(2) જીવ જે પિંડ અર્થાત્ વ્યષ્ટિરૂપથી
જડતત્ત્વના સંબંધવાળી આત્મસત્તા છે.

(3) પ્રકૃતિ - જડતત્ત્વ જે અનાત્મ સત્તા છે.

કૈવલ્ય અવસ્થામાં જ્યારે
દ્રષ્ટાની શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં અવસ્થિતિ થાય છે,
ત્યારે તે જીવની અપેક્ષાએ અદ્વૈત તત્ત્વ છે.
સાંસારિક જીવોની અપેક્ષાએ નહિ.

પરમાત્મા, પરબ્રહ્મ, શુદ્ધબ્રહ્મ, નિર્ગુણબ્રહ્મ અભિપ્રેત છે.
આ દ્વૈતવાદ સાંખ્યયોગ, ન્યાય-વૈશેષિક સર્વને માન્ય છે.
દુઃખ પ્રતીતિ અને તેની નિવૃત્તિનો પ્રયત્ન
પરિણામત્વના અસ્તિત્વને સિદ્ધ કરે છે,
એથી પહેલો જડાદ્વૈતવાદ દૂષિત કરે છે.
દુઃખ જો પરિણામત્વનો ધર્મ હોત તો તેની પ્રતીતિ ન થાત
અને દુઃખની પ્રતીતિ પણ જો આત્મધર્મ હોત,
તો ત્રિકાળમાં પણ તેની નિવૃત્તિ અસંભવિત બનત.
એ પ્રકારે પરિણામાદ્વૈતવાદ પણ દૂષિત કરે છે.
એ કારણે તત્ત્વવેત્તાઓને એ નિર્ણય પર આવવું પડ્યું છે
કે ચેતનતત્ત્વ તો આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે અને
એનાથી ભિન્ન બીજું જડતત્ત્વ છે કે જેનો સ્વાભાવિક
ધર્મ દુઃખાદિ છે. તેને દૂર કરવાનો પ્રયત્ન આવશ્યક છે.
બધા શ્રુતિઓ, સ્મૃતિઓ, યુક્તિઓ, ઉદાહરણો
એ વાતને સિદ્ધ કરે છે.

o

Steadfastness in faith is
developed through love. Affirm love 3
times, that is in Spirit, Soul and
body & see faith established.

(૬૫૪) 'સર્વં ખલ્વિદં બ્રહ્મ |' આ શ્રુતિ બ્રહ્મ પ્રકૃતિ કે પરમસત્તા બધા ત્રિગુણાત્મક જગતમાં વ્યાપ્ત થઈ રહી છે એટલું જ જણાવે છે, કિન્તુ જડની સત્તાનો અભાવ સિદ્ધ કરતી નથી. આ શ્રુતિ બ્રહ્મના શબલ, અપર, સાકાર, સગુણ, ત્રિગુણાત્મપ્રકૃતિથી મળેલ સ્વરૂપનો બોધ કરાવે છે. શુદ્ધ, પર, નિરાકાર, નિર્ગુણ અને પ્રકૃતિથી સર્વથા ભિન્ન કેવલ સ્વરૂપનો બોધ કરાવવા આ શ્રુતિ ઉપર્યુક્ત નથી, કેમકે બીજી શ્રુતિઓ પણ તે જ વાતને જણાવે છે.

तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः |

તે બ્રહ્મ આ સર્વ ત્રિગુણાત્મક જગતની અંદર છે. વળી તે નિશ્ચયથી આ સર્વ ત્રિગુણાત્મક જગતની બહાર છે.

(૬૫૫) कालः स्वभावः नियतिर्यदृच्छा
भूतानि योनिः पुरुष इति चिन्त्या |
संयोग एषां नत्वात्मभावा-
दात्माप्यनीशः सुखदुःखहेतोः ||१|| શ્વેત-૧-૨ પ્રકૃતિ:

કાળ, સ્વભાવ, નિયતિ, યદૃચ્છા, સ્થૂલભૂત અથવા જીવાત્મા કારણ છે, એ વિચારણીય છે. એનો સંયોગ પણ કારણ નથી થઈ શકતું, કેમકે તે અનાત્મ-જડપદાર્થ છે. જીવાત્મા પણ સમર્થ નથી, કેમકે તે સુખ - દુઃખમાં પડેલો છે.

ते ध्यानयोगानुगता अपश्यन्
देवात्मशक्तिं स्वगुणैर्निगूढाम्।
यः कारणानि निखिलानि तानि
कालात्मयुक्तान्यधितिष्ठत्येकः ॥३॥ श्वेत. १-३ અર્થાત્:

તેઓએ ધ્યાનયોગમાં લાગીને તે પરમાત્માની નિજ શક્તિ કે જે કાર્યોમાં અંદર છુપાયેલા છે, તેને પ્રત્યક્ષ જોઈ.
તે દેવ એકલો કાળ અને આત્મા સહિત
આ બધા કારણોનો અધિષ્ઠાતા છે.

યોગશિખોપનિષદ્ અ-૧માં કહ્યું છે કે:

ज्ञाननिष्ठो विरक्तोऽपि धर्मज्ञो विजितेन्द्रियः।
विना देहेऽपि योगेन न मोक्षं लभते प्रिये ॥ અર્થાત્:

સાધક ભલે જ્ઞાનનિષ્ઠ, વિરક્ત, ધર્મજ્ઞ અને જિતેન્દ્રિય કેમ ન હો, તો પણ યોગ વિના આ દેહથી મુક્તિલાભ ન કરી શકે.

(૧૫૫) બુદ્ધિનું સ્થાન મસ્તક છે,
તેના પ્રતિપક્ષ ક્રોધનું પણ સ્થાન ત્યાં છે.
લજ્જાનું સ્થાન દૃષ્ટિમાં છે,
તો પ્રતિપક્ષ લોભનું સ્થાન પણ ત્યાં છે.
શ્રદ્ધા અને ચિંતનનું સ્થાન હૃદયમાં છે,
તો શંકા અને ભયનું સ્થાન પણ ત્યાં જ છે.

ક્રોધ બુદ્ધિનો નાશ કરે છે, લોભ લજ્જાનો નાશ કરે છે
અને શંકા શ્રદ્ધાનો નાશ કરે છે.

ક્રોધનો નાશ કરવા બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ.
લોભનો નાશ કરવા દૃષ્ટિનો ઉપયોગ કરવો જોઈએ.
ભયનો નાશ કરવા શ્રદ્ધાનો ઉપયોગ કરવો જોઈએ.
તે સદુપયોગ છે, બાકી દુરુપયોગ છે.

(૬૫૭) તુમંસિ નામ તં ચેવ, જં હંતવ્વંતિ મન્નસિ ।
તુમંસિ નામ તં ચેવ જં અજ્જાવેયવ્વંતિ મન્નસિ ।
તુમંસિ નામ તં ચેવ જં પરિયાવેયવ્વંતિ મન્નસિ ।

- આ-૧-૫-૫ ઉ. અમરમુનિ

સૂક્તિ: જેને તું મારવા ચાહે છે, તે તું જ છે.
જેને તું શાસિત કરવા ચાહે છે, તે તું જ છે.
જેને તું પરિતાપ દેવા ચાહે છે, તે તું જ છે.
સ્વરૂપ દૃષ્ટિએ સર્વ ચૈતન્ય એક સમાન છે.
અદ્વૈત ભાવના જ અહિંસાનો મૂળ આધાર છે.

(૬૫૮) મનુષ્ય તારો આનંદ સ્વપ્નાંના સુખભોગમાં નથી,
સ્વપ્નાંની ઇચ્છાપૂર્તિમાં તારી પરિતૃપ્તિ નથી,
કિન્તુ જાગરણના સુખમાં તારો આનંદ છુપાયેલો છે,
જાગરણની પરિતૃપ્તિમાં તારી પરિતૃપ્તિ રહેલી છે.

પોતાના સમાન બધા ચૈતન્યને માટે
સમર્પણ કરવામાં સુખ તથા આનંદની અનુભૂતિ થાય છે,
તે જ સાચું સુખ અને આનંદ છે.
ભારતીય સંસ્કૃતિ આ સમર્પણની ભાવના,
કરુણા અને દાનના રૂપમાં વિકસિત થઈ છે.
કરુણા એ માનવ આત્માનો મૂળ સ્વર છે.
પશુદયા પણ કરુણાનું એક રૂપ છે, પરંતુ
ત્યાં કરુણા અને અહિંસાની ઈતિશ્રી નહિ, પ્રારંભ છે.
કરુણાનું ક્ષેત્ર ઘણું વ્યાપક અને અતિ વિશાળ છે.
ઈશ્વરને જે 'સર્વવ્યાપક' કહેલ છે,
તે શરીરદૃષ્ટિએ નહિ, આત્મદૃષ્ટિએ - ભાવદૃષ્ટિએ.
સમન્વય બુદ્ધિ અને અનેકાન્ત દૃષ્ટિ
તોડવાનું નહિ પણ જોડવાનું શીખવે છે.
સત્યને ખંડિત કરતી નહિ પણ પૂર્ણ કરીને બતાવે છે.
શરીરની દૃષ્ટિએ બધા ભંગી છે, ચમાર છે.
આત્માની દૃષ્ટિએ બધા દેવ છે, પરમાત્મા છે, સિદ્ધ છે,
અનેકાન્તવાદની આ દેણ છે.
(૯૫૯) આત્મામાં પરમાત્માનો વાસ છે.
આત્મા - આત્મામાં કોઈ ભેદ નહિ.

વસ્તુતઃ જે આત્મા છે, તે જ પરમાત્મા છે.
આ ઉદાત્ત વિચાર, વિશાળ દૃષ્ટિકોણ જ
પરમાત્મ તત્ત્વ તરફ આગળ વધવાનો માર્ગ છે.

अयं निजः परोवेति गणना लघुचेतसाम् ।
उदारचरितानां तु वसुधैव कुटुंबकम् ॥१॥ (પરિશિષ્ટ-૯)

(૨૬૦) કૃષ્ણમૂર્તિની જીવનદૃષ્ટિમાં
વિધાન નહિ પણ વિચારપ્રથા સૌથી અગત્યની છે.
'શાંત મન', 'મુક્ત ચેતના', 'મનનું અવલોકન',
'ગુરુ અને ગ્રન્થની નિરર્થકતા' વગેરે
શબ્દો આજે વપરાય છે પણ શબ્દોનું સામ્ય એ કોઈ
વિચારો કે જીવનદૃષ્ટિનું સામ્ય નથી.
'કુદરત સાથે જીવવું અને મન નિર્મળ થઈ જશે' 'કુદરત
કિનારા પર બેસીને દેખો અને પછી શું થાય છે, તે જુઓ'
વગેરે વાતોમાં મોટે ભાગે શબ્દાડંબર જ રહેલ છે.

(૨૬૧) માનવજીવનના ચાર સ્તંભો
સત્ય, શાંતિ, પ્રેમ, અહિંસા.

(૨૬૨) પ્રત્યેક મનુષ્ય જન્મતાંની સાથે
ચાર પ્રકારના ઋણ લઈ આવે છે.
દેવઋણ, ઋષિઋણ, પિતૃઋણ અને માનવઋણ.

દેવ, ગુરુ, માતા - પિતાદિ વડીલજન તથા
સહવર્તિ મનુષ્યગણ એટલે કે પરિવાર, સમાજ, પાડોસી.
ઋણનો અર્થ ઉત્તરદાયિત્વ.
મનુષ્યને મનુષ્ય પ્રત્યે એક સ્વાભાવિક ઉપકાર છે,
તે ઋણને ન ચૂકવવું તે
સામાજિક અપરાધ છે, નૈતિક ચોરી છે.
પ્રત્યેક પ્રાણી એક અન્ય પ્રાણીથી ઉપકૃત છે,
જેમનો આધાર અને આશ્રય પ્રાપ્ત કરીને જીવે છે.
એ પ્રાકૃતિક નિયમ છે.
પરસ્પરોપગ્રહો જીવાનામ્ । એમ શાસ્ત્ર પણ કહે છે.
જેમનો ઉપકાર લઈએ છીએ,
તો તેને ચુકાવવાની જવાબદારી આપણા પર આવી પડે છે.
આદાન - પ્રતિદાનની આ સહજ વૃત્તિમાંથી જ
સંઘ તથા સમાજની, પરિવાર અને કુટુંબની રચના છે.
સમસ્ત કર્તવ્યો અને ધર્માચરણોનો આધાર તે છે.
તેમાંથી જ કૃતજ્ઞતા, નમ્રતા, સત્કાર, સહાનુભૂતિ આદિ
સદ્ગુણોનો જન્મ થાય છે.
દેવઋણ, ઋષિઋણ, પિતૃઋણ આદિની સાથે
અતિથિઋણ આદિ પણ કહેલ છે.

શિવગંજ, ધવલા જૈન ઉપાશ્રય,

સં. ૨૦૨૫, જેઠ વદી ૧૧, સોમવાર, તા. ૧૦-૬-૬૯

## (૧) સાંખ્યદર્શનના નામનું રહસ્ય

૨૫ તત્ત્વની સંખ્યા ઉપરથી સાંખ્ય નામ અથવા
'प्रकृति - पुरुषाऽन्यताख्याति।' અર્થાત્:
'પ્રકૃતિ પુરુષ વિવેક'નું બીજું નામ 'સંખ્યા' છે.
સંખ્યા = સમ્યક્ ખ્યાતિ, સમ્યગ્ જ્ઞાન, વિવેક જ્ઞાન છે.
કોઈ વસ્તુના ગુણ-દોષનું પરીક્ષણ કરવું,
તેને પણ 'સંખ્યા' કહેવાય છે.

दोषाणां च गुणानां च प्रमाणं प्रविभागतः ।
कंचिदर्थमभिप्रेत्य सा संख्येत्युपधार्यताम् ॥
शुद्धात्मतत्त्वविज्ञानं सांख्यमित्यभिधीयते ।

સંખ્યા = આત્માના વિશુદ્ધ સ્વરૂપનું જ્ઞાન.
એ રીતે સાંખ્યદર્શનનું નામ અનેક રીતે સાર્થક છે.

(૨) मनोवाक्कायजे पापे कृतानुमतिकारितैः ।
मिथ्या मे दुष्कृतं भूयात् अपुनः क्रिययान्वितं ॥ અર્થાત્:
કરવા, કરાવવા, અનુમોદવા દ્વારા મન-વચન-કાયાથી જે પાપો
થયા હોય, તે ફરીવાર નહીં કરવાની પ્રતિજ્ઞાપૂર્વક મિથ્યા થાઓ.
દુષ્કૃતગર્હા ૩ કરણ અને ૩ યોગથી કરવાની છે.

(3) સુકૃતાનુમોદના ૭ ધાતુ તથા ૧૦ પ્રાણથી કરવાની છે.

यत्कृतं सुकृतं किंचित् रत्नत्रितयगोचरं ।
तत्सर्वमनुमन्येऽहं मार्गमात्रानुसार्यपि ॥१॥
सर्वेषामर्हदादीनाम् यो योऽर्हत्वादि गुणः ।
अनुमोदयामि तं तं सर्वं तेषां महात्मनाम् ॥२॥

અર્થ: રત્નત્રયવિષયક માર્ગાનુસારીપણા પર્યંત
જે કાંઈ સુકૃત સેવ્યું હોય, તેની હું અનુમોદના કરું છું.
અરિહંતાદિમાં રહેલા અર્હત્વ, સિદ્ધત્વ, આચારાદિ ગુણો
તે તે મહાત્માઓમાં રહેલા તે સર્વની હું અનુમોદના કરું છું.

અહીં અનુમોદન એટલે હર્ષ - પ્રમોદ,
૧૦ પ્રાણ તથા ૭ ધાતુ થકી અભિવ્યક્ત થતો આનંદ.
૧૦ પ્રાણ = ૫ ઇંદ્રિયો, ૩ બળ, શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય.
૭ ધાતુ = રસ - રુધિર - માંસ - મેદ - મજ્જા - અસ્થિ - શુક્ર.
તે બધા વડે જ્યારે હર્ષ અભિવ્યક્ત થાય છે,
ત્યારે તે 'પ્રમોદ' રૂપ સાચું અનુમોદન ગણાય છે.
ગુણની પ્રસન્નતાદિ વડે ગુણાધિક પુરુષો પ્રત્યે જ્યારે
આંતરિક પ્રીતિ દર્શાવાય છે, ત્યારે તે પ્રમોદ ગણાય છે.
'પ્રમોદનં પ્રમોદઃ ।' પ્રકૃષ્ટપણે આનંદ અનુભવવો તે
અનુમોદન છે. પ્રકૃષ્ટ આનંદ સર્વ ધાતુઓ અને સર્વ
પ્રાણોની સમગ્રપણે થતી એકાગ્રતા વડે અનુભવાય છે.

પ્રાણવધાદિ દોષોથી નિવૃત્ત થએલા અને વસ્તુ તત્ત્વને સારી રીતે જાણનારા - જોનારા, સમ્યગ્જ્ઞાન - ક્રિયા વડે યુક્ત, સદ્ગુણસંપન્ન અને સદાચારમય એવા મહામુનિઓના શમ, દમ, ઔચિત્ય, ગાંભીર્ય, ધૈર્યાદિ ગુણોને વિષે પક્ષપાત અભિવ્યક્ત કરવો, તે 'અનુમોદન' છે. એ પક્ષપાતની અભિવ્યક્તિ વિનયપ્રયોગ વડે, વંદન-સ્તુતિ વડે, વર્ણવાદ-વૈયાવચ્ચાદિ અનેક પ્રકારે પ્રકટ કરી શકાય. તે સૌમાં શરીરની ૭ ધાતુ - આત્માના ૨૦ પ્રદેશો જોડાય છે. એ રીતે શરીર, ઇંદ્રિય, મન અને સર્વ પ્રકારનું બાહ્યાંતર બળ વપરાવાથી જે માનસિક પ્રકર્ષ અનુભવાય, તેનું નામ પ્રમોદ અથવા બાહ્યાંતર અનુમોદન છે. તેથી અનુમોદનમાં મુખ્યત્વે પ્રદેશ અને ધાતુઓની એકાગ્રતા મુખ્ય છે.

(૪) વીતરાગ સ્તોત્ર પ્રકાશ-૧૭ કહ્યું છે કે:

त्वां त्वत्फलभूतान् सिद्धान्, त्वच्छासनरतान् मुनीन् ।
त्वच्छासनं च शरणं प्रतिपन्नोऽस्मि भावतः ॥ અર્થ:

આપનું, આપના ફલરૂપ સિદ્ધ ભગવંતોનું,
આપના શાસનમાં રક્ત મુનિઓનું અને
આપના શાસનનું શરણું મેં ભાવથી સ્વીકાર્યું છે.

શરણાગમન - શરણાગતિ

૩॥ ક્રોડ રોમ અને અસંખ્ય આત્મપ્રદેશોથી કરવાની છે.

'ભાવથી શ્રદ્ધા અંગીકાર કરું છું'
અહીં અંગ કહ્યું તે ભાવ પ્રદર્શિત કરવા માટે શરીરના
અંગે અંગ અને આત્માના પ્રદેશે પ્રદેશ એક થવા જોઈએ.

અરિહંતો, તેમના ફળસ્વરૂપ સિદ્ધો,
તેમના શાસનમાં રક્ત એવા મુનિવરો અને તેમનું શાસન,
એ ચારે વસ્તુ કથંચિત્ ભિન્ન - કથંચિત્ અભિન્ન છે.
એવું હું ભાવથી ચારે સર્વ આત્મપ્રદેશોથી અને સર્વ અંગો
અંગોથી શ્રદ્ધા-આશ્રય-આધાર-આલંબન અંગીકાર કરું છું.

(૫) ચારે વેદ - શેના સૂચક?

સામવેદ = સામ = સર્વેષાં સમં ઇતિ સામ ।
આ વેદ ભક્તિયોગનો સૂચક છે.

ઋગ્વેદ = સમ = ઋક
ગતિવાચક અર્થક છે તેથી આ વેદ જ્ઞાનયોગસૂચક છે.

યજુર્વેદ = યજ = સમ્મ
આ વેદ કર્મયોગનો સૂચક છે.

અથર્વવેદ = ત્રણે યોગનો સમન્વય છે.
સામ, સમ, યજુ, સમ્મ - ત્રણેનું એકત્ર અવસ્થાન.

o

Hate comes from intimidation,
Love comes from appreciation.

## આંતરિક આરાધનાના વિકાસ અંગે સ્ફુરણાઓ

નાણા, જેઠ સુ. ૧૫

(1) અનુભવ દશામાં ઝુલતા અપ્રમત્ત યોગીઓના ચિત્તમાં
તેમના જેવી દશા પ્રગટાવવા માટે
તેમના ગ્રન્થોનું નિરન્તર વાંચન - મનન કરવું.
ધ્યાન વખતે તેમનું સ્મરણ કરવાથી ખૂબ સહાયતા મળે છે.
આરાધનામાં વેગ આવે છે,
ધ્યાનમાં તન્મયતા થતાં અનુક્રમે સમાધિ દશા પ્રગટે છે.

(2) પૂ. શ્રી હરિભદ્રસૂરિજીના ગ્રન્થો, યોગબિન્દુ, ષોડશક, યોગશાસ્ત્ર, બારમો પ્રકાશ વગેરે તથા શ્રીમદ્ આનંદઘનજી તથા શ્રીમદ્ દેવચંદ્રજી કૃત ચોવીસીઓમાંથી એક એક સ્તવનનું રોજ ચિન્તન કરી ધ્યાન વખતે તે પદાર્થોના આલંબનથી અનુક્રમે નિર્વિકલ્પદશા સુધી પહોંચવા પ્રયત્ન કરવો જોઈએ.

(3) શારીરિક શક્તિને અનુરૂપ
ધ્યાનદશાનો સમય નક્કી કરવો.
પ્રસન્ન ચિત્તથી જેટલો સમય જાય, તેમાં સંતુષ્ટ રહેવું.
જેમ જેમ દિવસે ક્ષયોપશમ વધતાં
પોતાની મેળે આનંદપૂર્વક સ્થિરતા વધશે.
આ પ્રમાણે ધ્યાનને સહજ બનાવતાં જવું.

(4) નૈષ્ઠિક કાયિક-વાચિક શુદ્ધિ થવા સાથે
માનસિક શુદ્ધિ પણ થવા માટે
સમાચાર પત્રો કે અન્ય સામાન્ય લેખકો કે જેઓને
સ્યાદ્વાદ સિદ્ધાન્તના જ્ઞાનના અભાવે શુદ્ધ આત્મતત્ત્વનો
બોધ થયો ન હોય, તે લેખકોના ગ્રન્થો વાંચવામાં રસ
લેવો નહિ, પણ તેને બદલે અનુભવજ્ઞાનીઓના ભિન્ન
ભિન્ન અનુભવો બતાવનારા ગ્રન્થોમાં ચિત્તને સદા જોડવું.

(5) આપણી બુદ્ધિ કે આગળ વધેલાઓની અનુભવવાણી
આપણને સહાય કરે છે પણ નીચેની પ્રશ્નમાળાના વિચારો
ઉંચે જવા માટે આપણને પ્રેરણાદાયક બની શકતા નથી.

(6) સ્વરૂપ ધ્યાનના સતત અભ્યાસ વડે
અંતે મનને સંકલ્પ-વિકલ્પરહિત બનાવી
નિર્વિકલ્પ દશાનો આનંદ અનુભવવા પ્રયત્ન કરતાં રહેવાથી
તે દશાની પ્રાપ્તિ શીઘ્ર સુલભ બને છે.

(7) लोइं अन्नाणित्तिह केवलेणं कहंति धम्ममजाणमाणा।
णासंति अप्पाणं परं च णट्ठा संसारघोरंमि अणोरपारेण॥
सूत्रकृतांग अ-६-५४७ (પરિશિષ્ટ-૧૦)

Life is easier when you believe,
The good you give, you also receive.

(8) ઉવસ્સગ્ગહરં સ્તોત્ર વિષે વિચારતાં
નીચે પ્રમાણે વિચાર આવેલો છે:

| માર્ગ | યોગ | ગ્રંથિ | આયતન | સ્થાન |
| --- | --- | --- | --- | --- |
| ક્રિયા | મંત્ર | 3 રુદ્ર | વાયુ | કંઠ થી ભ્રમર |
| જ્ઞાન | લય | ૧ બ્રહ્મ | મન | નાભિ |
| ભક્તિ | હઠ | ૨ વિષ્ણુ | પ્રાણ | હૃદય |

ઉવસ્સગ્ગહરં સ્તોત્રમાં 3 માર્ગ અને ૨ સ્થાન દર્શાવ્યાં છે.
જે સ્થાનમાં કંઠ અને હૃદય સાક્ષાત્
અને નાભિ સ્થાન વચ્ચે કલ્પી લેવાનું છે.
અજપાજાપ હૃદયમાં જ થાય, તે જ બોધિ જે અનાહત છે.
બોધિ તે અનાહત. તેની પ્રાર્થના અંતે કરવામાં આવી છે.
ઉવસ્સગ્ગહરંમાં મંત્ર, લય, હઠ - ત્રણે યોગોનો સમન્વય છે
ઉપરાંત તપ અને વાર્ય તે રાજયોગ છે.
ઉવસ્સગ્ગહરંમાં એ રીતે
મંત્ર, લય, હઠ અને રાજ એમ ચારે ય યોગ રહેલાં છે.
વાયુની સાધના મંત્રયોગથી થાય,
મનની સાધના લયયોગ કરે છે અને
પ્રાણ જે દુઃસાધ્ય છે, તેની સાધના હઠયોગથી થાય છે.
હૃદય એ જ અનાહત ચક્ર છે, પ્રાણનો વાસ ત્યાં છે.

અરિહંત તે બે જાતના,
તો અનાહત અને આહત ઉભયનો લાભ થાય તથા
બોધિ અને સમાધિ ઉભયની પ્રાપ્તિ થાય.
આ કાર્ય પ્રેમ-ભક્તિથી સુલભ થાય છે, એ કારણે
પ્રેમલક્ષણાભક્તિથી ભરપૂર હૃદય વડે
બોધિ-અનાહતની માંગણી કરવામાં આવે છે.

(9) સમ્યગ્દર્શન ગુણ
શુદ્ધ આત્મદ્રવ્યનું દર્શન - શ્રદ્ધાન કરાવે છે.

સમ્યગ્જ્ઞાન ગુણ
કેવળજ્ઞાનાદિ આત્મગુણનો પ્રકાશ પ્રગટાવે છે.

સમ્યક્ચારિત્ર ગુણ
આત્મસ્થિરતા સ્વરૂપ રમણતા કરાવે છે.

દ્રવ્ય-ગુણ-પર્યાયથી શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ કરવામાં
અનુક્રમે દર્શન, જ્ઞાન, ચારિત્રની આરાધના ઉપકારક નિવડે છે.
દ્રવ્યની સાથે દર્શનગુણનો, ગુણની સાથે જ્ઞાનગુણનો
અને પર્યાયની સાથે ચારિત્રગુણનો સંબંધ છે.

(10) યશ, ધન, પાંડિત્યથી અહંકાર પોષાય છે.
અહંકારથી મોટું અસત્ય કોઈ નથી, બાહ્યવસ્તુના અહંકારથી
પોતાને બાળ કરતાં અધિક માનવો, તે અનંત ભ્રમ છે.

(11) સત્ય અને વિચાર વચ્ચે અંતર છે.

વિચાર એ સાગરના તરંગ - સત્ય એ સાગરનું ઊંડાણ છે.

સાગરના તરંગોથી સાગરની ઊંડાઈ જાણી શકાતી નથી.

એકાગ્રતા એ એક વિચારની સંયમ અવસ્થા છે.

ધ્યાન એ નિર્વિચાર અવસ્થા છે.

કૃષ્ણ કે રામના નામ ઉપર એક ચિત્ત થવું તે એકાગ્રતા છે,

ધ્યાન અવસ્થા તેથી ઉપર છે.

ધ્યાનનો અર્થ: મારી અંદર છે, તેને જોવું અને જાણવું,

આત્મનિરીક્ષણ અથવા સ્વયં પ્રત્યે સાક્ષીભાવ.

'अपने को प्रति सोचना' એનું નામ ધ્યાન.

અયત્નમાં અયત્નનો પ્રવેશ એનું નામ ધ્યાન.

સારા અને ખોટાનો પક્ષપાત કર્યા સિવાય

નિષ્પક્ષ ભાવે રહેતાં ધ્યાનમાં જઈ શકાશે.

ગુલાબના ફુલ વિષે કોઈપણ અભિપ્રાય આપ્યા વિના તેને

ફક્ત ફુલની નજરે જોતાં ધ્યાન અવસ્થા પ્રાપ્ત કરી શકાય.

ખરાબ બોલનાર અને સાંભળનાર વચ્ચે

કોઈ ત્રીજી વ્યક્તિ તેને જોનાર હોય,

ત્યારે જે પરિસ્થિતિ પેદા થાય,

તેને 'ધ્યાનાવસ્થા' કહે છે.

(12) દરેક ધર્મના ઇષ્ટદેવતાઓ એક છે.
તેને તમે ભજતા હો તો સાચી રીતે વળગી રહો, પરંતુ
તે રસ્તો સત્ય, ધર્મ, શાંતિ અને પ્રેમનો હોવો જોઈએ.
આ રીતે સન્માર્ગે રહેશો તો જરૂર ત્યાં ભગવાન મળશે,
વિશ્વમાં જે પરમ તત્ત્વ વિલસી રહ્યું છે, તેનો અનુભવ થશે.
ભગવાન સદા ભક્તિ વડે મળે, ભાષણો કે લખાણોથી નહિ.

- સત્યસાંઈ

(13) મનુષ્ય અને પશુની વચ્ચે બહારનો ફરક
વાણીથી સ્પષ્ટ થાય છે તેથી વાક્ એ પુરુષનો રસ છે.
વાણીનો રસ ઋક્ છે. ઋક્, યજુર અને સામ અનુક્રમે
જ્ઞાન, કર્મ અને ભક્તિ બતાવવાવાળા શબ્દો છે.

(a) ઋક: ઋ - ઋચ્ ધાતુ.
તે ગતિ, જ્ઞાન, પ્રકાશને સૂચિત કરે છે.
અર્ક - સૂર્ય પણ પ્રકાશવાચક છે.

(b) યજુસ્: યજ્ ધાતુ - નિષ્કામ કર્મ - યજ્ઞ.

(c) સામ: શબ્દ હૃદયસ્થ સમતાનો દ્યોતક છે.
'સર્વેણ સમં સામ ।' અર્થાત્ સર્વથી સમાન.
ભૂતમાત્રમાં સમાનતાની ભાવના એ ભક્તિનું સ્વરૂપ છે.
સામવેદને ઋગ્વેદનો રસ યા સાર કહ્યો છે.

સામ - સમત્વ બુદ્ધિમાંથી ઓંકારનો જન્મ છે અર્થાત્
ઓંકાર એ સામવેદનો નિષ્કર્ષ છે.

રાગ, દ્વેષ અને ભક્તિ - એ ત્રણે જીવનના આધારતત્ત્વ છે અને એ ત્રણેમાં સમત્વ બુદ્ધિનું અધિક મહત્ત્વ છે.

'પ્રણવ: સર્વ વેદેષુ |' એ ઉક્તિ અનુસાર
તે સમત્વ બુદ્ધિનો પહેલું મર્મ ઓંકાર છે.

વાઙ્મય સૃષ્ટિમાં એ ઈશ્વરનું અંતિમ રૂપ છે.

(14) અવ્યક્ત ઈશ્વર અને વ્યક્ત જગતની વચ્ચે શૃંખલા કંઈક અવ્યક્ત અને કંઈક વ્યક્ત હોવા જોઈએ.
અ. ઉ. મ અવયવાત્મક વ્યક્ત રૂપથી ઓંકાર જગતમાં વ્યાપ્ત છે અને સંઘાતાત્મકરૂપથી અવ્યક્ત બ્રહ્મથી મળે છે.
અ + ઉ + મ = ઓં, એ બંને સમાહારરૂપ નહિ, કિન્તુ રાસાયણિકરૂપ છે. ૨ + ૪ = ૬ એ ગણિતનું સમાહાર છે.
ચૂનો + હળદર = લાલ રંગ, એ રાસાયણિક સમાહાર છે.

પહેલું સમાહાર = સામ્ય બતાવે છે.

બીજું સમાહાર જેમાં ૨ જે નહિ તે ત્રીજા વસ્તુને બતાવે છે, એ પ્રકારે ઓંકારની સાડા ત્રણ માત્રાઓ ઈત્યાદિ છે.

(15) જાગૃતમાં રાગ, સ્વપ્નાવસ્થામાં વિરાગ દ્વેષ અને સુષુપ્તિ અવસ્થામાં અદ્વૈત-સમત્વ બુદ્ધિનો અનુભવ થાય છે.

જાગૃતાવસ્થા = પૃથ્વી. સ્વપ્નાવસ્થા = અંતરિક્ષ.

નિદ્રાવસ્થા = સ્વર્ગ.

'ભૂર્ભુવઃ સ્વઃ' ત્રણ લોકનો બોધ થાય છે.

જાગૃતમાં વાણી, સ્વપ્નમાં મન અને સુષુપ્તિમાં પ્રાણ

એ રીતે પણ અ-ઉ-મનો અર્થ ઘટે છે.

स तत्र तपसा ब्रह्मचर्येण श्रद्धया

संपन्नो महिमानमनु भवति ।

અર્થ: તપ, બ્રહ્મચર્ય અને શ્રદ્ધાના અનુષ્ઠાનથી

જે સાધક સંપન્ન થાય, તે યથાર્થ મહિમા અનુભવે છે.

અ = વાણી, ઉ = મન, મ = પ્રાણ, ૐ = આત્મા.

પૃથ્વી, અંતરિક્ષ, સ્વર્ગ = 3 લોક = વિરાટ, સર્વજ્ઞ,

જગદીશ અથવા જાગૃત - સ્વપ્ન,

સુષુપ્તિ = સર્વસાક્ષીરૂપ તુરીયાવસ્થા.

3 માત્રાઓની ધ્યાન - ભાવના કરી પછી જોડવા અથવા

3 માત્રાને પહેલાં જોડી પછી ધ્યાન ભાવના કરવી,

એ બેમાં ઘણો ફરક છે.

પદાર્થોના સાધનો યોગ અને પદાર્થોના યોગનું સાધન

એ બે વચ્ચે બહુ ઘણો ફરક છે.

વ્યષ્ટિના બોધની અપેક્ષાએ

સમષ્ટિમાં અડધી માત્રા અધિક રહે છે.

કાયસ્થ, ગૃહસ્થ, દિશાસ્થ, તટસ્થ એટલે...
ત્રયસ્થતા (તટસ્થતા), સહિષ્ણુતા, અવિરોધ, સમન્વય, એકરૂપાત્મતા, મધ્યસ્થતા, અનેકાન્તતા, અભેદ, અદ્વૈત.

(16) સિદ્ધાંતપક્ષની જરૂર શા માટે?

અર્ધમાત્રા, અવિરોધ વૃત્તિ, સર્વ સહિષ્ણુતા, સર્વ ભૂતોમાં ભગવદ્ભાવ - કોઈ પણ ધર્મનો નિષેધ કર્યા વગર સર્વ ધર્મોને સંમતિ કે અનુજ્ઞા આપી પોતામાં સમાવી લેવાની વિશ્વ - વ્યાપકતાને સ્થાપિત કરવા માટે સ્યાદ્વાદ યા અનેકાન્તવાદ યા સિદ્ધાંતપક્ષ છે.
આ સામર્થ્ય ઓંકારની અર્ધમાત્રામાં રહેલું છે. ઓંકાર એક અવ્યક્ત ધ્વનિ - અનુજ્ઞાસૂચક - દર્શક અક્ષર છે.

'ઓમિત્યેતદ અનુજ્ઞાક્ષરમ્ ।'

સર્વ સહિષ્ણુતાની અવધે સત્તા સ્થાપિત કરવા ૐ એ અનુજ્ઞાદર્શક અક્ષર છે. તેની તે મંગલભૂત શક્તિ હોવાથી ઋષિઓએ એને ધ્યાનમંત્રના રૂપમાં સ્વીકાર કરેલ છે.
સર્વસહિષ્ણુ, વિશ્વ સંવાદી ઓંકારનો મધુર બોલ બોલવાવાળી સરસ્વતીના ઓંકારવાદિની વાણીને ઋષિ - મુનિઓ શાંતિના નામથી ઓળખે છે અને ત્રણ વાર ૐ શાંતિઃ ૩ શબ્દ બોલે છે.

(17) આધિભૌતિક = લક્ષ્મી = શાંતિ

આધિદૈવિક = કાલી - શક્તિ = શાંતિ

આધ્યાત્મિક = સરસ્વતી = શાંતિ

વિનિયોગ = application

મુક્તિ = મરણનું મરણ, જીવનનું મરણ નહિ.

નિવૃત્તિ - મુક્તિ - શાંતિ એકાર્થક છે.

આકાશ અનંત હોવા છતાં તેને શૂન્યની સંજ્ઞા અપાય છે.

શાંતિ પણ નિવૃત્તિ સ્વરૂપ હોવા છતાં

તે નિવૃત્તિમાં અનંત પ્રવૃત્તિ પણ રહેલી છે.

(18) નિવૃત્તિમાં કૃતકૃત્યતાનો અનુભવ છે પણ

કર્તવ્યશૂન્યતાનો અનુભવ નહિ.

શાંતિ એ ૐકારની ઉપાસનાનું સાધન, સ્વરૂપ અને

ફળ અથવા સાધ્ય - એમ ત્રણે સ્વરૂપે છે.

જુલ્મ કરવાવાળો, જુલ્મને વશ થવાવાળો અને

જુલ્મને કરાવવાવાળો - એ ત્રણે શાંતિવ્રતના શત્રુ છે.

કામ જુલ્મ કરાવે છે, ક્રોધ જુલ્મ કરે છે અને લોભ

જુલ્મને વશ થાય છે, તેથી તે ત્રણેને નરકના દ્વાર કહ્યાં છે.

તે ત્રણના પ્રતિપક્ષ દમ, દયા અને દાન છે.

દમન કરો, દયા કરો, દાન કરો -

એ ત્રણેની શિક્ષા લેવી તે દરેકનું કર્તવ્ય છે.

કામનો શત્રુ દમન, ક્રોધનો શત્રુ દયા, લોભનો શત્રુ દાન છે.
ઇંદ્રિયદમનથી કામવૃત્તિ ઉપર વિજય પ્રાપ્ત થાય છે,
દાનથી લોભવૃત્તિ મરે છે, દયાથી ક્રોધવૃત્તિ નાશ પામે છે.

ૐકારમાં 'અકાર' માત્રા ઇંદ્રિયદમનને,
'ઉકાર' માત્રા દયા અર્થાત્ પરાર્થવૃત્તિને
અને 'મકાર' માત્રા દાન અર્થાત્ પરાર્થવૃત્તિને કહે છે.
તેથી હિંસાનું કર્તૃત્વ, કર્મત્વ અને પ્રેરકત્વ નાશ પામે છે
અને અર્ધમાત્રાથી પરિપૂર્ણ 'શાન્ત આત્મા' પ્રતીત થાય છે.

ત્રણે પ્રકારની હિંસા છૂટી જવાથી
'ન ઘાતયતિ' 'ન હન્તિ' 'ન હન્યતે'
આત્માનું નિષ્કામ, નિર્વૈર, નિર્લોભ સ્વરૂપ પ્રગટ થાય છે.
નિષ્કામ, નિર્વૈર, નિર્લોભ એવા શાંતિનો અનુભવ થાય છે.
એ કારણે ત્રણ વાર શાંતિપાઠ કરવાનો વિધિ છે.
જેણે પોતાના ૩ નેત્રથી કામ - ક્રોધ - લોભનું દહન કર્યું છે,
તે શાન્ત તેજની સાથે ઉપાસના કરીએ છીએ.

(19) ૩॥ માત્રાનું વિજ્ઞાન

| | | | | |
|---|---|---|---|---|
| અગ્નિ | વાક્ | સ્ત્રીલિંગ | અ માત્રા | ત્રણેથી ઉપર અર્ધમાત્રા |
| વાયુ | મન | નપુંસકલિંગ | ઉ માત્રા | |
| ઇંદ્ર | પ્રાણ | પુલ્લિંગ | મ માત્રા | |

ઈંદ્રિયો અવ્યાપ્ત વૃત્તિ છે - સંકુચિત.
મન અતિવ્યાપ્ત વૃત્તિ છે - વિસ્તૃત.
ઈંદ્રિયો અદૂરદર્શી છે, તે ખંડિત દર્શન કરાવે છે,
તેથી સ્વાર્થ વૃત્તિ પુષ્ટ થાય છે.
મન અતિવ્યાપ્ત - અતિ તૃષ્ણા જન્મે છે,
તેથી લોભ વૃત્તિ પુષ્ટ થાય છે.
મન દૂર નજર કરે, તો પૈર તળે શું છે, તે ભૂલી જાય છે,
ઈંદ્રિય પૈર તળે જુએ છે, તો દૂરને વિસરી જાય છે.
અદૂરદર્શી સ્વસુખવાદ પરાર્થની હિંસા કરે છે,
દૂરદર્શી મન - સુખવાદ પરમાર્થની હિંસા કરે છે.
ઈંદ્રિયોનું પ્રત્યક્ષ - મનનું અનુમાન બંને હિંસક બને છે,
તેમાંથી છૂટવાનો ઉપાય
શબ્દબ્રહ્મ (કૃત્સ્ન - પ્રતિરૂપ) ઓંકારની ઉપાસના છે.
તે વિના શાંતિ કે ધ્રુવતત્ત્વનો પત્તો લાગતો નથી.
પ્રત્યક્ષ તથા અનુમાન - બન્ને પ્રમાણ હારી જવાથી
શબ્દ પ્રમાણનો આશ્રય લેવો પડે છે.
(20) સિદ્ધોને આનુભવિક જ્ઞાન હોય છે,
સાધકોને ભાવનાત્મક ધ્યાન હોય છે.
વ્યાહૃતિ = વિ + આ + હૃતિ = ઉચ્ચારણ - જપ.

पांडित्यं निर्विद्य बाल्येन तिष्ठासेत् ।

એ ઋષિઓનું કુલ વ્રત છે.

શાંતિ, નિર્ભય વૃત્તિ, સાત્વિક વૃત્તિ,

અનાસક્તિ યોગ તથા સમત્વાદિ અનિવાર્ય છે.

શાંતિ સદા નિર્ભય રહે, નિર્ભયતા અને શાંતિનો સુમેળ છે.

અનુતોલન અભયમાં આત્મબળનું પર્યવસાન છે.

(21) सर्व आशा मम मित्रं भवन्तु । અર્થાત્:

સર્વની સામુદાયિક ઇચ્છાશક્તિ મને સહાયતા કરો.

मित्रस्य मा चक्षुषा सर्वाणि भूतानि समीक्षन्ताम् ।

मित्रस्याहं चक्षुषा सर्वाणि भूतानि समीक्षे ।

હું સર્વ ભૂતો તરફ મિત્રદૃષ્ટિથી જોઉં.

नाऽहं हन्ति, न हन्यते ।

જે બીજાને હણતો નથી, તે હણાતો નથી.

ઓંકારમાં અ-કારત્વ અર્થાત્ શાંતિમયત્વ છે.

મારી પાસે અભયવૃત્તિ છે, માટે મારે અભયમતિ રહેવું

પડે છે. એ રીતે શાંતિ એ નિર્ભયતાનું સાધન બને છે.

कृत्स्नकर्मकृत् विश्वकर्मा ।

त्रिकर्मकृत् तरति जन्ममृत्यू ।

દમ - દાન - દયાત્મક ત્રિવિધ કર્મ કરવાવાળો

જન્મ - મૃત્યુને તરી જાય છે.

क्रियावान् एष ब्रह्मविदां वरिष्ठः ।

मुण्डक: वेदवेत्ताओमां क्रियायोगी श्रेष्ठ छे.

यदा वै करोति अथ निस्तिष्ठति ।

करीने जोया विना निष्ठा उत्पन्न थती नथी.

कर्मनुं अनुभवसिद्ध महत्त्व स्वतंत्र्युं छे.

शांतिने पापनो डर नथी पण पापने शांतिनो डर छे.

(22) वदतोव्याघात = contradiction in terms.

रोग एटले...

ईश्वरार्पणपूर्वक निष्काम सत्कर्म करवानी कुशलता.

निष्काम कर्मयोग, निर्वैर छून अने निर्लोभ चोरी

ए त्रणे शब्दो असंभवित ज छे.

दुष्कृत्योथी थता अपमानना डर जेटलो ज डर

सत्कृत्योथी मळनारा सन्मानने लागवो जोइए.

घउंने वाढवानी जरुरत दुष्कृतनाश, असत्कर्मनो त्याग.

पीसवानी जरूरत सुकृतानुमोदना - निष्काम कर्म नहीं

चूलामां शेकवानी जरूरत ईश्वरार्पण - शरणागमन छे.

(23) दुष्कृतनाश असत् कर्मनो त्याग करावे छे.

सुकृतानुमोदना सत्कर्म प्रत्ये य निष्कामवृत्ति पेदा करे छे,

शरणागमन कर्ममात्र प्रत्ये ईश्वरार्पण बुद्धि विकसावे छे.

ॐ તત્ સત્ ।

બ્રહ્મનિર્દેશ પણ એ જ ત્રણ વાતને ત્રણ શબ્દોમાં કરે છે.
એથી નિરંતર ત્રિગુણાતીત અવસ્થા સુલભ બને છે.

વ્યામિશ્ર = complex = વ્યાકૃત રચના.

ગુણાતીતાવસ્થા રજસ્ - તમસ્થી મુક્ત શુદ્ધ સત્ત્વાવસ્થા છે.
તેને નિત્ય સત્ત્વ પણ કહેવાય છે.

ય એવં વેદ અહં બ્રહ્માઽસ્મિ ઇતિ સ ઇદં સર્વં ભવતિ ।
- ઐતરીયોપનિષદ્ ૪-૫ અકૃતિ:

'હું બ્રહ્મ છું' એવું જ્ઞાન જેને થાય છે, તે સર્વરૂપ બને છે.
જેટલા અંશમાં અદ્વૈત ભાવના જાગ્રત થાય છે, તેટલા અંશમાં વિશ્વરૂપત્વનો અનુભવ કોઈને પણ થઈ શકે છે.
શ્રોત્રિયત્વનો સંગ્રહ ૐકારમાં, અવૃજિનત્વનો 'સત્'-કારમાં અને અકામહતત્વનો સંગ્રહ તત્કારમાં થઈ શકે છે.

અ = શ્રોત્રિયત્વ
ઉ = અકામહતત્વ
મ = અવૃજિનત્વ

} મનમાં જે હોય, તે વચનમાં કહેવું તે સત્ય છે.

ધર્મ એટલે સત્ય.
સત્યવાદી તે ધર્મવાદી અને ધર્મવાદી તે સત્યવાદી.
બ્રહ્મના જ બે સ્વરૂપ - સત્ય અને ધર્મ છે.

यो वै स धर्मः सत्ये वै तत् ।

सत्ये सर्वं प्रतिष्ठितम् । ॐ खं ब्रह्म ।

શાંતિની પ્રાપ્તિ માટે ત્રણ સાધન છે: દમ, દાન, દયા.

अमंत्रमक्षरं नास्ति ।

સદુક્તિ: પ્રત્યેક અક્ષર ઓંકારની જેમ મંત્રરૂપ છે.

(24) ॐ प्राणो ब्रह्म, कं ब्रह्म, खं ब्रह्म ।

આત્મા એ બ્રહ્મ ઓંકારોપાસનાનો આધાર છે.

ખં = શાંતિ = ઓંકારોપાસનાનું સ્વરૂપ છે.

કં = આનંદ = ઓંકારોપાસનાનું ફળ છે.

એ ત્રણ તત્ત્વ ઓંકારમાં એકત્ર થયેલ છે.

સાંખ્યયોગ = મન, ધ્યાનયોગ = બ્રહ્મ, કર્મયોગ = પ્રકૃતિ.

ध्यानेनात्मनि पश्यन्ति केचिदात्मानमात्मना ।
अन्ये सांख्येन योगेन कर्मयोगेन चापरे ॥१॥

- गीता - १३-२४

સદુક્તિ: કોઈ ધ્યાનમાર્ગે, કોઈ સાંખ્યમાર્ગે,
કોઈ કર્મ માર્ગે આત્મદર્શન કરે છે.

આત્મા દ્વારા આત્માને જોવું = કર્મ - યોગ (માર્ગ)

આત્માને જોવું = સાંખ્ય - યોગ (માર્ગ)

આત્માને આત્મામાં જોવો = ધ્યાન - યોગ (માર્ગ).

આત્માથી, આત્માને, આત્મામાં દેખવાની
સંપૂર્ણ ક્રિયા અહીં મળીને થાય છે.

સત્ = ઈશ્વરનું વ્યક્ત યા સગુણ સ્વરૂપ છે.
તત્ = ઈશ્વરનું અવ્યક્ત યા નિર્ગુણ સ્વરૂપ છે.
તત્ = તે = જે આ દેખાય છે તે નહિ,
દૃશ્ય સૃષ્ટિથી પરેનું સ્વરૂપ.

'નેતિનેતિ' અભાવાત્મક આદેશનું ભાવાત્મક રૂપાંતર 'તત્' છે.
તત્થી તાત્ત્વિક અને સત્થી સાત્ત્વિક સ્વરૂપ ગ્રહણ કરાય છે.
સાત્ત્વિક સ્વરૂપ સાધન છે, તાત્ત્વિક સ્વરૂપ સાધ્ય છે.

(25) સત્કારથી ઓંકારની ત્રણ માત્રાઓ અને
તત્કારથી અર્ધમાત્રાનું ગ્રહણ થાય છે.

ત્રિમાત્રા એટલે સાંખ્યયોગ, ધ્યાનયોગ અને કર્મયોગ.

સદ્ભાવે સાધુભાવે ચ સદિત્યેતત્ પ્રયુજ્યતે ।
પ્રશસ્તે કર્મણિ તથા સત્શબ્દઃ પાર્થ ! યુજ્યતે ॥
- ગીતા ૦ ૧૭-૨૬

સ્ફૂર્તિ: આ શ્લોકમાં સત્ શબ્દના 3 અર્થ કહ્યાં છે:
(૧) સદ્ભાવ (૨) સાધુભાવ (3) પ્રશસ્ત કર્મ.
સદ્ભાવ = સત્તા - અસ્તિત્વ, વસ્તુતંત્ર.
'સ્વભાવોઽધ્યાત્મ મુચ્યતે ।' આધ્યાત્મિક સૃષ્ટિ શાસ્ત્ર.

Not physical but metaphysical.

સાધુત્વ = અસ્તિત્વનું ભાવનાત્મક સ્વરૂપમાં રૂપાંતર.

સનાતન અસ્તિત્વને સ્વીકારે, તે 'સન્ત'.

સનાતન અસ્તિત્વને ન સ્વીકારે, તે 'અસન્ત'.

સદ્ભાવ એ અંતર્ગત અસ્તિત્વની નિકટ લાવનાર 'સાંખ્ય' છે અને સાધુભાવની અંતર્ગત ભાવનાની ભૂમિકા ઉપર તેનો વિનિયોગ કરનાર 'ધ્યાન' છે.

'છે માંથી લેવું જોઈએ અને લેવું જોઈએ તેમાંથી કરવું જોઈએ' એ અર્થ નીકળે છે.

ભાવનાને કર્મની સાથે નિકટનો સંબંધ છે, તેથી જેમ ભાવનાનુસાર ગતિ કહેવાય છે, તેમ કર્માનુસાર ગતિ પણ કહેવાય છે.

ધ્યાનયોગ રૂપી બાણને સાંખ્યયોગ રૂપી નિશાન ઉપર કર્મયોગ વડે ગતિ દેવી જોઈએ.

ધ્યાનયોગ રૂપી હાથ, કર્મયોગ રૂપી પગ અને સાંખ્યયોગ રૂપી આંખ - ત્રણે મળે, ત્યારે કાર્ય થાય છે.

ધ્યાનયોગની જાણકારી, સાંખ્યયોગનો તર્ક અને કર્મયોગની ભાષા - ત્રણે ભેગા ભળવા માટે જરૂરી છે.

બાહ્યભાવને રેચક, આંતરભાવને પૂરક અને શ્વાસને હૃદયમાં સ્થાપવાની ક્રિયાને કુંભક કહે છે.

સત્કારની ત્રણ માત્રાઓ અને

તત્કારની અડધી માત્રા મળીને યોગસિદ્ધિ થાય છે.

ફળાશા ત્યાગનો સિદ્ધાંત અર્ધમાત્રાની પ્રાપ્તિના ધ્યેયાર્થે છે.

पहले करना तुजे कार्य, कार्य से ही उपासना,

उपासना से मिले ज्ञान, ज्ञान पाना ही मोक्ष है. (१)

यतो यतो निश्चरति मनश्चंचलमस्थिरम् ।

ततस्ततो नियम्यैतद् आत्मन्येव वशं नयेत ॥१॥

- गीता० ६ - २६ (परिशिष्ट-११)

(26) આચાર્યોપાસના પણ એક પ્રકારનો

ભક્તિયોગ યા ધ્યાનયોગ છે. તેના અવાંતર 3 ભેદ છે:

(1) પ્રણિપાત (2) પરિપ્રશ્ન (3) સેવા.

સેવા મુખ્યત્વે શરીર દ્વારા થાય છે.

પ્રણિપાત તે ભક્તિયુક્ત ધ્યાનયોગ છે.

પરિપ્રશ્નમાં બૌદ્ધિક તર્કગૃહીત છે, તેમ

એની ગણના સાંખ્યયોગમાં આવી શકે છે.

એક ધ્યાનયોગમાં પણ જ્ઞાન, કર્મ અને સાંખ્ય-

એમ ત્રણ માત્રાઓ આવી જાય છે.

શ્રોતવ્ય એ કર્મયોગ, મન્તવ્ય એ સાંખ્યયોગ અને

નિદિધ્યાસિતવ્ય એ ધ્યાનયોગ.

આ ત્રિવિધ પ્રયત્ન દ્વારા સંપૂર્ણ દ્રષ્ટત્વ પ્રાપ્ત થાય છે. કર્મયોગ એ શાસ્ત્રમૂલક અને ભક્તિપ્રધાન જોઈએ.

શાસ્ત્રયોગને ભક્તિપ્રધાન અને કર્મપ્રેરક તથા ભક્તિયોગને કર્મપ્રેરક અને શાસ્ત્રમૂલક સમજવો જોઈએ. એ રીતે ત્રણે યોગમાં શબ્દભેદ સિવાય કોઈ વિશેષ મહત્ત્વપૂર્ણ ભેદ શેષ રહેતો નથી. ઉષ્ણતા, ગતિ અને પ્રકાશ ત્રણે સ્વતંત્ર તત્ત્વ છે, છતાં સૂર્યકિરણોમાં ત્રણે એકત્રિત રહેલાં છે. સૂર્યકિરણની ગતિ કહેવાની સાથે તેમાં પ્રકાશ અને ઉષ્ણતાની કલ્પના આવી જ જાય છે.

પાણીમાં ગતિ છે પણ ઉષ્ણતા નથી,

બોલમાં ગતિ છે પણ પ્રકાશ નથી, કિન્તુ

પારમાર્થિકયોગમાં સૂર્યકિરણની જેમ સાંખ્યયોગનો પ્રકાશ, ધ્યાનયોગની ઉષ્ણતા અને કર્મયોગની ગતિ - એ ત્રણે સ્વતંત્રતત્ત્વ પોતપોતાની સ્વતંત્રતા ભૂલીને એકત્રિત થાય છે.

દ્વિવિધા નિષ્ઠા। મામેકં શરણં વ્રજ।

ચતુર્વિધા ભજન્તે માં। અહીં: શ્રદ્ધા બે પ્રકારે છે: (૧) મારું જ શરણું સ્વીકારો (૨) ચાર પ્રકારે મને ભજે છે. પહેલાં વાક્યમાં અભેદ અને બીજામાં ભેદ શ્રદ્ધા છે.

પ્રત્યેક વાક્યમાં ત્રિવિધ યોગ મળેલા જ હોય છે.

આર્તનો ધ્યાનયોગ, જિજ્ઞાસુનો જ્ઞાનયોગ અને
અર્થાર્થીનો કર્મયોગ - એ ત્રણ માત્રાઓનો વ્યવસ્થિત
મેળ કરાવનાર અર્ધમાત્રા છે. ત્રણ માત્રાઓનો મળે,
ત્યારે અર્ધમાત્રા મળે છે અને અર્ધમાત્રા મળે, તો
ત્રણ માત્રાઓનો મેળ સાર્થક બને છે.

સત્પુરુષ જ તત્પુરુષ બને છે.

અર્ધમાત્રા ઈશ્વરીય કૃપાની દશા છે, તે વિશેષણાત્મક છે,
ત્રિમાત્રા વિશેષ્યાત્મક છે.

ત્રિપાઈના 3 પાયા (ત્રિમાત્રા) વ્યવસ્થિત (અર્ધમાત્રા) જોઈએ.

(27) 'ઉપનિષદોનું અધ્યયન'માં વિનોબા કહે છે કે:
સમોઽહં સર્વભૂતેષુ । એ ઈશ્વરકૃપાની એક ઘોષણા છે.
ઈશ્વર = પૂર્ણતા. ઈશ્વરીય કૃપા = પૂર્ણતાની પ્રાપ્તિ.
જ્યાં સુધી તે પ્રાપ્ત ન થાય,
ત્યાં સુધી નાની-મોટી અન્ય સિદ્ધિઓના ભરોસે રહેવું,
તે પ્રગતિના પૈર તોડવા જેવું છે.

આસમાનના બીજા કિનારા ઉપર, આસમાનની પેલે પાર,
તેજવાળો ઉષઃકાળ (ઉત્), સૂર્યોદય (ઉત્તર) અને
મધ્યાહ્ન (ઉત્તમ) એ ત્રણેનું આપણને દર્શન થયું છે.
સ્વયંપ્રકાશ ઉપર રહે, તેને સંસ્કૃતમાં
'ઉદય' એટલે કે 'ઉત્ + અય' સંજ્ઞા આપી છે,

એટલે ઉષ:કાલથી મધ્યાહ્ન સુધી પ્રકાશની ત્રણ અવસ્થા
ઉત્, ઉત્તર, ઉત્તમ સૂરજ બની જાય છે.

સત્પુરુષનું 'આદિત્યવત્ જ્ઞાન'

જ્ઞાન કિનારા ઉપરના 'તત્'ને પ્રકાશિત કરે છે.
પ્રકાશયતિ તત્પરમ્ | 3 માત્રાઓની બહાર અર્ધમાત્રા
અને અર્ધમાત્રાની અંદર ત્રણ માત્રા - એવી અવસ્થા
હોવાથી 3 માત્રા તથા અમાત્રામાં વિરોધ નથી, અવિરોધ છે.

આ અવિરોધ અને શાંતિ
એ જ જીવનો એકમાત્ર આનંદ છે.

(28) શરીરમાં દેહ છે તે અધિભૂત છે,
મન છે તે અધિદૈવ છે અને બુદ્ધિ છે તે અધ્યાત્મ છે.
વેદાંતમાં પુરુષ - બ્રહ્મને સર્વશક્તિમાન માન્યો છે,
સાંખ્યમાં પુરુષ - બ્રહ્મને માત્ર પ્રકાશક માન્યો છે.

સત્ત્વ = સફેદ - પ્રકાશસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ.
રજસ્ = લાલ - ક્રિયાસ્વરૂપ અને
તમસ્ = શ્યામ - નિરોધરૂપ છે.
ત્રણેની તરતમતા મુજબ કાર્ય થયાં કરે છે.

(29) મહાભારત તે અધિભૂત, ભાગવત તે અધિદૈવ અને
ગીતા તે અધ્યાત્મ ગ્રન્થ છે. કર્મ, ઉપાસના અને
જ્ઞાન - એમ વેદમાં ત્રણ વિભાગ માન્ય રાખેલ છે.

મહાભારતમાં મુખ્યત્વે કર્મ, ભાગવતમાં ઉપાસના અને
ગીતામાં મુખ્યત્વે જ્ઞાન છે.
વેદાંતમાં આત્માને વિકાર માન્યો નથી, તે તો શુદ્ધ છે.
મન અને શરીરને જ સુધારવાની જરૂર છે. આત્માને
કાંઈ સુધારવાનો નથી. શરીર, મન, વચન સુધારવાનાં છે.
જેમ ત્યાગ અધિકારનો, ફરજનો નહિ,
તેમ ત્યાગ ફળનો, સત્કર્મનો નહિ.
જીવ-ઈશ્વરમાં કોઈ ભેદ રહે, તો ઈશ્વરને ઈચ્છા નથી,
જીવને ઈચ્છા છે, જે મહાન કર્મ કરે પણ
ફળની ઈચ્છા ન કરે, તે દેવ બરાબર છે.
કર્મ, ઉપાસના, જ્ઞાન - ત્રણે અપરાવિદ્યા છે.
જ્ઞાનનો અધિકાર ચિત્તશુદ્ધિ થાય પછીનો છે અને
ચિત્તશુદ્ધિ માટે કર્મ જરૂરી છે. સંહિતા = મંત્રવિભાગ.
જ્ઞાનનું સાધન અજ્ઞાન હટાવવાનું છે, કર્મ નહિ.
કર્મ તો શુભ કર્મ - નિષ્કામ કર્મ કરીને જ હટે.
વેદ માન્યા એટલે જીવ બ્રહ્મની એકતા માની.
પરાવિદ્યા એટલે આત્મવિદ્યા, બ્રહ્મવિદ્યા. પરાવિદ્યામાં
શબ્દરાશિ નહિ પણ તેથી ઉત્પન્ન જ્ઞાન લેવાનું છે.
શ્રુતિ, યુક્તિ, અનુભૂતિ - એ ત્રણ જ્ઞાનનાં સાધન છે.

(30) મંદિરમાં જાય તેને દેવતાની ભાવના આવે.
કલબમાં જાય તેને જુગારની ભાવના આવે.
બહાર કોઈ શત્રુ નથી, સર્વ ભૂત આત્મવત્ છે.
શત્રુભાવ તો અંદર છે, તેને જીતવાનો છે.
ઘરમાં આગ લાગી છે, તેને ઠારવાની છે.
લડવાનું તન સાથે નહિ પણ મન સાથે છે.
તેને સામ, દામ, દંડ, ભેદથી વશ કરવાનો છે.

(31) ઉપાદાન કારણ એટલે જેમાંથી વસ્તુ બને તે.
નિમિત્ત કારણ એટલે જે વસ્તુ બનાવે તે.
સત્વગુણી સ્વર્ગમાં, રજોગુણી મનુષ્યમાં અને
તમોગુણી નરકમાં જાય છે.
સંકલ્પ, ઇચ્છા અને ક્રિયા એ ક્રમ છે.
પહેલાં સંકલ્પ થાય છે કે હું જોઉં, તો વાયુ નાભિમાંથી
ઉઠી, હૃદયમાં થઈ કંઠમાં બરોબર સ્થાને ટકરાય છે
એટલે ક શબ્દ નીકળે છે, જો જરા આઘો - પાછો
વાયુ ટકરાય તો ક ના બદલે ખ થઈ જાય પણ
બરોબર સંકલ્પ પ્રમાણે કામ થાય છે.
આર્ષદૃષ્ટિ - દીર્ઘદૃષ્ટિ - સમાધિનો અર્થ સમ્યક્ રીતે ધ્યાન.
ધ્યાન એક માનસક્રિયા છે, તે રાગ નથી.

જીવ મદારી છે, પાંચ જ્ઞાનેન્દ્રિય વાંદરા છે તથા
પાંચ કર્મેન્દ્રિય બકરી છે.

કોઈ શુભકર્મથી મહાત્મા મળે છે, તેને જ્ઞાનરૂપી માનવ-
દેહ મળે છે, તેને ભજન દ્વારા સુધારવાને બદલે આશા
અને કામનામાં ફસાય છે, તો જીવન બરબાદ થાય છે.
માનવદેહને સાર્થક કરવો હોય,
તો આશા અને કામનાનો ત્યાગ કરવો જોઈએ.

(32) વિષયોનો સંગ છોડી જેઓ સત્સંગ અને
આત્મસંગ કરે છે, તેઓ સુખી થાય છે.

સત્સંગથી બુદ્ધિ નિર્મળ થાય છે, વિવેક પેદા થાય છે,
વિવેકથી આત્મ - અનાત્મ પદાર્થનો ભેદ સમજાય છે.
'હું પરમાત્મસ્વરૂપ - જ્યોતિસ્વરૂપ છું' વગેરે ધ્યાન
રોજ થવાથી જીવભાવ - આસક્તિભાવ છૂટી જાય છે,
સત્સંગ એ નોબલેલ છે,
વિષયના સિંધુથી બચવાનો એક રસ્તો છે.

(33) આગમ નોઆગમ તણો, ભાવ તે જાણો સાચો રે,
આતમ ભાવે થિર હોજો, પર ભાવે મત રાચો રે... (૧)

<u>આગમ</u> = જ્ઞાન ઉપયુક્ત અને <u>નોઆગમ</u> = ક્રિયાવાન્.
આત્મભાવમાં સ્થિર થવું અને પરભાવનો ત્યાગ કરવો
એ એક જ સાચો ભાવ બંનેનો છે.

આત્મભાવ = આગમ. નોઆગમ = આગમમાં સ્થિર થવું.

બન્ને શબ્દોનાં આગમ અને નોઆગમનો સાર

આત્મભાવમાં સ્થિર થવું તે છે.

પરભાવમાં જીવ અનાદિકાળથી રાચેલો છે, તેથી અનંત જન્મ-મરણ કરે છે, તેમાંથી છુટવાનો ઉપાય એક જ છે અને તે આત્મભાવમાં લીન થવું તે છે. આ નવકાર મંત્રના પ્રથમ પદમાં બંને વસ્તુ રહેલી છે. તેના જાપ-ધ્યાનથી પરભાવ છૂટી જાય છે અને આત્મભાવમાં સ્થિર થવાનું બળ પ્રગટે છે.

°

(34) Every moment of unhappiness brought upon others by our misdeed must be paid for by unhappiness to ourselves in return.

The truth is that God, the good, is the only power you shall know the truth from and the truth shall make you free.

It is not what happens to us but what our reaction is that counts.

(35) નમો અરિહંતાણં । એ વિશ્વસંવાદી મહામંત્ર છે.

તાલિકા

| | | |
|---|---|---|
| (1) કર્મયોગ | ભક્તિયોગ | જ્ઞાનયોગ |
| (2) વાક્ | મનસ્ | પ્રાણ |
| (3) દમ | દયા | દાન |
| (4) નિર્વૈર | નિષ્કામ | નિર્મળ |
| (5) લંબાઈ | પહોળાઈ | ઊંચાઈ |
| (6) પ્રત્યક્ષ | અનુમાન | શબ્દ |
| (7) શ્રવણ | મનન | નિદિધ્યાસન |
| (8) શ્રુત | ચિંતા | ભાવના |
| (9) તમસ્ | રજસ્ | સત્ત્વ |
| (10) અન્ન-પ્રાણ | મનોવિજ્ઞાન | આનંદમય |
| (11) સ્થૂલ | સૂક્ષ્મ | કારણ |
| (12) વિરાટ | વિજ્ઞાનાત્મ | અવિરાટ |
| (13) ભૂત | ભવત્ | ભવિષ્યત્ |
| (14) યજ્ઞ | દાન | તપ |
| (15) ક્રિયા | ઇચ્છા | જ્ઞાન |
| (16) સાધન | સ્વરૂપ | સાધ્ય |
| શાંતિ | શાંતિ | શાંતિ |

(36) આત્મા અવિરોધની મૂર્તિ છે,
આકાશની જેમ તે અનંત અને અવિરોધી છે.
કામાતીત, ક્રોધાતીત તથા લોભાતીત શાંતિ એ
આત્માનું પરમ શુદ્ધ સ્વરૂપ છે.
શાંતિ એ ઓંકારોપાસનાના ઉપાસ્ય દેવતા છે.
શાંતિ અને ઓંકાર ઓતપ્રોત રહેલા છે.
ૐકારથી શાંતિ-શાંતિથી ૐકાર અલગ કરી શકાતા નથી.
જીવનના મુખ્ય તત્ત્વ ત્રણ છે:
જ્ઞાન, વિજ્ઞાન કર્મ અને સમત્વ બુદ્ધિ યા ભક્તિ.
ઇંદ્રિયોનું પ્રત્યક્ષ અને મનનું અનુમાન,
બંને સંકેત સિદ્ધ થવાના કારણે છેવટે શબ્દપ્રમાણ યાને
શ્રુતસ્મૃતિરૂપ ઓંકારની શરણાગતિ વિના
શાંતિના ધ્રુવતત્ત્વનો પત્તો લાગવો અસંભવિત છે.
'તરતિ શોકમાત્મવિત્'
અર્થાત્: આત્માને જાણનાર શોકને તરી જાય છે.
ભૂ = તમોગુણ, ભુવઃ = રજોગુણ, સ્વઃ = સત્ત્વગુણ,
મહસ્ = નિસ્ત્રૈગુણ્ય. 'પ્રાણો બ્રહ્મ, કં બ્રહ્મ, ખં બ્રહ્મ ।'
પ્રણવ - આત્મા તે ઓંકારોપાસનાનો આધાર છે,
શાંતિ = ખં તે સ્વરૂપ છે અને આનંદ = કં તે ફળ છે.

(37) 'વંદિતવ્યમ્' આટલો બધો અર્થ થાય છે કે:

માત્ર જાણવું જ નહિ પણ વર્તનમાં પણ મૂકવું.

અપરાવિદ્યામાં ચાર વેદો અને તેના અંગો વગેરે તથા પરાવિદ્યામાં વેદોમાં જે અર્થજ્ઞાન - બ્રહ્મજ્ઞાન છે, તે છે.

દુઃખ એ દુઃખ નથી, ઇચ્છા એ જ દુઃખ છે.

સંતોને માટે પ્રણવજપનું વિધાન છે

રોજ બાર હજાર વખત પ્રણવમંત્રનો જપ જપે,

બારે માસ જપે અને નિત્ય જપે.

આત્મદર્શનવાળાને સર્વ સમાન છે,

સર્વ ભૂતના આત્મા સરખા છે. બધા શરીરમાં બિરાજતા આત્માને પોતાનો આત્મા સમજે, તેને ઈર્ષા નહિ.

દુનિયામાં જોવા જેવું શું છે ? વિષયો નહિ પણ આત્મા.

વિષયોને રાગદૃષ્ટિથી જોવા તે જ મોટું પાપ છે.

વસ્તુમાં દુઃખસાધનતાનું જ્ઞાન થાય, તો વૈરાગ્ય થાય અને સુખસાધનતાનું જ્ઞાન થાય, તે રાગ થાય.

કર્મના મૂળ જાતિ, આયુ અને ભોગ છે.

તે પ્રત્યે વૈરાગ્ય થઈ જાય, તે પુરુષ પુરુષોત્તમ બને.

નિત્ય વસ્તુમાં સુખ, અનિત્ય વસ્તુમાં દુઃખ.

નિત્ય વસ્તુની પ્રાપ્તિ માટે શું કરવું ?

गुरुमेवाऽभिगच्छेत्, समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ।
સમિધનો અંતિમ અર્થ 'બે હાથ જોડી' એવો કર્યો છે.
બ્રહ્મનિષ્ઠ પરમાત્માના તમામ ગુણને જેઓ ભગવત્ ગણે;
તે વૈરાગ્યની અવધિ છે. વિષયમાં દોષદૃષ્ટિથી વૈરાગ્ય
આવે, દોષદૃષ્ટિ વિવેક વગર ન થાય. વિવેકનું કારણ
ચિત્તશુદ્ધિ અને ચિત્તશુદ્ધિ નિષ્કામ કર્મથી થાય છે.

વિષયોમાં રાગ તે આત્મદર્શન ઉપર પડદો છે.

ભગવત્સ્મરણ તે સર્વ દોષોનું પ્રાયશ્ચિત છે.

(38) येन केन प्रकारेण यस्य कस्याऽपि देहिनः ।
संतोषं जनयेत् प्राज्ञस्तदेवेश्वरपूजनम् ॥
उत्कार्य कृतम् तदनित्यम् । (પરિશિષ્ટ-૧૨)

વિષયમાંથી છોડાવી પરમાત્મામાં મન લગાવવું તે વૈરાગ્ય.
વૈરાગ્ય = અનાત્મપદાર્થોમાં રાગનો અભાવ, પ્રભુમાં રાગ.

નિષ્કામ કર્મ એટલે ફળની આશા વગરનું કર્મ,
જે કર્મ ચિત્તશુદ્ધિ કરી જ્ઞાનનો અધિકારી બનાવે છે.
स्वल्पमस्य धर्मस्य त्रायते महतो भयात् । અર્થાત:
નિષ્કામ કર્મ થોડું હોય તો પણ મહાન ભયથી તારે છે.

માનવજન્મનું સાધ્ય આત્મસાક્ષાત્કાર છે.
જેઓ માનવજીવનમાં આવા આત્માને જાણે છે,
તેઓ જન્મ-મરણના ચક્રમાંથી છૂટી જાય છે.

(39) વૈરાગ્ય એટલે...

દોષવાળી વસ્તુ તરફથી સારી વસ્તુ તરફ વળવું.
સારી રીતે અવલોકન કરી, પરીક્ષણ-તુલના કરી જે સારું
હોય તે ગ્રહણ કરે, ખરાબ હોય તેનો ત્યાગ કરે, તે વૈરાગ્ય.
માનવશરીર આત્મલાભ માટે - માનવયોનિ કર્મક્ષય માટે છે.
અન્ય યોનિ કેવળ કર્મના ભોગ માટે છે.
યોગ એ ક્રિયા વડે ઇચ્છાશક્તિને રોકે છે.
વેદાંત એ ઇચ્છાવાળા પદાર્થમાં
મિથ્યાત્વનું ભાન કરી, અનુભવ કરાવી રાગ હટાવે છે.
આત્મા તરફ મનની સ્થિતિ રહે તે સમાધિ,
વિષય તરફ મનનું ગમન તે વિક્ષેપ. અનાત્મ પદાર્થ
તરફથી મન પાછું વળે, તો તે આત્મપદાર્થને પકડશે.
મનનો સ્વભાવ છે કે તે કદાપી નવરું બેસતું નથી.

(40) મન એટલે ભાનશક્તિ - જ્યોતિ અને
પ્રાણ એટલે ક્રિયાશક્તિ - નાદ.
પહેલાં અક્ષરબ્રહ્મ પ્રગટ્યો, તેમાંથી અગ્નિ પ્રગટ થયો,
તેમાંથી સૂર્ય, ચંદ્ર, મેઘ, વૃષ્ટિ, અન્ન, વીર્ય, પુરુષ-
સ્વર્ગ, મેઘ, પૃથ્વી, પુરુષ અને સ્ત્રી.
દુષ્કૃતં ખાદતિ ઇતિ દુઃખમ્। દુષ્કૃતને ખાય તે દુઃખ.

જેટલું દુઃખ ભોગવ્યું તેટલું દુષ્કૃત નાશ પામ્યું સમજવું. જેમ વિષયચિન્તનથી મન ચંચલ બને, શત્રુના વિચારથી ક્રોધ ઊઠે, તેમ સંતના વિચારથી મન સાત્ત્વિક બને છે.

નમસ્કાર મંત્રને ગણવાથી

ભવરાશિ ઉપર સંતોષપરિણામની વૃદ્ધિ થાય છે અને દ્રવ્ય-ગુણ-પર્યાયથી શુદ્ધ આત્મતત્ત્વની પ્રતીતિ થાય છે.

નમસ્કારમંત્રનો જાપ એ સર્વોત્તમોત્તમ પાત્રોને
સન્માનનું દાન દેવાની એક વિશિષ્ટ પ્રક્રિયા છે.

તેમાં મનપુણ્ય, વચનપુણ્ય અને કાયપુણ્યની સાથે છેલ્લું નમસ્કારરૂપી નવમું પુણ્ય સધાય છે, તેથી નવમું પાપ લોભ તથા અઢારમું પાપ મિથ્યાત્વશલ્ય નાશ પામે તથા સંતોષ અને સમ્યક્ત્વગુણ આવિર્ભાવને પામે છે.

સમ્યક્ત્વગુણ તત્ત્વરુચિ રૂપ છે
અને સંતોષગુણ અતત્ત્વરુચિનો નાશ કરે છે.

સંતોષ વૈરાગ્યસ્વરૂપ અને સમ્યક્ત્વ મૈત્રીસ્વરૂપ છે.

(૫૧) ઈશ્વરના સ્વરૂપમાં અત્યંત દયા - અનંત જ્ઞાન છે.

'સર્વદા સર્વવિદ્' એમ વેદ કહે છે.

ઈશ્વરને ત્રણ કાળ નથી, એક વર્તમાન કાળ જ છે.
તેમને સર્વ વસ્તુઓની સાથે સદા કાળ સંબંધ છે.

જીવાત્માને સામાન્ય રૂપથી અને
ઈશ્વરને વિશેષ રૂપથી સત્વની સાથે સંબંધ છે.
અધિષ્ઠાન એક બ્રહ્મ છે, તેમાં બધું અધ્યસ્ત છે.
પદાર્થનું સામાન્ય રૂપથી જ્ઞાન અને
વિશેષરૂપથી અજ્ઞાન હોય, ત્યારે અધ્યાસ બને.
અજ્ઞાન વિના અધ્યાસ શક્ય નથી.
માયા એ શુદ્ધ સત્ત્વગુણપ્રધાન છે,
અવિદ્યા એ તમોગુણી સત્ત્વપ્રધાન છે.
બંનેમાં સત્ત્વગુણ છે – એકમાં શુદ્ધ, બીજામાં મલિન.
જે વસ્તુ અતિ ઉપયોગી હોય,
તે અતિ નજીક અને અતિ સુલભ હોય.
આત્મા-પરમાત્મા અતિ આવશ્યક છે, તેથી
તે દૂર નહિ પણ અતિ નજીક – હૃદયદેશમાં છે.
જેનું મન નિઃસંકલ્પ થઈ જાય, તે બ્રહ્મમાં મળી જાય.
જેને કોઈ જાતની ઇચ્છા કે સંકલ્પ નહિ, તે સુખી.
અવિદ્યાની ગાંઠ = 'જગત સત્ય-નિત્ય છે' એવી દૃઢ વાસના,
'શરીર જ આત્મા' એવી વિપરીત ભાવનાની ગ્રન્થી.
અનાદિના અસત્ય સંસ્કાર અને વાસના તે જ ગાંઠ છે.
જે ક્ષણે બુદ્ધિમાં આત્માનો સાક્ષાત્કાર થાય, તે જ ક્ષણે

અજ્ઞાન ટળી જાય છે અને શોક નાશ પામે છે.

મન અને વાણી - બે જ્ઞાનના પ્રબળ પ્રમાણ છે.

અર્થપૂર્ણ વિષય શબ્દથી કહેવાય અને

અર્થપૂર્ણ વિષય મનથી ચિંતવાય

પણ બ્રહ્મ એ મન અને વાણી - બંનેનો વિષય નથી.

વાક્યં રસાત્મકં કાવ્યમ્ ।

(52) જ્યાં ચિત્તશુદ્ધિ, ત્યાં વિવેક, ત્યાં વૈરાગ્ય,
ત્યાં આત્મ - અનાત્મનો વિચાર અને આત્મસાક્ષાત્કાર.

યોગ, સાંખ્ય અને વેદાંત - એ ત્રણે ય આત્માને
જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ, પ્રકાશસ્વરૂપ માને છે.

ન્યાય, વૈશેષિક અને મીમાંસક અર્થાત્
ગૌતમ, કણાદ અને પ્રભાકર - આ ત્રણ દર્શનો
આત્માને જ્ઞાનસ્વરૂપ નહિ પણ જ્ઞાનવાળો માને છે.
જ્ઞાન આત્માથી ભિન્ન અને સમવાય સંબંધથી રહેલું છે.

સુષુપ્તિમાં આત્મા છે પણ જ્ઞાન નથી.

હૃદયગ્રન્થી એટલે બુદ્ધિ અને આત્માની એકતારૂપ મતિ.
બુદ્ધિનું કર્તૃત્વ - ભોક્તૃત્વ ચિદાભાસમાં દેખાય છે અને
આત્માનો ચિદાભાસનો સ્ફુરણરૂપ ધર્મ બુદ્ધિમાં દેખાય છે.
એ રીતે અન્યોન્ય અધ્યાસ તે જ ગ્રન્થિ.

સ્મિત = દર્શનમાત્રથી થતો આનંદ.
મોદ = સમાગમથી થતો આનંદ.
પ્રમોદ = ઉપભોગથી થતો આનંદ.
પ્રમાતા - જીવ = અંતઃકરણ વિશિષ્ટ ચૈતન્ય.
કૂટસ્થ = અંતઃકરણ ઉપહિત શુદ્ધ ચૈતન્ય.
જીવાત્મા = ભોક્તા. પરમાત્મા = નિયંતા.
એક ભોગી, બીજો જોગી.
સૂક્ષ્મ અને કારણશરીર જ્ઞાનથી નાશ પામે છે.
ભોક્તા તે ઈશ્વર નહિ અને ઈશ્વર તે ભોક્તા નહિ.
કઠિન વિષયને વારંવાર કહેવો,
તે પુનરુક્તિ નહિ પણ સ્પષ્ટીકરણ છે.
જડ પદાર્થ ચૈતન્યની સત્તા વિના કાંઈ કરી શકતો નથી.
ઈશ્વર દયાળુ છે અને ન્યાયી પણ છે.
ભૂખ - તરસ પ્રાણના ધર્મ છે,
હર્ષ - શોક મનના, જ્વર - શરદી વગેરે તનના ધર્મ છે.

Think less of reading and more of receiving. Be receptive to divine and reflect on Him. It is this consciousness which forms you a new.

(43) જ્ઞાનની 7 ભૂમિકા

શુભેચ્છા, વિચારણા, તનુમાનસા,
સત્ત્વાપત્તિ, અસંસક્તિ, પદાર્થાભાવિની અને તુર્યગા.

(1) શુભેચ્છા: જ્ઞાનની આ ભૂમિકા મુમુક્ષુની હોય છે. સંસાર પ્રત્યે વૈરાગ્યપૂર્વક મોક્ષ મેળવવાની ઇચ્છા તે.

(2) વિચારણા: જ્ઞાનની આ ભૂમિકા યોગીની હોય છે. ગુરુ અને શાસ્ત્રે ઉપદેશેલા વિષયોનું મનન કરવું તે.

(3) તનુમાનસા: જ્ઞાનની આ ભૂમિકા જ્ઞાનીની હોય છે. મનને બ્રહ્મભાવમાં રોકી મનના સ્થૂલભાવની નિવૃત્તિ કરવી.

(4) સત્ત્વાપત્તિ: જ્ઞાનની આ ભૂમિકા બ્રહ્મવિદ્‌ની હોય. સ્વરૂપની પ્રાપ્તિ-આત્મસ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ થવો તે.

(5) અસંસક્તિ: જ્ઞાનની આ ભૂમિકા બ્રહ્મવિદ્વરની હોય. આત્મામાં ચિત્ત વિરામ પામવાથી બાહ્યસિદ્ધિમાં અનાસક્તિ.

(6) પદાર્થાભાવિની: આ ભૂમિકા બ્રહ્મવિદ્વરીયાનની હોય. બ્રહ્મ વિના બાહ્ય કોઈ પદાર્થની પ્રતીતિ ન થવી તે.

(7) તુર્યગા: જ્ઞાનની આ ભૂમિકા બ્રહ્મવિદ્વરિષ્ઠની હોય.
ચિત્તની સ્થિતિ સદા બ્રહ્મમાં જ રહેવી તે.

જ્ઞાનની આ ભૂમિકાઓમાં પ્રથમ ત્રણ સાધનારૂપે, ચોથી ભૂમિકા સાધ્યરૂપે તથા છેલ્લી ત્રણ ફળ રૂપે છે.

(44) અગ્ર્યયા: અગ્ર = આત્મા, તેમાં અગ્ર = સ્થિર.
'अमानित्वम् !' માત્ર કોરા જ્ઞાન મળતું નથી.
વળી પાંચ વિષયોને જ જણાવે છે:
જાતિ, ગુણ, ક્રિયા, સંબંધ અને સંજ્ઞા.

- o જાતિ = બ્રાહ્મણ, ક્ષત્રિય, સ્ત્રી - પુરુષ, બાળક વગેરે.
- o ગુણ = ઠંડુ - ગરમ, રાતું - પીળું, નાનું - મોટું વગેરે.
- o ક્રિયા = પાચક, પાઠક, ગમન ઈત્યાદિ ક્રિયા - કર્મ.
- o સંબંધ = કાકા - મામા, શેઠ - નોકર, રાજા - પ્રજા વગેરે.
- o સંજ્ઞા = દેવદત્ત, યજ્ઞદત્ત, ગાય, ઘોડો, ભેંસ વગેરે.

(45) एष सर्वेषु भूतेषु गूढात्मा न प्रकाशते ।
दृश्यते त्वग्र्यया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः ॥
- कठोपनिषद् वल्ली-३, श्लो-१२

સર્વ ભૂતોમાં આ આત્મા ગૂઢ હોઈને પ્રકાશતો નથી.
એકાગ્રતાવાળી સૂક્ષ્મ બુદ્ધિ વડે સૂક્ષ્મદર્શીઓથી તે દેખાય છે.

तिलेषु तैलं दधनीव सर्पिः
आपः स्रोतस्सु अरणीषु चाऽग्निः ।
एवमात्माऽत्मनि गृह्यतेऽसौ
सत्येनैनं तपसा योऽनुपश्यति ॥१॥
श्वेताश्वत-२-अ-१, श्लो १५

શ્રુતિ: જેમ તલમાં તેલ, દહીંમાં ઘી, નદીઓમાં જળ, અરણિમાં અગ્નિ પ્રતીત થાય છે, તે રીતે આ આત્મા અંતઃકરણમાં ગ્રહણ કરાય છે. અધિકારી આત્માઓ તેને સત્ય વડે અને તપશ્ચર્યા વડે અવલોકન કરે છે.

(46) કૃપા ચાર પ્રકારની છે:

ઈશ્વરકૃપા, ગુરુકૃપા, શાસ્ત્રકૃપા અને આત્મકૃપા.

પ્રજા રાજાને ઓળખે છે પણ રાજાની નજર જેના ઉપર પડે તે જ તેની કૃપાને પાત્ર થાય.

ગુરુસેવાથી ગુરુકૃપા, શાસ્ત્રસેવાથી શાસ્ત્રકૃપા અને આત્મસેવાથી આત્મકૃપા પ્રાપ્ત થાય છે.

સેવાથી પ્રસન્ન થએલ ગુરુ અંતરની વાત જણાવે છે.

શાસ્ત્ર કોઈવાર રાજાની, કોઈવાર કર્મની પ્રશંસા કરે છે.

જો પાંખથી પંખી ઉડે તેમ નિષ્કામ કર્મ થકી,
ચિત્તશુદ્ધિ અને પછી જ્ઞાનથી મુક્તિ મળે છે.

આત્મકૃપાથી કર્મ - અકર્મ ઇત્યાદિ વિભાગ જાણી શકાય.

મુક્તિના સાધન: યજ્ઞ, દાન, તપ, સ્વાધ્યાય, શ્રવણાદિ.

(47) સમત્વબુદ્ધિનો અર્થ આત્મીયતા નહિ, કિન્તુ આત્મૌપમ્ય - ન્યાયબુદ્ધિ.

આત્મીયતા સમાન આચાર-વિચારવાળા વચ્ચે જ હોય, ન્યાયબુદ્ધિ તો સર્વની હોઈ શકે છે.

ન્યાયબુદ્ધિ = વસ્તુ જેવી હોય તેવી તેનો સ્વીકાર.
ગોળને ગોળ અને ખોળને ખોળ - તે ન્યાયબુદ્ધિ છે અને ગોળને ખોળ અને ખોળને ગોળ એ ન્યાયબુદ્ધિનું ખૂન છે.
યોગ અભ્યાસથી અંતઃકરણ સ્થિર થાય છે. યજ્ઞની જે કર્માનુષ્ઠાન ભાવનાથી થતું કર્મ પણ યોગ સ્વરૂપ છે. યોગક્રિયાઓના અભ્યાસથી પણ બુદ્ધિ નિર્મળ થાય છે અને કર્મયોગી બની શકાય. ઈશ્વર ભક્તિના પ્રભાવે પણ સહજ રીતે અનાસક્ત કર્મયોગી થઈ શકાય છે.

ઈશ્વરભક્તિ, યોગાભ્યાસ અને નિષ્કામ કર્મ- એ બુદ્ધિને શુદ્ધ અને સ્થિર કરવાના 3 ઉપાય છે.

(48) શ્રી મહાભારત શાંતિપર્વ, અધ્યાય ૧૬૨માં સત્યના ૧૩ આકાર-પ્રકાર કહ્યાં છે, તેમાં એક આર્યતા છે.

તેની વ્યાખ્યા કરતાં વ્યાસ મુનિએ કહ્યું છે કે: પ્રાણીમાત્રનું પ્રયત્નપૂર્વક શુભ કરવું, તે આર્યતા.

અહીં આર્યતાનો સંબંધ કોઈ ખાસ જાતિ કે વર્ગ સાથે ન જોડતાં પ્રાણીમાત્ર સાથે જોડ્યો છે.

(49) કોઈપણ કાર્ય બુદ્ધિ અને શક્તિ વગર થઈ શકતું નથી અને આ બુદ્ધિ અને શક્તિ ઈશ્વરની આરાધના વિના મળતાં નથી. - Dongreji

(50) ભાષાનો પ્રાણ ભાવ - જીવનનો પ્રાણ ભાવના છે.

ભાવ વિનાની ભાષા અને

ભાવના વિનાનું જીવન નિષ્પ્રાણ છે.

જીવનમાં ભાવનાનું જ મૂલ્ય છે.

ભગવાન પણ ભાવનાના જ ભૂખ્યા છે. - Visnu

(51) સાંપ્રદાયિક એટલે...

પ્રભુ પ્રાપ્તિમાં સહાયક ઉપાસના સંબંધી માર્ગ વિશેષ.

not sectarian but traditional

अनधिकारिवर्जनादिनियमपुरस्सरं गुरु-

संप्रदायादधिगतं तत् साम्प्रदायिकम् । - सायणाचार्य

અર્થાત્: મર્યાદાપૂર્વક પઠન તે સંપ્રદાયાનુસાર ગણાય છે.

શિષ્ય પરંપરાથી પ્રાપ્ત ઉપદેશને 'સંપ્રદાય' કહે છે.

ધાર્મિક ઝનુન અર્થમાં સંપ્રદાયનો પ્રયોગ

રાજદ્વારી મહાશયોએ ખોટી રીતે કર્યો છે.

(52) આત્મજ્ઞાનનાં ૨ ફળો: સર્વ પ્રકારનાં દુઃખનો નાશ

અને આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર.

જેણે અહંકારનો અને મન, બુદ્ધિ, શરીર આદિના તાદાત્મ્ય સંબંધનો ત્યાગ કર્યો છે, તે જ મહાત્યાગી છે. આંતરિક ત્યાગ વિનાનો બાહ્ય ત્યાગ એ મિથ્યાડંબર - ઢોંગ છે. લોકોને છેતરવાનું સાધન છે.

સર્વત્ર-મમત્વવાળો જીવ દુઃખમુક્ત થઈ શકતો નથી.
દેહાદિમાં સર્વત્વ એનું નામ તન્મયતા.
અખંડબ્રહ્મમાં અનુસંધાન એને તન્મયતા ત્યાગ કરે છે.

જ્ઞાનસ્વરૂપ અધિષ્ઠાન

ચૈતન્ય દૃશ્યરૂપ થઈ જાય તે બંધન, એ જ દૃશ્ય જ્ઞાન
સ્વરૂપને પામી શાંત થઈ સ્વરૂપસ્થિત થાય, તે મોક્ષ.
એ માટેનો પ્રયાસ તે સાધના, પ્રયાસ કરનાર સાધક.
આત્માનુભવ કરનાર સિદ્ધ, મુક્ત ઈત્યાદિ. - યોગવાશિષ્ઠ

(53) સાચા ગુરુનું લક્ષણ = શિષ્યાદિચ્છેત્ પરાજયં।
એકલી વિદ્યા નહિ પણ ગુરુના ગુણો શિષ્યમાં ઉતરવા
જોઈએ અને ગુરુથી પણ અધિક ગુણો કેળવવા જોઈએ.
ઉત્તમ શિષ્યનું લક્ષણ એ કે તે ગુરુને પૂર્ણ માને,
સર્વસ્વ સમજે, સમર્પિત થઈને રહે, કૃતજ્ઞતા રાખે.

(54) આજ્ઞાગુરૂણામવિચારણીયા।
ભગવાનનું દર્શન તો જીવનની ચરમ સિદ્ધિ છે, પરમ
કૃતાર્થતા છે, પરંતુ એ સિદ્ધિ પ્રાપ્ત થાય છે ગુરુકૃપાથી.
એટલે પહેલો પ્રણામ ગુરુને ઘટે છે.

o

Do unto others as you would
like others do to you.

## (55) સિદ્ધપદ પ્રાપ્તિ યંત્ર

| ઉચ્ચારણ સ્થાન | વર્ણ કલાયંત્ર | ઉચ્ચારણ કાલ કલાયંત્ર | ઉચ્ચારણ માત્રા પ્રમાણયંત્ર |
|---|---|---|---|
| નાભિકંદ | અ - હ્રસ્વ | ૧ | નાભિકંદ ગ્રન્થિ |
| હૃદય | ઈ - દીર્ઘ | ૨ | હૃદયદશા ગ્રન્થિ |
| ઘંટિકા | ઋ - પ્લુત | 3 | ઘંટિકા ગ્રન્થિ |
| ભ્રૂમધ્ય | બિંદુ - સૂક્ષ્મ | ૧/૨ | બિંદુ ગ્રન્થિ |
| લલાટાગ્રહ | નાદ - અતિસૂક્ષ્મ | ૧/૨ થી ન્યૂન | અર્ધચંદ્ર |
| બ્રહ્મરંધ્ર | | | ઉન્મના ગ્રન્થિ (વિદારણાય) |

| ગ્રંથિ યંત્ર | ઉચ્ચારણ કાલ કલાયંત્ર | વર્ણ કલાયંત્ર | વાચ્ય બ્રહ્મયંત્ર |
|---|---|---|---|
| નાભિકંદ | હ્રસ્વ | અ | ચતુર્થ અવિરત ગુણસ્થાનક |
| હૃદય | દીર્ઘ | ઈ | પંચમ દેશવિરતિ ગુણસ્થા. |
| ઘંટિકા (તાલુ) | પ્લુત | ઋ | છઠ્ઠું સર્વવિરતિ ગુણસ્થા. |
| બિંદુ | સૂક્ષ્મ | બિંદુ | 7મું અપ્રમત્ત ગુણસ્થા. |
| અર્ધચંદ્ર રમણા | અતિસૂક્ષ્મ | નાદ | 8-9-10-12 શ્રેણિ ગુણસ્થા. |

ઉન્મનાનું વિદારણ કરીને બ્રહ્મરંધ્રમાં પરમલય.

બ્રહ્મની અનુભૂતિ ૧૩-૧૪ ગુણસ્થાનકે.

પછી સદાશિવ- અનુત્તરબ્રહ્મ - સિદ્ધપદની પ્રાપ્તિ થાય.

| ઉચ્ચાવચિત અવસ્થા | પંચક |
|---|---|
| શયન | ૧ થી ૪ |
| જઘન્ય જાગરણ | ૫ મું |
| મધ્યમ જાગરણ | ૬ ઠ્ઠું |
| ઉત્તમ જાગરણ | ૭ મું |
| ઉત્તમોત્તમ જાગરણ | શ્રેણીગત - ૮ થી ૧૨ |
| તુર્ય | ૧૩ - ૧૪ |
| તુર્યાતીત | સિદ્ધપદ |

(56) विपत्तौ किं विषादेन संपत्तौ हर्षेण किम् ।
भवितव्यं भवत्येव कर्मणामीदृशी गतिः ॥१॥
प्रतिदानेन गालीनां दौर्गुण्यं जायते क्षणात् ।
भाषणं दूषणं मन्ये मौनं तत्र हि भेषजम् ॥२॥
(પરિશિષ્ટ-૧૩)

(57) ઉગ્રતાનો નાશ કરવા માટે

આદિનાથ ભગવાન શત્રુંજય ઉપર બિરાજમાન છે, તેમનામાંથી ઝરતી શીતળતાનું ધ્યાન પરમ ઉપકારક થાય છે. શરીર અને મનમાં ઉગ્રતા થવાનાં અનેક કારણો છે: પ્રકૃતિ - સ્વભાવ, આહારની અશુદ્ધિ, પ્રતિકૂળ ખોરાક,

કોઈની કુદૃષ્ટિ, અશુભનો ઉદય, અશાતા વેદનીય વગેરે
અનેક કારણોએ છદ્મસ્થ અવસ્થામાં ઉગ્રતા આવવા
જેવા સંભવિત છે. આદિનાથ ભગવાનના ધ્યાનથી
તુરત જ તેનું નિવારણ થઈ જાય છે.

પંચ પરમેષ્ઠિ ભગવંતો સામાયિક ધર્મમય છે, તેથી તેમનું
પણ સ્મરણ ચિત્તથી સામાયિક ધર્મને અભાવ કરીને
કરવામાં આવતું ધ્યાન આપણી ઉગ્રતાને શમાવે છે,
શીતળતાને પ્રગટાવે છે.

(58) ધારણ કરે તે ધર્મ.

ધર્મ તે કર્મને કહેવાય છે કે જે કર્મ કલ્યાણકસૂચક હોય.
જે અકલ્યાણનું સૂચક હોય,
તે કર્મ ધર્મ નહિ પણ અધર્મ છે.
કર્મનાં પ્રેરક સુખ, દુઃખ, ઇચ્છા, ક્રિયાદિ છે અને
પ્રેરણ એ કર્મ છે.

કર્મ સ્વભાવથી ઉત્પન્ન થયેલા ગુણાનુસાર હોય છે.
સ્વભાવ = રુચિ - સંસ્કાર. ગુણ = યોગ્યતા.
સંસ્કારથી ગુણ - ગુણથી કર્મ થવામાં બુદ્ધિનો ય ફાળો છે.
ગુણ અને સ્વભાવ ઇંદ્રિયો અને મનનો વિષય છે
અને એના ઉપર બુદ્ધિનું નિયંત્રણ રહે છે.

(59) अधिष्ठानं तथा कर्ता करणं च पृथग्विधम्।
विविधाश्च पृथक्चेष्टा दैवं चैवात्र पंचमम्॥१॥
ગીતાના १८-१४ શ્લોકમાં કર્મના પાંચ હેતુ કહ્યાં છે:
અધિષ્ઠાન, કર્તા, કરણ, ચેષ્ટા અને દૈવ.
અધિષ્ઠાન = શરીર - દેશ, કાળ.
કર્તા = જીવાત્મા. કરણ = બુદ્ધિ, મન, ઇંદ્રિયો.
ચેષ્ટા = પ્રયત્ન - પ્રવૃત્તિ. દૈવ = પૂર્વકૃત કર્મ - ભાગ્ય.
तत्रैवं सति कर्तारमात्मानं केवलं तु यः।
पश्यत्यकृतबुद्धित्वान्न स पश्यति दुर्मतिः॥(પરિશિષ્ટ-१४)
(60) મનના સંસ્કાર ઇંદ્રિયોને વિષય તરફ આકર્ષે.
બુદ્ધિનું સત્ય યા મિથ્યાવિશ્લેષણ કાર્યને દિશા આપે,
માટે બુદ્ધિને પરિષ્કૃત કરવી જોઇએ.
મન તથા ઇંદ્રિયોને વશમાં રાખવાં જોઇએ,
તો જ કર્મ યોગ્ય પ્રકારે થઈ શકે છે.
કર્મના હેતુ પાંચ છે પણ તેમાં આત્મા મુખ્ય છે, કારણ
તે માલીક છે, તેનું ઉત્તરદાયિત્વ વધુ છે.
અધિષ્ઠાન તે કારખાનાની ઇમારત છે.
શરીર અને ઇંદ્રિયો તે કર્મચારીઓ છે.
મન નિયંત્રક અને બુદ્ધિ વિચારક designer છે.

આત્મા મુક્ત છે. શરીર, મન, બુદ્ધિ, ઇંદ્રિયો સહાયક છે.
દૈવ - ભાગ્ય - પ્રકૃતિ કર્મનો ખેલ તેમાં ફાળો છે.
(61) સ્વભાવ અને ગુણોના પ્રભાવથી કર્મ થાય છે.
સ્વભાવ સંસ્કારજન્ય છે, સંસ્કાર મન પર અંકિત થાય,
સંસ્કાર = પ્રકૃતિ.
ગુણ બુદ્ધિમાં રહે છે અને તે મૂળ પ્રકૃતિથી આવે છે.
પ્રીતિ = રાગ - આકર્ષણ = રાજસિક બુદ્ધિ.
અપ્રીતિ = દ્વેષ - વિકર્ષણ = તામસિક બુદ્ધિ.
વિષાદ = તટસ્થતા = સાત્ત્વિક બુદ્ધિ.
બુદ્ધિથી ભાવ, ભાવથી આત્મા અને આત્માથી કર્મ થાય.
સાત્ત્વિક બુદ્ધિથી સમત્વ થાય,
રાજસીથી રાગ અને તામસીથી દ્વેષ થાય છે.
(62) અથર્વવેદમાં કહ્યું છે કે:
આ ૯ દ્વારવાળો દેહ ૩ ગુણોથી આવૃત છે.
અહીં જે આત્મા છે, તેને બ્રહ્મજ્ઞાની જ જાણી શકે છે.
(63) ઈશ્વર પ્રણિધાન એટલે...
ઈશ્વર પ્રતિ વિશ્વાસ રાખવો અને
તેના આશ્રય ઉપર પોતાને છોડવો તે.
ઈચ્છા તે જીવાત્મા અને ઈચ્છાશક્તિ તે બુદ્ધિ.
બુદ્ધિ જડ છે અને આત્મા ચેતન છે,

તેથી તે બંને એક નથી પણ જુદા છે.

ઈશ્વર પ્રકૃતિની, પુરુષોના પણ ગુરુ અને કાલથી અનાદિ અનંત છે. તેના જપ અને ચિંતનથી અવિદ્યાનો નાશ અને જ્ઞાનનો પ્રકાશ ઉત્પન્ન થાય છે, વિઘ્નનાશ અને સ્વરૂપ જ્ઞાન થાય છે. વિઘ્ન વિક્ષેપ ઉત્પન્ન કરવામાં બાધક છે. તે ચિત્તની અવસ્થામાં રહે છે, તેથી 'ચિત્તવિક્ષેપ' પણ કહે છે. પ્રણવજાપથી પણ વિઘ્નો દૂર થાય છે. મન, બુદ્ધિ અને અહંકાર પુરુષના વશમાં આવે,

તેને 'વશીકાર સંજ્ઞા વૈરાગ્ય' કહે છે.

अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते । - गी० ८।३

અક્ષર, પરમ બ્રહ્મસ્વરૂપ સ્વભાવ 'અધ્યાત્મ' કહેવાય છે.

(64) યોગદર્શનમાં સ્વાધ્યાયશીલને અધિકારી માનેલ છે. યોગાભ્યાસ અતિ કઠિન અને દીર્ઘ હોવાના કારણે તેમાં

ઈશ્વરનો આશ્રય અનિવાર્ય માન્યો છે.

તપ, સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાનથી સમાધિની ભાવના-ઈચ્છા-જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે અને અવિદ્યાદિ ક્લેશો ક્ષીણ થાય છે. ક્લેશોનું મૂળ કારણ સંસ્કારસમૂહ છે. દૃષ્ટા અને દૃશ્યના સંયોગથી સંસ્કાર ઉત્પન્ન થાય છે. દૃશ્ય છે શરીર, ઇંદ્રિય, મન, બુદ્ધિ દ્વારા થતો સંયોગ.

જ્ઞાનની ૭ ભૂમિકા છે:

હેયને જાણી લીધું, હેયનો ત્યાગ કીધું,
ઉપાદેયને કરી લીધું, પ્રાપ્યને પામી લીધું,
કૃતાર્થતા, ગુણલીનતા અને આત્મસ્થિતિ.

આ ૭ અવસ્થા બુદ્ધિની છે, જેને 'ઋતંભરા પ્રજ્ઞા' કહે છે.
શાસ્ત્રવાંચન, સત્સંગતિ અને ઈશ્વર અવલંબન -
એ ત્રણ પૂર્વાવસ્થામાં અનિવાર્ય છે.
યોગમાર્ગમાં સંસ્કારોને શૂન્ય કરવાના જ
ભિન્ન - ભિન્ન ઉપાયો બતાવ્યાં છે.

समत्वं योग उच्यते । योगः कर्मसु कौशलं ।
समाधिर्योग उच्यते । तस्माद् योगीभवार्जुन ! ।

(પરિશિષ્ટ-૧૫)

દ્રષ્ટાભાવના, યોગાભ્યાસ અને ઈશ્વરપ્રણિધાન -
આ ત્રણે મળીને બુદ્ધિને નિર્મળ કરે છે.

(65) દ્રષ્ટાભાવથી નિષ્કામતા, યોગાભ્યાસથી અનાસક્તિ અને ઈશ્વરપરાયણતા થવાથી બંધન મુક્તિ પ્રાપ્ત થાય છે.

રાજસભાવમાં ભેદબુદ્ધિ એટલે કે
પોતાપણાનો અને પારકાપણાનો ભાવ રહે છે.
અહંકાર = યજમાન, મન = સોમ, બુદ્ધિ = સૂર્ય.

(66) સમાન અવસ્થા નહિ પણ વિષમ અવસ્થા એટલે
Not homogenous but hetrogenous.

ત્રિગુણ પ્રકૃતિ પર છે. પર = સૂક્ષ્મ.

સત્વગુણ - attraction - આકર્ષણ.

રજોગુણ - repulsion - વિકર્ષણ.

તમોગુણ - વિરામ - neutral.

પ્રકૃતિ એ જગતનું ઉપાદાન કારણ છે,
ઈશ્વર નિમિત્ત કારણ છે અને જીવાત્મા ભોક્તા છે.

(67) યોગાભ્યાસ બુદ્ધિને નિર્મળ કરે છે.
યોગથી જે બુદ્ધિ પ્રાપ્ત થાય, તેને 'ઋતંભરા' કહે છે.
એ બુદ્ધિ નિશ્ચિત કરી શકે છે કે:
અમુક કાર્ય ધર્મ છે કે અધર્મ છે.
આ 'ઋતંભરા બુદ્ધિ'થી વિચાર કરીને
જે કાર્ય થાય છે, તે મનુષ્યને પાપથી બચાવી લે છે.
શુદ્ધ પવિત્ર ભક્તિનું સ્વરૂપ તે છે કે
સુખકારક આસન ઉપર પલાંઠી વાળીને બેસવું.
પીઠ, છાતી, ગરદન સીધા રાખવા. ભ્રમધ્યમાં લલાટ ઉપર
પ્રાણોને કેન્દ્રિત કરવા અને ૐકારનો જાપ કરવો.
આ ભક્તિથી કર્મબંધન તૂટે છે.

તા.૮/૧૦માં કહ્યું છે:   Dt. 16-6-69

મરતી વખતે હૃદયમાં ધ્યાન લગાવી ૐનું ઉચ્ચારણ સહાયક થાય છે. જે મનુષ્ય ભક્તિયુક્ત બનીને મરણ સમયે હૃદયમાં પ્રભુની સ્થાપના કરી નિશ્ચય મનથી શરીર છોડે, તે દિવ્યસ્વરૂપ પરમ પુરુષને પ્રાપ્ત થાય છે.

(68) હવે ડોક્ટરોની માન્યતા થઈ છે કે ૫૦% જેટલા રોગો tension અથવા તણાવથી થાય છે.

ગુજરાતીમાં તેને 'તંગ દશા' કહી શકાય.

આ 'તનાવ'નો ઉપાય સાધારણ રીતે 'શવાસન' છે અને

તેનો ઉત્કૃષ્ટ ઉપાય 'કાયોત્સર્ગ' છે.

અટલે તે જો વિધિસર કરાય તો સાધુ-સંતોમાં ૫૦% રોગ ઓછા થઈ જાય. આ કેવી રીતે કરવો અને તેથી Tension કેમ ઓછું કરવું તે વિષયમાં તેરાપંથી બહુ સારા લેખો લખે છે. જૈન શાસ્ત્રો કહે છે કે: કાયોત્સર્ગથી દેહની જડતા - બુદ્ધિમંદતા ઓછી થાય છે.

'જડતા કેવી રીતે થાય છે?' તે વિષે

ઉપાધ્યાય મેઘવિજયજી અર્હદ્ - ગીતામાં લખે છે કે:

वातोद्रेकाद्वैविध्यत्ते जडताऽस्थिरता भ्रमः।
वातं विजयते ध्यानं दर्शनं पित्तवारणम्।

આ શ્લોકમાં કહ્યું છે તેમ વાતના પ્રકોપથી
ચિત્તમાં જડતા, ચંચળતા અને ભય ઉત્પન્ન થાય છે,
તેથી સમજાય છે કે વાતના પ્રકોપથી જડતાનો જે દોષ
શરીરમાં ઉત્પન્ન થાય છે, તે કાયોત્સર્ગથી દૂર થઈ શકે.
આમ Tensionનો ઉપાય કાયોત્સર્ગ હોઈ શકે.
વળી શ્લોકમાં આગળ કહ્યું છે તેમ:
જ્ઞાનથી વાતની શુદ્ધિ થાય, દર્શનથી પિત્તની શુદ્ધિ થાય
અને પછી જણાવ્યું કે ચારિત્રથી કફનો નાશ કરાય છે.
'સમયસાર' નાટકમાં કહ્યું છે કે:
આત્મતત્ત્વ ઉપાદાન છે અને તીર્થ નિમિત્ત છે.

(69) 'સમયસાર' નાટક (સર્વ વિશુદ્ધિ દ્વાર)

नव रसोंके पारमार्थिक स्थान । (छप्पय)

गुन विचार सिंगार वीर उद्यम उदाररुख ।
करुना समरस रीति हास हिरदै उछाह सुख ॥१॥
अष्ट करमदल मलन रुद्र वरतै तिहि थानक ।
तन विलेछ बिभच्छ दुंद मुख दसा भयानक ॥२॥
अद्भुत अनंत बल चिंतवन सांत सहज वैराग ध्रुव ।
नवरस विलासपरगास तब जब सुबोधघट प्रगट हुव ॥३॥

શબ્દાર્થ: उछाह = उत्साह, दलमलन = नष्ट करना,
विलेछ = अशुचि ।

ભાવાર્થ: આત્માને જ્ઞાનગુણથી વિભૂષિત કરવાનો
વિચાર શૃંગારરસ છે. કર્મનિર્જરાનો ઉદ્યમ વીરરસ છે.
પોતાના સમાન સર્વ જીવોને સમજવા તે કરુણારસ છે
મનમાં આત્મઅનુભવનો ઉત્સાહ તે હાસ્યરસ છે.
આઠ કર્મોને નષ્ટ કરવા તે રૌદ્રરસ છે.
શરીરની અશુચિતા વિચારવી તે બીભત્સરસ છે.
જન્મજરાઆદિના દુ:ખોનું ચિન્તન કરવું તે ભયાનકરસ,
આત્માની અનંત શક્તિનું ચિંતન કરવું તે અદ્ભુત
અને દૃઢ વૈરાગ્ય ધારણ કરવો તે શાંતરસ છે.
હૃદયમાં જ્યારે સમ્યગ્દર્શનનો પ્રકાશ પ્રગટે છે, ત્યારે
આ રીતે નવે પ્રકારના રસનો વિકાસ પ્રકાશિત થાય છે.

(70) કર્મ જ્યારે 'સર્વહિતાય' અર્થાત કે
સર્વ જીવના હિત માટે થાય, ત્યારે તે 'યજ્ઞ' કહેવાય છે.

सर्वं कर्माखिलं पार्थ ! ज्ञाने परिसमाप्यते ।

સર્વ પ્રકારના કર્મ જ્ઞાનથી યજ્ઞરૂપમાં બદલી શકાય છે.
દ્રવ્યમય યજ્ઞોમાં દ્રવ્યોનો અને જ્ઞાનમય યજ્ઞમાં જ્ઞાનનો
સર્વના હિત માટે ઉપયોગ કરવાનું કહ્યું છે.
જ્ઞાનથી કર્મોનો અભાવ થતો નથી પણ કુભાવના નષ્ટ
થાય છે, તેથી કર્મને યજ્ઞનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે.

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।

કર્મ જ્યારે જ્ઞાનાદિ પરરૂપમાં બદલાઈ જાય છે,
ત્યારે સર્વ કર્મ-શુભાશુભ કર્મનું ફળ નષ્ટ થઈ જાય છે,
ફળ પ્રદાન માટે અસમર્થ બની જાય છે, તેથી કહ્યું છે:
જ્ઞાન સમ કર્મોને પવિત્ર કરવાવાળી બીજી વસ્તુ નથી.
જ્ઞાન વડે કર્મોમાં સમત્વબુદ્ધિ, કુશળતાની પ્રાપ્તિ થાય છે.
યોગસંન્યસ્તકર્માણં । એ પદનો અર્થ કર્મોનો સંન્યાસ
નહિ પણ કર્મોમાં કામનાઓનો સંન્યાસ સમજવાનો છે.
કર્મ જ્યારે પરરૂપમાં કરાય છે,
ત્યારે તે અકર્મ સમાન ફળહીન બની જાય છે.
'સર્વ કર્મ જ્ઞાનમાં જઈને સમાપ્ત થાય છે' તેનો અર્થ છે:
કર્મોથી જ્ઞાન ઉત્પન્ન - પ્રજ્વલિત થાય છે.
કર્મમાત્ર જ્ઞાનને સ્થિર રહેવામાં સહાયક બને છે.
જ્ઞાનાગ્નિને પ્રજ્વલિત રાખવા માટે કર્મ ચાલુ રહેવા જોઈએ.
(71) આસક્તિ એ મનનો વિષય છે.
મનથી કર્મનો મોહ છોડી દે તો તે કર્મમાં લિપ્ત નહિ થાય.
બુદ્ધિને નિર્મળ કરવા માટે એક ઉપાય યોગાભ્યાસ,
બીજો ઉપાય છે પરમાત્માની ઉપાસના,
ત્રીજો ઉપાય સર્વ જીવના હિત માટે નિષ્કામ ભાવથી
પરાર્થ કર્મ કરવા, તેમાં કર્તૃત્વનું અભિમાન અને
કર્મની ફળેચ્છાનો અભાવ અવશ્ય હોવા જોઈએ.

કાર્યમાત્ર પૂર્વસંસ્કાર - વર્તમાન બુદ્ધિ અનુસાર થાય છે.
સંસ્કારથી ઉદ્દેશ અને બુદ્ધિથી માર્ગ નક્કી થાય છે.
સંસ્કારથી સ્વભાવ ઘડાય છે. સંસ્કાર અને સ્વભાવનું
નિર્માણ પણ બુદ્ધિ વડે જ થાય, તેથી બુદ્ધિને આત્માની
સૌથી નિકટ માની છે. મન કરતાં પણ બુદ્ધિ નિકટ છે.

સ્વભાવ જ્યારે સ્થિર થાય છે,
ત્યારે તે (દૈવી યા આસુરી) સંપદા ગણાય છે.
દૈવી સંપત્તિમાં ઔદાર્ય, દયા, ન્યાય, ક્ષમાદિ સદ્ગુણો છે.
ઉદ્દેશ સ્વભાવવશ નક્કી થાય છે અને
એ ઉદ્દેશ્યોની પ્રાપ્તિમાં બુદ્ધિ માર્ગદર્શક બને છે.
શમ, દમ, શૌચ, તપ, ક્ષમા, સરળતાદિ દૈવી સ્વભાવ છે.
શૌર્ય, તેજ, ધૈર્ય, ચાતુર્ય એ ક્ષાત્રધર્મ છે.
બ્રાહ્મણ સ્વભાવ જ્ઞાનવાન, વિજ્ઞાનવેત્તા,
આસ્તિક્ય બુદ્ધિ રાખવાવાળો હોય છે.

કર્મની ઉત્પત્તિ ૫ કારણોથી છે:

અધિષ્ઠાન = આધાર,
કર્તા = કર્મ કરવાવાળાના ગુણ કે સ્વભાવ,
કરણ = શરીર, ઇંદ્રિય અથવા બુદ્ધિનું સામર્થ્ય,
ચેષ્ટા = પ્રયત્ન, દૈવ = ભાગ્ય કે પૂર્વજન્મના કર્મનું ફળ.

(72) બ્રાહ્મણ તે છે કે જે મન - ઈંદ્રિયોને સંયમમાં રાખે,
સદાચારી, દયાળુ, સહનશીલ, નિષ્કામ,
સરલ, મૃદુ, ચતુર અને ક્ષમાશીલ હોય.
ચતુર = સ્વસુખ અને સ્વભોગ માટે જે પ્રયત્ન કરે તે.
એ યત્નમાં તે છલ અને બલનો પ્રયોગ કરે છે.
'ગુણ' શબ્દથી સત્વ - રજ - તમ પણ લેવાય છે અને
કાર્ય કરવાની કુશળતા પણ લેવાય છે.
વર્ણવિધિમાં 'ગુણ' શબ્દથી કાર્ય કુશળતા અભિપ્રેત છે.
કર્મથી સંસ્કાર, સંસ્કારથી સ્વભાવ અને
સ્વભાવ અનુસાર કર્મ - એ રીતે ચક્ર ચાલે છે.

o

What is the meaning of resurrection?
The resurrection is the raising up
of the whole man - Spirit, Soul and
body - into the God consciousness.

o

Sow a thought and reap an act.
sow an act and reap a habit.
sow a habit & reap a character.
sow a character & reap a destiny.

(73) કર્મચક્ર યા કર્મબંધનને તોડવા માટે
પહેલો ઉપાય છે નિષ્કામ કર્મ.
તેથી સંસ્કાર પડતા નથી અને કર્મનું ચક્ર તૂટી જાય છે.
બીજો ઉપાય યોગાભ્યાસ છે, તેથી બુદ્ધિ નિર્મળ બને છે
અને નિર્મળ બુદ્ધિ અતીન્દ્રિય જ્ઞાનને મેળવે છે.
તે ઇંદ્રિયજ્ઞાનથી અતિરિક્ત વસ્તુને પણ દેખવા લાગે,
તેથી કર્મ લોકોત્તર બને છે અને
કર્મનો ઉદ્દેશ - અધિષ્ઠાન પણ બદલાઈ જાય છે.
ત્રીજો ઉપાય રૂપે ઈશ્વરભક્તિ પણ આ બંધનને તોડે છે.
આ ત્રણે ઉપાય લેનાર કોઈપણ વ્યક્તિ
મોક્ષને પ્રાપ્ત કરી શકે છે - એ ગીતાનો અભિપ્રાય છે.

(74) 'પૂજનીયા મન્ત્રદેવતાઃ |' મંત્રરૂપ દેવતા અથવા
મંત્રાધિષ્ઠાયક દેવતા પૂજનીય છે. મંત્ર જ્યારે મધ્યમાગત
બને છે, ત્યારે દેવતાસ્વરૂપ થઈ દિવ્યશક્તિ ધારે છે
અને જેટલા લક્ષણવંત વસ્તુઓ આ વિશ્વમાં હોય છે,
તે બધા દેવાધિષ્ઠિત હોય, દેવો તેનું અધિષ્ઠાન કરે છે.
એ રીતે મંત્રદેવતાના ઉભય અર્થ શાસ્ત્રમાન્ય છે.

(75) આત્માના યથાર્થ સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાથી-
સ્વરૂપસ્થિતિ પ્રાપ્ત કરવાથી દુઃખનો નિતાન્ત
અભાવ અથવા હાન થઈ શકે છે.

જડતત્ત્વ જે દુઃખરૂપ છે અને દુઃખનો હેતુ છે,
તેને યથાર્થપણે સમજવાથી હેય = દુઃખ અને
હેય હેતુ = દુઃખનું કારણ સમજી શકાય છે.
જડ અને ચેતનતત્ત્વનો અવિવેકપૂર્ણ સંયોગ-
ચેતનની જડતત્ત્વ પ્રત્યે આસક્તિ તે હેય હેતુ છે.
તે મિથ્યાજ્ઞાન યા અવિદ્યાથી જન્મે છે.
વિવેકજ્ઞાન એ હાનોપાય - દુઃખ નિવૃત્તિનું સાધન છે.
ચેતનતત્ત્વ, પરમાત્મા, પુરુષવિશેષ, ઈશ્વર - બ્રહ્મ એ
ચેતનતત્ત્વને સર્વાંશે અનુકૂળ - જડતત્ત્વથી વિપરીત છે.
જે સર્વજ્ઞ, સર્વ વ્યાપક, સર્વ શક્તિમાન છે,
જેમાં દુઃખ - જડતા - અજ્ઞાનનો સર્વથા અભાવ છે,
જ્યાં પહોંચવું તે આત્માનું અંતિમ ધ્યેય છે,
જે જ્ઞાનનો પૂર્ણ ભંડાર છે, જ્યાંથી જ્ઞાન પામી આત્મા
જડ - ચેતનનો વિવેક કરી શકે છે અને
અવિદ્યાના બંધનને તોડીને હેયથી મુક્ત થઈ શકે છે.
હાન અને હાનોપાયનો આધાર પરમાત્મ તત્ત્વ છે.
હેય દુઃખ છે, હેય હેતુ જડતત્ત્વ છે તથા
હાન નિર્મળ શુદ્ધ આત્માવસ્થિતિ છે.
તેનો ઉપાય પરમાત્મતત્ત્વની શરણાગતિ છે.

છએ દર્શનોનો પ્રતિપાદ્ય વિષય આ ૪ તત્ત્વ છે અને
એ ૪ તત્ત્વનો આધાર 3 પદાર્થ છે:
ચેતન, જડ અને પરમાત્મા.
જડ વડે દુઃખાનુભૂતિ કરનાર ચેતન પરમાત્મધ્યાનથી
દુઃખમુક્તિ અને સુખાનુભૂતિ પામી શકે છે.
(76) પૂર્વમીમાંસા: ઇષ્ટાપૂર્તકર્મ = ઇષ્ટ અને પૂર્ત કર્મો.
ઇષ્ટકર્મ = યજ્ઞ - યાગાદિ. પૂર્તકર્મ = વાપીકૂપ - તટાકાદિ.
એક શાસ્ત્રીય, બીજા લૌકિક - તેના 3 અવાન્તર ભેદ.
(1) નિત્યકર્મ = પંચમહાયજ્ઞાદિ (2) નૈમિત્તિક = જાતકર્માદિ
(3) કામ્યકર્મ = ઐહિક - પારલૌકિક કામનાથી.
બે પ્રકારનાં અન્ય કર્મ:
(a) નિષિદ્ધ = જેનો શાસ્ત્રોમાં નિષેધ હોય.
(b) પ્રાયશ્ચિત્ત = વિહિતને ન કરવાથી અને અવિહિતને
કરવાથી અંતઃકરણ પર જે મલીન સંસ્કાર પડ્યા હોય,
તેને શુદ્ધ કરવા કામ અને નિષિદ્ધ કર્મોથી નિવૃત્તિ.
પ્રાયશ્ચિત્ત અને નિત્ય - નૈમિત્તિક કર્મોમાં
પ્રવૃત્તિ મોક્ષસાધિકા છે.
(I) ઉપાસના કાંડ = મનની વૃત્તિઓને ચારેબાજુથી રોકી
કેવળ એક લક્ષ્ય પર ઠેરવવા તે ક્રિયાનું નામ ઉપાસના છે.

(II) જ્ઞાનકાંડ = આત્મા અને પરમાત્માનું વર્ણન.

(III) કર્મકાંડ = યજ્ઞોનું વિસ્તારપૂર્વક વર્ણન.

બ્રાહ્મણ ગ્રન્થોમાં કર્મકાંડ, આરણ્યક તથા ઉપનિષદોમાં
જ્ઞાનકાંડ અને બંનેમાં ઉપાસના કાંડનું વર્ણન છે.
આ ત્રણે કાંડોના વિચારને 'મીમાંસા' કહે છે.
પૂર્વમીમાંસામાં કર્મકાંડ તથા ઉત્તરમીમાંસામાં
જ્ઞાનકાંડનો વિચાર છે, ઉપાસના બંનેમાં છે.

(77) મીમાંસકોની મોક્ષની પરિભાષા

प्रपंचसंबंधविलयो मोक्षः ।

त्रेधा हि प्रपंचः पुरुषं बध्नाति । तदस्य त्रिविधस्यापि
बन्धस्यात्यन्तिको विलयो मोक्षः ।

શરીર, ઇંદ્રિય અને વિષય

આ ત્રણે પ્રકારનો સંબંધ જગતની સાથે આત્માને છે,
તેના વિનાશનું નામ મોક્ષ છે. સાંખ્ય અને યોગ મુજબ
સંપ્રજ્ઞાત સમાધિનું આ અંતિમ ધ્યેય છે.

(૧) હેય = ત્યાજ્ય જે દુઃખ, તેનું મૂળ જડ તત્ત્વ.

(૨) હેય હેતુ = ત્યાજ્ય જે દુઃખ, તેનું કારણ અજ્ઞાન.

જડતત્ત્વમાં આત્મતત્ત્વનો અધ્યાસ,
જડતત્ત્વને ભૂલથી ચેતનતત્ત્વ સમજવું.

४ अंतःकरण = मन - बुद्धि - चित्त - अहंकार,
१० इंद्रियो अने शरीरमां अहंभाव तथा
एना विषयोमां ममत्वभाव ए दुःखमां फसावनारां छे.
(3) हान = दुःखना सर्वथा अभावनी अवस्था अथवा
स्वरूपावस्थिति.
जडतत्त्वथी पोताने सर्वथा भिन्न करी
निर्विकार, निर्लेप, शुद्धपरमात्मतत्त्वमां अवस्थित थवुं.
(४) हानोपाय = स्वरूप स्थितिनो उपाय
परमात्मतत्त्वनुं ज्ञान छे.
ज्यां दुःख, अज्ञान, भ्रम आदि संशमात्र य नथी
अने प्रकृतिजन्य तथा शक्तिनो लंडार छे.
जडतत्त्वथी आत्मानो विजातीय भेद छे अने
चेतनतत्त्वथी आत्मानो सजातीय भेद छे.
अद्वैतवादीना मते ज्ञान - अज्ञानने सर्वथा अभेद छे
अज्ञानतत्त्व तेमना मते जुदुं नथी, भ्रमथी जुदुं लागे छे.
(78)उपासनानो संबंध चित्तवृत्तिना निरोध साथे छे,
दिशा, काल के देश विशेषनी साथे नहि.
वैशेषिक दर्शनमां छ पदार्थ तथा तेना सामान्य - विशेष
धर्मना तत्त्वज्ञानथी निःश्रेयस कह्यो छे.

धर्मविशेषप्रसूताद् द्रव्य-गुण-कर्म-सामान्य-विशेष-
समवायानां पदार्थानां साधर्म्यवैधर्म्याभ्यां
तत्त्वज्ञानान्निःश्रेयसम्।

આ છ પદાર્થોમાં ધર્મી માત્ર દ્રવ્ય, અન્ય પાંચ ધર્મ છે.
ગુણ અને કર્મ એ દ્રવ્યનો ધર્મ છે.
સામાન્ય-વિશેષ એ દ્રવ્ય ગુણ કર્મ ત્રણેનો ધર્મ છે.
સમવાય એ પાંચેનો ધર્મ છે. દ્રવ્ય ગુણ કર્મ મુખ્ય
પદાર્થ છે, કેમકે અર્થક્રિયા તેનાથી થાય છે.
ધર્મ - અધર્મના તે નિમિત્ત છે,
જાતિના ૩ ઉપપદાર્થ છે, કેમકે એનાથી કોઈ
અર્થક્રિયા - કાર્યસિદ્ધિ - પ્રયોજનસિદ્ધિ થતી નથી,
માત્ર શબ્દ વ્યવહારને માટે ઉપયોગી છે.

निरिच्छे संस्थिते रत्ने यथा लोहः(कः) प्रवर्तते ।
सत्तामात्रेण देवेन तथा चायं जगज्जनः ॥१॥
अत आत्मनि कर्तृत्वं-अकर्तृत्वं च संस्थितम् ।
निरिच्छत्वादकर्ताऽसौ कर्ता संनिधिमात्रतः ॥२॥
- सांख्य प्रवचन भाष्य, १/९७ (પરિશિષ્ટ-૧૬)

(79) શરીર શુદ્ધ અને સૂક્ષ્મ થવાથી, સાત્ત્વિક વિચાર,
શુદ્ધ અંતઃકરણ, ઈશ્વરની સાચી ભક્તિ અને પરિપક્વ

વૈરાગ્યની અવસ્થામાં એકાગ્રતા થવાથી - નિશ્ચલ ધ્યાનથી
કુંડલિની શક્તિ વિશેષતયા જાગ્રત થાય છે.
સર્વોત્તમ ઉપાય મૂલાધારથી સહસ્ત્રાર સુધીનું ચક્રભેદન છે.
ધ્યાનની સુગમતા અને શીઘ્રતા માટે
આજ્ઞાચક્ર અને સહસ્ત્રારચક્ર પર્યાપ્ત છે.
આ બે સ્થાનો ઉપર વિધિપૂર્વક ધ્યાન કરવાથી
કુંડલિની જાગ્રત થઈ શકે છે.
સૌમાં મુખ્ય વસ્તુ ઈશ્વરપ્રણિધાન - તીવ્રવૈરાગ્ય છે.
સંપ્રજ્ઞાતની સિદ્ધિ માટે આજ્ઞાચક્ર અને અસંપ્રજ્ઞાતની
સિદ્ધિ માટે બ્રહ્મરન્ધ્ર ધ્યાન માટે સર્વોત્તમ સ્થાન છે.
રૂપ - વિષયનું સ્થાન તાલુ છે,
તેના સન્મુખ અંદરથી ધ્યાન કરાય, તો તે ધ્યાન
સ્વયં આજ્ઞાચક્ર સુધી પહોંચી જાય છે.
એ રીતે જિહ્વામૂલ, જે શબ્દ - વિષયનું સ્થાન છે,
ત્યાંથી તાલુની તરફ ઉપરની બાજુ ધ્યાન કરાય,
તો તે ધ્યાન બ્રહ્મરન્ધ્ર સુધી સ્વયં પહોંચી જાય છે.
ધ્યાનને માટે તાલુને ભ્રુકુટિનું દ્વાર તથા
જિહ્વામૂલને બ્રહ્મરન્ધ્રનું દ્વાર સમજવું જોઈએ.
કોઈ - કોઈ જગ્યાએ જિહ્વામૂલથી ઉપર
તાલુમૂલને એક લલનાચક્રનું સ્થાન પણ કહ્યું છે.

શાસ્ત્રાદિ ઉપદિષ્ટ અર્થનું એક દેશથી જ્યારે પ્રત્યક્ષ
થાય, ત્યારે કૈવલ્ય પર્યંત જેટલા સૂક્ષ્મ વિષય છે, તે
બધામાં શ્રદ્ધાપૂર્વક દૃઢ વિશ્વાસ થઈ જાય છે.
ધૈર્ય, સ્મૃતિ, સમાધિ - પ્રશમાદિનો લાભ
શ્રદ્ધાની અધિકતાથી નિર્વિઘ્ન થઈ જાય છે.

(80) આચરિત ધર્મ એ

આકાશની જેમ સર્વગુણોનો આધાર,
સાગરની જેમ સર્વ ગુણરત્નોનો આગર તથા
મેરૂની જેમ સર્વ ધર્મોનો ઢગ - રાશિ છે.
તે આકાશની જેમ વિશાળતાપૂર્વક સ્વપરના ભેદને,
સાગરની જેમ ગંભીરતાપૂર્વક રાગ-દ્વેષના ભેદને તથા
મેરૂ સમા ઉચ્ચતાપૂર્વક સુખદુઃખના ભેદને મિટાવે છે.
વિશાળતા ક્ષેત્રગત એકતાની સૂચક છે,
ગંભીરતા કાળગત એકતાની સૂચક છે અને
ઉચ્ચતા અધિષ્ઠાનગત એકતાની સૂચક છે.

(81) દ્રવ્યાનુયોગ સમ્યગ્દર્શનગુણને વિકસાવે છે.
ગણિતાનુયોગ સમ્યગ્જ્ઞાનગુણને વિકસાવે છે.
ચરણકરણાનુયોગ સમ્યક્ચારિત્રગુણને વિકસાવે છે.
આ ત્રણે વડે કથાનુયોગ મોક્ષમાર્ગને પુષ્ટ કરે છે.

માત્ર શ્રવણ નહિ પણ શબ્દો પાછળનો ભાવ
જેને સ્પર્શે, તે સમ્યગ્દર્શનનો અધિકારી બને છે.

યમ - નિયમના ફળરૂપે વાચના,
આસન - પ્રાણાયામના ફળરૂપે પૃચ્છના,
પ્રત્યાહાર - ધારણાના ફળરૂપે પરાવર્તના તથા
ધ્યાન અને સમાધિના ફળરૂપે અનુપ્રેક્ષા છે.
અનુપ્રેક્ષાનું ફળ ધ્યાન અને સમાધિ છે.
પરાવર્તનાનું ફળ પ્રત્યાહાર અને ધારણા છે.
પૃચ્છનાનું ફળ આસન અને પ્રાણાયામ છે અને
વાચનાનું ફળ યમ અને નિયમ છે.
વાચના પચ્ચક્ખાણ આવશ્યકને, પૃચ્છના કાયોત્સર્ગને,
પરાવર્તના પ્રતિક્રમણને,
અનુપ્રેક્ષા ગુરુવંદન અને ચતુર્વિંશતિ સ્તવને
અને ધર્મકથા સામાયિક આવશ્યકને પુષ્ટ કરે છે.

(82) વિકાસવાદ કહે છે કે: પહેલાં બધા જંગલી હતા.
ધર્મવાદ કહે છે કે: પહેલાં સૌ સર્વજ્ઞ - સર્વદર્શી હતા.
ભાષાની ઉત્પત્તિ પણ સર્વજ્ઞવાદને સિદ્ધ કરે છે.
વિકાસવાદ કહે છે કે: જ્ઞાન વધતું જાય છે,
ધર્મવાદ કહે છે કે: જ્ઞાન ઘટતું જાય છે.

વ્યવહારથી દેવ - ગુરુ આત્મભિન્ન છે અને
નિશ્ચયથી દેવ - ગુરુ આત્મ અભિન્ન છે.
અનાત્મનિષ્ઠના બે અર્થ છેઃ
જેઓ આત્મનિષ્ઠ નહિ, તેઓ દેવ - ગુરુ નહિ,
જેઓ પુદ્ગલનિષ્ઠ છે, તેઓ પણ દેવ - ગુરુ નહિ.
(83) કર્મના સ્થિતિ - રસમાં ન્યૂનાધિકતા સંભવે છે.
પ્રદેશ અને પ્રકૃતિ અવશ્ય ભોગવવા પડે છે.
ઉદ્વર્તના - અપવર્તના કરણ વડે
સ્થિતિ - રસમાં પલટો લાવી શકાય છે.
ગુણસંક્રમથી પુણ્ય - પાપરસમાં પલટો લાવી શકાય છે.
સજાતીય ઉત્તરપ્રકૃતિમાં ગુણસંક્રમ થઈ શકે છે,
વિજાતીય ઉત્તરપ્રકૃતિમાં ગુણસંક્રમ ન થઈ શકે.
ઉદયાગત કર્મ
સમભાવથી ભોગવી લેવામાં નવીન કર્મબંધ થતો નથી.
(84) તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્।
તત્ત્વભૂત અર્થ - દેવ, ગુરુ અને ધર્મ છે, તેના તરફ
શ્રદ્ધા, રુચિ, અભિલાષ અથવા જીવાજીવાદિતત્ત્વો તરફ
હેયોપાદેય વિષયક રુચિ, હેયનું ત્યાગ, ઉપાદેયનું ઉપાદાન
કરવા તરફ લાગણી, ભાવ અથવા સ્વપર વિવેકશક્તિ,

સ્વજીવ તત્ત્વ, પર અજીવ તત્ત્વ વચ્ચે ભેદજ્ઞાન અથવા
સ્વ-આત્મતત્ત્વમાં શ્રદ્ધા, રુચિ - તે સમ્યગ્દર્શન ગુણ છે.

(85) ભવ એટલે સ્વાર્થ અને ભાવ એટલે પરમાર્થ.

ભવનો અંત ભાવથી આવે છે એટલે
પરમાર્થની ભાવના વડે સ્વાર્થનો અંત આણી શકાય છે.
જગતનું ઇષ્ટ પોતાનું ઇષ્ટ બને, ત્યારે ભાવ પરિપૂર્ણ
થાય અને ત્યારે ભવનો અંત આવવાને ઉભો રહે છે.

(86) (1) પચ્ચક્ખાણ આવશ્યક વડે
આત્મતત્ત્વની સ્પષ્ટ - સ્પષ્ટતર પ્રતીતિ થતી જાય છે.
(2) કાયોત્સર્ગ વડે આત્મનિત્યતાની પ્રતીતિ દૃઢ થાય છે.
(3) પ્રતિક્રમણ વડે એ પ્રતીતિ દૃઢ થાય છે કે:
આત્મા કર્મનો કર્તા છે.
(4) ગુરુવંદન વડે એ પ્રતીતિ દૃઢ થાય છે કે:
આત્મા કર્મફળનો ભોક્તા છે.
(5) ચતુર્વિંશતિસ્તવ વડે એ પ્રતીતિ દૃઢ થાય છે કે:
મોક્ષ છે.
(6) સામાયિક વડે મોક્ષના ઉપાયની દૃઢ પ્રતીતિ થાય છે.

એ રીતે સમ્યક્ત્વનાં છ સ્થાનકો
ષડાવશ્યકની સાથે અંતરંગ સંબંધ રહેલો છે.

(87) (1) પ્રત્યાખ્યાન વડે આકાશતત્ત્વની શુદ્ધિ થાય છે.
હૃદયાકાશ શુદ્ધ બને છે.

(2) કાયોત્સર્ગ વડે વાયુતત્ત્વની શુદ્ધિ થાય છે.
કાયોત્સર્ગના આસન વડે ચિદાકાશમાં વ્યાપ્ત પ્રાણવાયુ સ્થિર થાય છે અને પ્રાણાયામ વડે વિશુદ્ધ થાય છે.

(3) પ્રતિક્રમણ વડે અગ્નિતત્ત્વની વિશુદ્ધિ થાય છે.
જેમ-જેમ પાપથી પાછા ફરાય છે,
તેમ-તેમ આંતરિક તેજ વધતું જાય છે.

(4) ગુરુવંદન વડે જળતત્ત્વની વિશુદ્ધિ થાય છે.
ભક્તિરૂપી જળ વડે આત્મા નિર્મળ બનતો જાય છે.

(5) ચતુર્વિંશતિ સ્તવ વડે
વ્યક્તિગત પૃથ્વીતત્ત્વની વિશુદ્ધિ થાય છે.
પૃથ્વીતત્ત્વ = Base, fundamental, root self.

(6) સામાયિક વડે મનસ્ તત્ત્વની વિશુદ્ધિ થાય છે.
એ રીતે વિશુદ્ધ થયેલાં પાંચે તત્ત્વો મનમાં અને મન આત્મામાં પ્રવેશ પામતાં સમાધિ પ્રગટે છે.

આમ ષડાવશ્યક એ
પરમ સમાધિ પ્રાપ્ત કરવાની
પરમ પવિત્ર આધ્યાત્મિક પ્રક્રિયા છે.

(88) દ્વૈતતત્ત્વ Abstract અર્થાત્ કે અમૂર્ત છે,
અદ્વૈતતત્ત્વ concrete અર્થાત્ કે પ્રત્યક્ષ છે.
દ્વૈતતત્ત્વની ભક્તિમાં પ્રવેશ કરવા માટે
અદ્વૈતવંદન આવશ્યક અત્યંત સહાયક છે, તેથી પ્રથમ
અદ્વૈતવંદન અને પછી ચતુર્વિંશતિ સ્તવ કરાયે છાસે.
(89) સંભેદ પ્રણિધાન તે મંત્રાર્થની પ્રાપ્તિ છે અને
અભેદ પ્રણિધાન તે મંત્રચૈતન્યની જાગૃતિ છે.
શબ્દ યા વાચક સાથે અભેદ તે સંભેદ અને અર્થ
યા વાચ્ય સાથે અભેદ - તે અભેદ પ્રણિધાન છે.
બીજા શબ્દોમાં સંભેદ = મંત્રાર્થ. અભેદ = મંત્રચૈતન્ય.
નમસ્કાર મંત્રમાં મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગના
સાધકને નમસ્કાર હોવાથી તે મોક્ષનું બીજ બને છે,
રાગાદિ દોષોને શમાવનાર તે શાંતિનું કારણ બને છે.
કેવલજ્ઞાનાદિ ગુણને પામેલાને નમસ્કાર હોવાથી
વિનયનું બીજ બને છે, તેથી
જ્ઞાનાદિ ગુણોની તુષ્ટિ એવં પુષ્ટિ થાય છે.
સમિતિ - ગુપ્તિયુક્ત મહાવ્રતોના પાલનહાર તથા બાહ્ય-
અભ્યંતર તપ વડે કર્મેન્દ્રિયને કરનાર સંયમીઓ તથા
તપસ્વીઓને નમસ્કાર હોવાથી શુદ્ધિનું બીજ બને છે,

તેથી ક્ષમાદિ ગુણો વધે અને ક્રોધાદિ વિકારો શમે છે.
શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ થવાની સાથે શુદ્ધિ પણ થાય છે.

નમસ્કાર મંત્ર એ રીતે

ભક્તિ, વિરક્તિ અને અનુભૂતિ જગાવનાર છે, વળી
ભક્તિથી તુષ્ટિ, વિરક્તિથી શાંતિ અને અનુભૂતિથી
પુષ્ટિ કરનાર છે. આત્મગુણોની પુષ્ટિ, અનાત્મભાવથી
વિરક્તિ અને સ્વસંવેદનાત્મક અનુભૂતિ વડે શાંતિ-
તુષ્ટિને કરે છે, તે બધા વડે કર્મમલની વિશુદ્ધિ થાય છે
અને અવ્યાબાધ મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે.
જેમ ભોજન વડે ક્ષુધાની નિવૃત્તિ તે શાંતિ છે અને
શરીર બળવીર્યની પુષ્ટિ તથા મનને તુષ્ટિ - એકસાથે
થાય છે, તેમ પરમેષ્ઠિ નમસ્કાર વડે પણ આત્માને
આધ્યાત્મિક ક્ષુધાની શાંતિ,
આધ્યાત્મિક ગુણોની તુષ્ટિ, પુષ્ટિ, શુદ્ધિ અનુભવાય છે.

(૧૦) આત્મા દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય છે.
અનિત્યતાનો વિચાર વૈરાગ્યને વિકસાવે છે,
નિત્યતાનો વિચાર નિર્ભયતાને લાવે છે.
કૂટસ્થતાનો વિચાર ધ્યાનમાં સ્થિરતા નિપજાવે છે.
સ્વભાવવાદ નિશ્ચિંતતા લાવે છે.

કર્મવાદ અપ્રમાદભાવને શિખવાડે છે.
નિયતિવાદ નિર્ભયતા - નિશ્ચિંતતા - નિર્વિકલ્પતાને લાવે છે.
પરિણામવાદ ક્રિયા અને ક્રિયાના ફળનો
સંબંધ બતાવી ઉદ્યમવાદમાં ઉપકારક થાય છે.

(91) પર્યુષણાપર્વમાં મુનિઓ મુંડન કરાવે છે,
એનું કારણ અનાદિકાળના સંબંધી એવા
કષાયાદિનું મૃત્યુ થાય છે, તેનો શોક દર્શાવે છે, વળી
તે જ પર્વ મૈત્ર્યાદિ શુભભાવોનો જન્મ કરાવનાર છે, તેથી
શ્રમણ સંઘ મહામહોત્સવ પણ ઉજવે છે.

(92) દાન, શીલ, તપ અને ભાવ એ અનુક્રમે ઉદારતા,
સદાચાર, સહિષ્ણુતા અને પરોપકારના પર્યાયો છે.
પરોપકાર એ ભાવધર્મ છે, એથી
ઉદારતા, સદાચાર અને સહિષ્ણુતાની પુષ્ટિ થાય છે.
જ્યાં પરોપકાર છે ત્યાં ઉદારતા છે, ત્યાં સદાચાર છે
અને ત્યાં સહિષ્ણુતા પણ છે, તેથી સ્વોપકાર સધાય છે.
એ રીતે સ્વોપકાર પરોપકારને આધીન છે.

(93) ભવનિર્વેદ અને મોક્ષાભિલાષનો તાત્ત્વિક અર્થ
પોતા તરફથી બીજાને અપકાર અને બીજા તરફથી
પોતાને ઉપકાર, તે ઉપર જીવવાનો કંટાળો તે ભવનિર્વેદ.

પોતા તરફથી બીજાને ઉપકારનો સદ્ભાવ અને
અપકારનો અભાવ તેવું જીવન ઇષ્ટ, તે મોક્ષાભિલાષ.
બીજા તરફથી લીધેલા ઉપકારનો પ્રત્યુપકાર અને બીજાને
કરેલા અપકારની શુદ્ધિ મોક્ષમાં થઈ શકે છે, તેથી તેવા
જીવનની અભિલાષા તે સાચા અર્થમાં મોક્ષાભિલાષા છે.
ભવભ્રમણને ટકાવનાર કોઈ હોય તો તે હિંસાદિ પાપસ્થાનો.
તે પાપસ્થાનોનું મૂળ દેહને ટકાવવાની સ્વાર્થવૃત્તિ છે.

તે સ્વાર્થવૃત્તિ પરપીડામાં પરિણમે છે.

સ્વાર્થવૃત્તિ, બીજા શબ્દોમાં પાપવૃત્તિ રૂપી પંકથી ભરેલા
સંસારમાં એક ક્ષણ પણ અધિક રહેવાની વૃત્તિ અથવા
આકાંક્ષા જેઓની ક્ષીણ થયેલ છે,
તેઓ ભવનિર્વેદ ગુણને પામેલા છે.

ભવનિર્વેદ ગુણ મોક્ષની આકાંક્ષા ઉત્પન્ન કરે છે, કારણ કે
મોક્ષમાં ગયા વિના પરપીડાનો સર્વથા, પરિહાર અશક્ય છે
તથા ભવભ્રમણમાં બીજા તરફથી થતા ઉપકારનો પૂરો
પ્રત્યુપકાર પણ શક્ય નથી. મોક્ષ જ એક એવી
અવસ્થા છે કે ત્યાં ગયા પછી જીવ દેહરહિત થાય છે
એટલે સ્વાર્થવૃત્તિથી મુક્ત થાય છે અને સાદિ
અનંતકાળ માટે તેનું અસ્તિત્વ પરાર્થ માટે જ હોય છે.

મુક્ત જીવો અનંતકાળ સુધી લાધેલાં ઉપકારો કરતાં
અનંતગણો પ્રત્યુપકાર દયા કરે છે.
સ્વાર્થવૃત્તિનો નાશક તથા પરાર્થવૃત્તિનો પોષણ હોવાથી
મોક્ષ એ જ ઉત્તમ જીવોને પ્રાપ્તવ્ય સાધ્ય છે.
સંસારમાં દુષ્કૃત છે માટે તેની ગર્હા અને
મોક્ષમાં સુકૃત છે માટે તેની અનુમોદના
એ જ તાત્ત્વિક ગર્હા અને તાત્ત્વિક અનુમોદના છે.
તાત્ત્વિક શરણાગતિ પણ શુદ્ધાત્મતત્ત્વમાં
રમણતા સ્વરૂપ હોવાથી મોક્ષમાં જ છે.
મોક્ષાભિલાષામાં આમ ત્રણે ઉપાયોનો તાત્ત્વિક સંગ્રહ છે.
(૯૫) ઈશ્વરેચ્છા એટલે ઈશ્વરનો સત્ય સંકલ્પ.
ઈશ્વરના વિશુદ્ધ સત્ત્વ ગુણમય ચિત્તમાં નિરતિશય
ઐશ્વર્યરૂપ ઉત્કૃષ્ટતા અને જ્ઞાન વિદ્યમાન રહે છે.
ઈશ્વરની સર્વોત્કૃષ્ટતામાં પ્રમાણ વેદરૂપ જ્ઞાન છે, જેમાં
અન્ય પ્રમાણ દ્વારા ઈશ્વરની સર્વજ્ઞતાની સિદ્ધિ છે.
ઈશ્વરનો અર્થ છે ઈશનશીલ.
ઈચ્છામાત્રથી, સંકલ્પમાત્રથી
સંપૂર્ણ જગતનો ઉદ્ધાર કરવાને સમર્થ.
ઈશ્વરમાં જગતનો ઉદ્ધાર કરવાનું ઐશ્વર્ય અનાદિ છે

અને તે પ્રભુ અનાદિ વિશુદ્ધ સત્ત્વગુણમય ચિત્તના
અનાદિ સંબંધથી છે. વિશુદ્ધ સત્ત્વગુણમય ચિત્તમાં
અનાદિ ઉત્કૃષ્ટ જ્ઞાનનો સંબંધ છે. એ ચિત્ત વિશુદ્ધ
હોઈને રજસ્-તમસ્થી સર્વથા શૂન્ય સત્ત્વરૂપ છે.

સત્ત્વના સંબંધથી ઈશ્વરમાં
નિત્યજ્ઞાન, નિત્યઈચ્છા તથા નિત્યક્રિયા રહેલાં છે.
'અહો! તાપથી સંતપ્ત સંસારસાગરમાં રહેલા
જીવોનો ઉદ્ધાર જ્ઞાન અને ધર્મોપદેશ વડે કરું'
આવી ઈચ્છા - સંકલ્પ ઈશ્વરમાં સર્વદા રહેલો છે.

ઉપનિષદોમાં કહ્યું છે કે:

न तस्य कार्यं करणं च विद्यते
न तत्समश्चाऽभ्यधिकश्च दृश्यते ।
पराऽस्य शक्तिर्विविधैव श्रूयते
स्वाभाविकी ज्ञानबलक्रिया च ॥१॥

અર્થ: તેને દેહ નથી, ઈંદ્રિયો નથી,
તેના કોઈ તુલ્ય નથી, તેનાથી કોઈ અધિક નથી,
તેની ઉત્કૃષ્ટશક્તિ અનેક પ્રકારની સંભળાય છે,
તેનામાં જ્ઞાન, ઈચ્છાબળ અને ક્રિયા -
અહો સ્વાભાવિક અને નિત્ય છે...(૧)

(95) 'ઈશ્વરને કોઈ પ્રયોજન નથી,
તો તે ઇચ્છા શા માટે કરે છે?' એ શંકા અસ્થાને છે.
તે દયાળુ હોવાથી પ્રાણીઓ પર દયા કરવી તે તેનું પ્રયોજન છે.
ઈશ્વરનો એક નિત્ય અધ્યવસાય - ઇચ્છાવિશેષ છે કે
'પ્રલય - મહાપ્રલય વખતે હું સર્વ પ્રાણીઓનો ઉદ્ધાર કરું.'
જે જેનું ઇષ્ટ છે, તે તેનું પ્રયોજન છે.
ઈશ્વરનું ઇષ્ટ પ્રાણીઓનો ઉદ્ધાર છે, કેમકે તે દયાળુ છે.
દયાળુતાનું પ્રયોજન ઈશ્વરનો સ્વભાવ છે અને
સ્વભાવમાં તર્કને સ્થાન નથી. સ્વભાવોઽતર્કગોચરઃ ।
(96) ઈશ્વર ગુરુઓના પણ ગુરુ છે, કેમકે તે કાળથી
અપરિચ્છિન્ન છે. અહીં 'ગુરુ' શબ્દ પૂજ્ય અને ઉપદેષ્ટા
અર્થમાં છે. રાજા - પ્રજા, સ્વામિ - સેવક આદિ ભાવોમાં
ભેદભાવ અને સ્વાર્થસિદ્ધિની સંભાવના છે.
માતા - પિતાના સંબંધમાં પણ મોહનો સંભવ છે, પરંતુ
ગુરુ - શિષ્યનો સંબંધ કેવળ આધ્યાત્મિક છે, જેમાં
કેવળ 'જ્ઞાન' પ્રાપ્તિ અને આત્મોન્નતિનો જ ઉદ્દેશ છે.
ઈશ્વરની ઉપાસના ગુરુઓના પણ ગુરુઓની બુદ્ધિ
વિહિત છે. ગુરુઓના ગુરુ ઈશ્વર સુધી પહોંચાડે, ઈશ્વર
પ્રણિધાનમાં જોડે, તો તે માનવ 'ગુરુ' બનવાનો અધિકારી છે.

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૬૨)**

હે વત્સ! સર્વ જીવો આ ભગવંતના બાંધવો છે અને આ ભગવંત સર્વ જીવોના બાંધવ છે. (૧) દેવ-મનુષ્ય-તિર્યંચની સ્ત્રીઓ તે ભગવંતોની માતા છે અને આ ભગવંતો તેમના પુત્ર છે. (૨)

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૬૨)**

આ સમ્યક્ત્વ શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્યથી શોભે છે તથા મૈત્રી-પ્રમોદ-કરૂણા-માધ્યસ્થ્યથી ભાવિત થયેલું છે. - ઉપમિતિ

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૬૩)**

સમાપત્તિ એ વિશેષ ધ્યાનસ્વરૂપ છે અથવા ધ્યાનના ફળસ્વરૂપે મનની જે અવસ્થા, તે સમાપત્તિ કહેવાય છે. - ષોડશક

તદ્ એટલે કે ધ્યાતા, ધ્યેય, ધ્યાનને એક કરવું, તે સમરસીભાવ કહેવાયો છે. રાજયોગ, સમાધિ, ઉન્મની, મનોન્મની, અમરતા, લય, શૂન્યાશૂન્ય તત્ત્વ, પરંપદ, અમનસ્ક, અદ્વૈત, નિરાલંબ, નિરંજન, જીવનમુક્તિ, સહજતુર્યા - આ બધા સમાનાર્થી શબ્દો છે. - હઠયોગ પ્રદીપિકા

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૮૦)**

વિકારના કારણો હોવા છતાં પણ જેનું મન વિકૃત થતું નથી, તે જ ધીર પુરૂષો છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૮૭)**

સમતા, સમ્યક્ત્વ, પ્રશસ્ત શાંતિ, સુવિહિત અને અનિંદિત સુખ, દુર્ગંછારહિત, ગર્હારહિત, નિષ્પાપ - આ બધા પણ સમાનાર્થી શબ્દો છે. (૧૦૩૩)

સાવદ્યયોગથી અટકેલો, ત્રણ ગુપ્તિથી ગુપ્ત, છ જીવનિકાયમાં જયણાવાન તથા ઉપયોગપૂર્વક યત્નશીલ આત્મા 'સામાયિક' કહેવાય છે. (૧૪૯)

દ્રવ્યાર્થિકનયના મતે ગુણપ્રતિપન્ન જીવ એ સામાયિક અને પર્યાયાર્થિક નયના મતે જીવનો ગુણ એ સામાયિક છે. (૭૯૨)

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૮૮)**
જ્યાંથી વાણી પાછી ફરે છે અર્થાત્ અનિવર્ચનીય, જ્યાં મનની ગતિ નથી અર્થાત્ અગોચર, એવા આત્માના આનંદને જાણતો કે અનુભવતો પુરૂષ કોઈનાથી પણ ભય પામતો નથી.
- તૈતરીયોપનિષદ્

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૧૧૩)**
હંમેશા મોક્ષને સાધી આપનાર યોગોને સાધે છે અને સર્વ જીવો ઉપર સમાન ચિત્તવાળા હોય છે, તેથી 'સાધુ' કહેવાય છે. (૧) ક્ષમા વગેરે ગુણથી સંપન્ન, મૈત્ર્યાદિગુણથી વિભૂષિત, સદાચારમાં અપ્રમત્ત હોય, તે 'ભાવસાધુ' કહેવાય. (૨)
- ધર્મરત્ન પ્રકરણ

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૧૭)**
ઈશનશીલ અર્થાત્ ઈચ્છામાત્રથી આખા જગતનો ઉદ્ધાર કરવાવાળા હોય તે ઈશ્વર.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૩૪)**
'આ મારો છે', 'આ પરાયો છે', આવી ગણતરી સંકુચિત ચિત્તવાળાને હોય છે. ઉદાર ચિત્તવાનને તો આખું વિશ્વ જ કુટુંબ સમાન છે.

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૪૧)**
કેવલજ્ઞાન વડે લોકને નહીં જાણતા એવા જે લોકો ધર્મનો ઉપદેશ આપે છે, તેઓ પોતાનો અને બીજાનો નાશ કરતા ઘોર, પારાવાર એવા આ સંસારસાગરમાં ભમે છે.
- સૂત્રકૃતાંગ, અ ૬, શ્લોક ૫૪૭

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૫૮)**
આ અસ્થિર અથવા ચંચળ મન જે જે વસ્તુ માટે સંસારભ્રમણ કરે છે, તે તે વિષયોમાંથી તેને રોકીને તેને પરમાત્મામાં જ કેન્દ્રિત કરવું.

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૬૯)**
ડાહ્યો માણસ કોઈપણ પ્રકારે, જીવને સંતોષ આપે, કારણકે તે જ ઈશ્વરનું પૂજન છે. જે કર્મ કર્યું તે અનિત્ય છે.

## પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૮૨)

વિપત્તિમાં વિષાદ ન કરવો, સંપત્તિમાં હર્ષ ન કરવો.
થવાનું હોય તે થાય જ છે. કર્મોની ગતિ એવી જ છે. (૧)
કોઈ ગાળ આપે ત્યારે સામી ગાળ આપવી તે તત્કાળ દુર્ગુણરૂપ થાય છે.
તે ભાષાના દૂષણ જેવી છે, માટે
ત્યારે મૌન રહેવું એ જ (સજ્જન પુરૂષોનું પરમ) ઔષધ છે. (૨)

## પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૮૪)

આ પ્રમાણે હોવા છતાં કર્તા એવા આત્માને પણ જે અકર્તાની બુદ્ધિ હોવાથી કર્તારૂપ જાણતો નથી, તે દુર્મતિ છે.

## પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૮૭)

દરેક જીવમાં સમાનતા તે યોગ છે. દરેક ક્રિયામાં કુશળતા તે યોગ છે. મન-વચન-કાયાની સમાધિ તે યોગ છે. માટે હે અર્જુન! તું યોગી બન.

## પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૨૦૦)

જેવી રીતે પાસા પાડ્યા વિનાના રત્નમાં લોકો પ્રયત્ન કરે છે,
તેવી રીતે સત્તામાત્ર સ્વરૂપે ભાગ્ય હોય,
ત્યારે જગતના જીવો પુરૂષાર્થ કરે છે.
માટે જ આત્મામાં કર્તા અને અકર્તાપણું બંને રહેલું છે.
તેમાં સત્તા સ્વરૂપે આત્મા અકર્તા છે અને
સંનિધિથી અર્થાત્ કર્મથી બંધાતો હોવાથી કર્તા છે. - સાંખ્ય પ્રવચનભાષ્ય ૧-૯૭

# જીવનને આંગણે વવાયું કલ્પવૃક્ષ...

સત્યના કેસર-બરાસમાં ઝબોળીને બહાર કાઢ્યાં હોય તેવા પૂજ્ય પંન્યાસજી મહારાજના હસ્તાક્ષરોથી આવૃત્ત આ અમૃત સમા અધ્યાત્મવચનોના ભાવમાધુર્યમાં તરબોળ થતાં જ જવાય છે, ત્યારે આ અતિશય દુર્લભ એવા માનુષભવમાં દુર્લભતમ એવી ગુરુકૃપા મેળવીને સુધન્યતા અનુભવાય છે! પૂજ્ય પંન્યાસજી મહારાજની આ અનન્ય એવી એક પછી એક ૨૨૪ રોજનીશીઓમાંથી પસાર થતાં સદૈવ મનમાં રમતી હોય છે તેથી જ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજજીની આ પંક્તિઓ કેઃ

'મારે તો ગુરુ ચરણ પસાયે, અનુભવ દિલમાં પેઠો;
ઋદ્ધિ વૃદ્ધિ પ્રકટી ઘટમાંહી, આતમરતિ હુઈ બેઠો!
- મુજ સાહિબ જગનો તૂઠો!!

જીવનના આંગણે અંતિમ ચારેક વર્ષથી કલ્પવૃક્ષ વવાયું છે, તે પૂણ્યને વધાવવા કોઈ શબ્દો પૂરતાં નથી. આ અક્ષરબ્રહ્મમાં છૂપાયેલ નાદબ્રહ્મમાં આપણા સૌના એકમેવ સાધ્ય એવા મોક્ષને ત્વરિત સમીપ લાવી શકે તેવું બળ છે. બસ, હવે તો આપણા જ પુરૂષાર્થની વાર છે... અને એ માટે પણ ગુરુકૃપા તો તૈયાર જ છે.

હવે બહારનો અવાજ અટકતો જાય, અંતરના બજવૈયાને કાન દઈને સાંભળ્યા જ કરું તથા મારા ટૂંકા પનાને ઓળંગતી ગુરુકૃપાની ગંગોત્રી સતત વહો, એવા મનોરથ સંગાથે આજ સુધીના આ ૭,૮૪૦ સુવર્ણપાનાઓની છાબ સાધકોના કરકમલમાં!

**ભારતી દિપક મહેતા**



॥ शुभम् भवतु ॥




ઉપર દર્શાવેલ ૫ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૬૮-૬૯ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# ગુરુ સ્તુતિ




બ્રહ્માનંદં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિં,
દ્વન્દ્વાતીતં ગગનસદૃશં તત્ત્વમસ્યાદિલક્ષ્યં ।
એકં નિત્યં વિમલમચલં સર્વધી સાક્ષિભૂતં,
ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્ગુરું તં નમામિ ॥૧॥
ચૈતન્યં શાશ્વતં શાન્તં વ્યોમાતીતં નિરંજનં ।
નાદબિન્દુકલાતીતં તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥૨॥

પં. ભદ્રંકર વિજય

www.fiestadesigns.in